| | | | | | |
|---|---|---|---|---|---|
| GJBK010005642022 | સત્યમેવ જયતે | દાખલ તારીખ | ૧૭/૦૩/૨૦૨૨ | | |
| | | રજીસ્ટર્ડ તારીખ | ૧૭/૦૩/૨૦૨૨ | | |
| | | નિકાલ તારીખ | ૦૭/૦૪/૨૦૨૬ | | |
| | | સમય ગાળો | વર્ષ | માસ | દિવસ |
| | | | ૦૪ | ૦૦ | ૨૨ |

**નામદાર સુપ્રિમ કોર્ટનાં SUO MOTO WRIT (CRL) NO.(S)1/2017 તથા ક્રિમીનલ મેન્યુઅલનાં ચેપ્ટર–VI નાં 179 A અન્વયેનાં નોટીફીકેશન નં.સી–૨૦૦૧–૯૩, તા.૨૦/૫/૨૦૨૨ નાં ઠરાવેલ પ્રફોર્મા મુજબ.**

## FORM-A

**પાલનપુરના મે. ત્રીજા અધિક સેશન્સ જજ સાહેબશ્રીની અદાલત સમક્ષ.**
**પીયુષકુમાર અશોકભાઇ પટેલ, પાલનપુર.**
**(ચુકાદાની તા. ૦૭/૦૪/૨૦૨૬)**

**સ્પેશ્યલ (એન. ડી. પી. એસ. કેસ નં. ૦૩/૨૦૨૨.**
**આંક–**

**એફ.આઈ.આર.ની વિગતો/ગુન્હો અને પોલીસ સ્ટેશન ::–**

| | |
|---|---|
| પોલીસ સ્ટેશન | અમીરગઢ પો. સ્ટે. પાર્ટ–બી ગુ. રજી. નંબર ૧૧૧૯૫૦૦૩૨૦૦૨૯/૨૦૨૨ |
| ગુન્હો | એન. ડી. પી. એસ. એકટની કલમ ૮(સી), ૨૦(બી)(૨)(સી), ૨૯ |
| તહોમતનામા મુજબ તહોમત | એન. ડી. પી. એસ. એકટની કલમ ૮(સી), ૨૦(બી)(૨)(સી), ૨૯ |
| ફરીયાદી | શ્રી સરકાર (સ્ટેટ ઓફ ગુજરાત) (મૂળ ફરીયાદી : એમ. કે. ઝાલા ઈ/ચા. પોલીસ ઈન્સ.અમીરગઢ ) |
| વિ.એ.પી.પી.શ્રી | આર.પી.વૈષ્ણવ |
| આરોપી | **કિરણકુમાર અમરચંદ નેગી (રાજપૂત)**<br>ઉ.વ. આ. ૪૯, ધંધો. ખેતી,<br>રહે. રાંઘડી, પો. હરીપુર,<br>તા. કુલ્લુ, જિલ્લો. કુલ્લુ (હિમાચલપ્રદેશ) |
| આરોપી તરફે વિ.વ. શ્રી | પી. કે. પઢિયાર. |

## **<u>FORM–B</u>**

| | |
|---|---|
| ગુન્હો બન્યા તારીખ | ૨૦/૦૧/૨૦૧૮ |
| ફરીયાદની તારીખ | ૨૦/૦૧/૨૦૧૮ |
| ચાર્જશીટની તારીખ | ૧૭/૦૩/૨૦૨૨ |
| કેસ કમીટ કર્યા તારીખ | ----- |
| તહોમત ફરમાવ્યાની તારીખ | ૨૨/૧૨/૨૦૨૨ |
| પુરાવો શરૂ કર્યાની તારીખ | ૨૫/૦૭/૨૦૨૩ |
| ચુકાદો અનામત રાખ્યા તારીખ | ૩૦/૦૩/૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | ૦૭/૦૪/૨૦૨૬ |
| સજાના હુકમની તારીખ જો કોઇ હોઇ તો | ૦૮/૦૪/૨૦૨૬ |

**આરોપીની વિગત :–**

| આરોપી નંબર | આરોપીનું નામ | ધરપકડ ની તારીખ | જામીન મુકત કરવામાં આવેલ હોય તો, તેની વિગત | કયા ગુનાનો આક્ષેપ છે? | નિર્દોષ છોડવામાં આવ્યા કે કસુરવાર ? | શું સજા કરી? | ક્રિ.પ્રો. કોડ ની કલમ–૪૨૮ મુજબ ટ્રાયલ પડતર હોય તેવા સમય દરમ્યાન કેટલો સમય કાચા કામનાં કેદી તરીકે રહેલા છે? |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | કિરણકુમાર અમીચંદ નેગી (રાજપૂત) | ૨૫/ ૦૧/ ૨૦૨૨ | યુ.ટી.પી. | એન. ડી. પી. એસ. એકટની કલમ ૮(સી), ૨૦(બી)(૨)(સી), ૨૯ | **કસુરવાર** | | |

# FORM–C

ફરીયાદપક્ષ, બચાવપક્ષ અને કોર્ટના સાહેદોનું લીસ્ટ :–

## (એ) ફરીયાદપક્ષ તરફે :–

| સાહેદ નં. | સાહેદનું નામ | પુરાવાનો પ્રકાર | આંક |
|---|---|---|---|
| ૧ | હસમુખકુમાર નાથાલાલ મોદી | પંચ સાહેદ | ૧૬ |
| ૨ | મેલાપચંદ જીવાજી સોની | મુદ્દામાલ ચરસનું વજન કરનાર | ૫૪ |
| ૩ | દિપ મનહરકુમાર પટેલ | સાયન્ટીફીક ઓફીસર | ૫૬ |
| ૪ | ભરતકુમાર નાથાલાલ દિવાન | પી. એસ. ઓ. | ૫૯ |
| ૫ | મહાવિરસિંહ કાળુસિંહ ઝાલા | ફરીયાદી | ૬૫ |
| ૬ | દિલીપકુમાર રામસિંહ ગઢવી | ત.ક.અ. | ૭૩ |
| ૭ | કૌશિક કિશનલાલ પાટડીયા | ત.ક.અ. | ૯૨ |
| ૮ | અંકુરભાઇ કરમશીભાઇ દેસાઇ | ત.ક.અ. | ૧૦૭ |

## (બી) બચાવપક્ષે સાહેદો જો હોય તો,

| સાહેદ નંબર | સાહેદનું નામ | કયા પ્રકારનો સાહેદ/પુરાવો |
|---|---|---|
| – | – | – |

## (સી) કોર્ટ સાહેદો જો હોય તો,

| સાહેદ નંબર | સાહેદનું નામ | કયા પ્રકારનો સાહેદ / પુરાવો |
|---|---|---|
| – | – | – |

**ફરીયાદપક્ષ તરફે આંકે પડેલા દસ્તાવેજી પુરાવાઓ :–**

**:: દસ્તાવેજી પુરાવાઓ ::**

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧ | ગુનાવાળી જગ્યાએ ઝડતી તપાસ કર્યાનું પંચનામું | ૧૭ |
| ૨ | પંચોની સહીઓ વાળી કાપલીઓ | ૧૮ થી ૩૨ |
| ૩ | પંચોની સહીઓ વાળી કાપલીઓ | ૩૩ થી ૪૭ |

| | | |
|---|---|---|
| ૪ | સીઝરમેમો | ૪૮ |
| ૫ | નજર કેદ રાખવા બદલની નોટીસ | ૪૯ |
| ૬ | ઝડતી ઠરાવ | ૫૦ |
| ૭ | સમજ કર્યા અંગેની નોટીસ | ૫૧ |
| ૮ | સમજપત્ર (નોટીસ) | ૫૨ |
| ૯ | પ્રમાણ પત્ર | ૫૫ |
| ૧૦ | ડી. એફ. એસ. ગાંધીનગરનો સ્થળ પરીક્ષણ અહેવાલ | ૫૭ |
| ૧૧ | ડી.એફ.એસ. ગાંધીનગરને લખેલ પત્ર | ૫૮ |
| ૧૨ | ગુનો દાખલ કરવા અંગેની ચાદી | ૬૦ |
| ૧૩ | સુચીપત્ર | ૬૧ |
| ૧૪ | ફરીચાદ | ૬૬ |
| ૧૫ | મુદ્દામાલની ભૌતિક ચકાસણી કરી સર્ટીફીકેટ મેળવવા અંગેનો રિપોર્ટ તથા રિપોર્ટ સાથે એનેક્ષર–૧ | ૬૮ |
| ૧૬ | ઈન્વેટરી રિપોર્ટ | ૬૯ |
| ૧૭ | એન.ડી.પી.એસ.લગતની રેઈડ અંગેની જાણ કરતી ચાદી | ૭૪ |
| ૧૮ | પંચો ફાળવવાની ચાદી | ૭૫ |
| ૧૯ | મળેલ જથ્થાનું વજન કરી પ્રમાણ પત્ર આપવાની ચાદી | ૭૬ |
| ૨૦ | નાર્કોટીકસના જથ્થાનું સ્થળ ઉપર પધારી પરીક્ષણ કરવાની ચાદી | ૭૭ |
| ૨૧ | એન.ડી.પી.એસ. લગત સફળ રેઈડની જાણ કરતી ચાદી | ૭૮ |
| ૨૨ | સી.ડી.આર.ફોર્મ | ૭૯ થી ૮૩ |
| ૨૩ | આરોપીની મેડીકલ તપાસણી કરવા સારૂની ચાદી | ૯૩ |

| | | |
|---|---|---|
| ૨૪ | આરોપીનું કોવીડ–૧૯ ટેસ્ટ અંગેનો રિપોર્ટ | ૯૪ |
| ૨૫ | અટક મેમો | ૯૫ |
| ૨૬ | કોલ ડિટેઇલ્સ મેળવવા નોડલ ઓફીસરશ્રીને કરેલ અરજી | ૯૬ |
| ૨૭ | એસ.ઓ.જી.નું સરકારી વાહન લોગબુકનો ઉતારો | ૯૭ |
| ૨૮ | આરોપીનું મેડીકલ સર્ટી. | ૯૮ |
| ૨૯ | રવાનગી નોંધ | ૯૯ |
| ૩૦ | કોલ ડિટેઇલ્સ મેળવવા નોડલ ઓફીસરશ્રીને કરેલ અરજી | ૧૦૦ |
| ૩૧ | મુદ્ધામાલ મળ્યા બદલ એફ.એસ.એલ.એ આપેલ પહોંચ | ૧૦૧ |
| ૩૨ | આરોપીનું કોવીડ–૧૯ નો ટેસ્ટ કરવા અંગેની ચાદી | ૧૦૨ |
| ૩૩ | આરોપીની મેડીકલ તપાસણી કરવા મેડીકલ ઓફીસરને કરેલ ચાદી | ૧૦૩ |
| ૩૪ | આરોપીનો કોવીડ–૧૯ નો રિપોર્ટ | ૧૦૪ |
| ૩૫ | આરોપીની કોલ ડિટેઇલ્સ | ૧૦૫ |
| ૩૬ | કોલ ડિટેઇલ્સ મેળવવા માટે નોડલ ઓફીસરશ્રીને કરેલ અરજી | ૧૦૬ |
| ૩૭ | આરોપીની મેડી.તપાસણી કરવા અંગેની ચાદી | ૧૦૭ |
| ૩૮ | મુદ્ધામાલ નાશ કરવા અંગેનો રિપોર્ટ | ૧૦૯ |
| ૩૯ | ડી.એફ.એસ.નો પત્ર | ૧૧૦ |
| ૪૦ | ડી.એફ.એસ. નો અહેવાલ | ૧૧૧ |
| ૪૧ | ડ્રગ ડીસ્પોઝલ કમીટીના સભ્યોની રૂબરૂ થયેલ રોજકામ | ૧૧૨ |
| ૪૨ | મુદ્ધામાલનું નાશ કરવાનું પંચનામું | ૧૧૩ |
| ૪૩ | ગુનામાં સંડોવાયેલ મુદ્ધામાલ નાશ કરવા બાબતે જાણ કરતો પત્ર | ૧૧૪ |
| ૪૪ | મુદ્ધામાલ નાશ કર્યા અંગેનું સર્ટી. | ૧૧૫ |
| ૪૫ | ડી.એફ.એસ. તરફથી અમીરગઢ પો.સ.ઈ.શ્રીને પરીક્ષણ બાબતે મોકલાવેલ પત્ર | ૧૧૬ |

| | | |
|---|---|---|
| ૪૬ | મુદ્દામાલના નિકાલ કર્યા અંગેની જાણ કરવા અંગેનો પત્ર | ૧૧૭ |
| ૪૭ | મુદ્દામાલ નિકાલ કર્યા બાબતે વિડીયોગ્રાફીનું સર્ટી. તથા તે વિડીયોગ્રાફી મેળવી લેવા અમરીગઢ પોલીસ સ્ટેશનને પત્રથી જાણ કરેલ તે પત્ર | ૧૧૮ |

**બચાવપક્ષ તરફે આંકે પડેલા દસ્તાવેજો :–**

| **અ.નં.** | **દસ્તાવેજનું નામ** | **દસ્તાવેજનું વર્ણન** |
|---|---|---|
| – | – | – |

**કોર્ટ તરફે આંકે પડેલા દસ્તાવેજો :–**

| **અ.નં.** | **દસ્તાવેજનું નામ** | **દસ્તાવેજનું વર્ણન** |
|---|---|---|
| – | – | – |

**મુદ્દામાલની વિગત :–**

| **અ.નં.** | **આર્ટીકલ નંબર** | **મુદ્દામાલની વિગત** |
|---|---|---|
| ૧ | મુ.પા.નં.૯/૨૦૨૨ | અનુ.નં.૧ થી ૪૩ માં જણાવ્યા મુજબ સેમ્પલ અર્થે કબજે લીધેલ મુદ્દામાલ માદક પદાર્થ ચરસ |
| ૨ | મુ.પા.નં.૯/૨૦૨૨ | અનુ.નં.૪૬ માં જણાવેલ વાહનની આર.સી.બુકની ઝેરોક્ષ નકલ |
| ૩ | મુ.પા.નં.૯/૨૦૨૨ | અનુ.નં.૪૭ માં જણાવેલ આરોપીનું આધારકાર્ડ |
| ૪ | મુ.પા.નં.૯/૨૦૨૨ | અનુ.નં.૪૮ થી ૫૨ માં જણાવેલા એન્ડ્રોઈડ |
| ૫ | મુ.પા.નં.૯/૨૦૨૨ | મોબાઈલ ફોન તથા સીમકાર્ડ |
| ૬ | મુ.પા.નં.૯/૨૦૨૨ | અનુ.નં.૫૩ માં જણાવેલ ભારતીય ચલણી જુદા જુદા દરની નોટ નંગ. ૧૯ |

| | | |
|---|---|---|
| ૭ | મુ.પા.નં.૯/૨૦૨૨ | અનુ.નં.૫૪માં જણાવેલ આરોપીનું પાનકાર્ડ |
| ૮ | મુ.પા.નં.૯/૨૦૨૨ | અનુ.નં.૫૫ તથા ૫૬ માં જણાવેલ બેંકનું ડેબિટકાર્ડ |
| ૯ | મુ.પા.નં.૯/૨૦૨૨ | અનુ.નં.૫૭ માં જણાવેલ બેંકનું એટીએમકાર્ડ |
| ૧૦ | મુ.પા.નં.૯/૨૦૨૨ | અનુ.નં.૫૫ તથા ૫૬ માં જણાવેલ વાહન |

## –:: જજમેન્ટ ::–

૧. આ કામના આરોપી વિરૂધ્ધ ધી એન.ડી.પી.એસ એકટની કલમ–૮(સી), ૨૦(બી) (ii) (સી) તથા ૨૯ મુજબના ગુનાનું ચાર્જશીટ મે. સ્પે. એડીશનલ સેશન્સ જજ સાહેબશ્રી, પાલનપુર કોર્ટમાં રજૂ કરવામાં આવેલ, જે સ્પેશીયલ એન.ડી.પી.એસ કેસ નં.૩/૨૦૨૨ થી રજીસ્ટરે નોંધવામાં આવેલ છે અને ત્યાર બાદ સદર કેસનો ગુણદોષ ઉપર નિર્ણય કરવા સારુ આ કેસ અત્રેની કોર્ટને ટ્રાન્સફર કરવામાં આવેલ.

૨. ફરીયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, તા.૨૦/૧/૨૦૨૨ ના રોજ અમીરગઢ પો.સ્ટાફના માણસો અમીરગઢ બોર્ડર પોલીસ ચેકપોસ્ટ ઉપર વાહન ચેકીંગમાં હતા તે દરમ્યાન આરોપી કિરણકુમાર અમરચંદ નેગી (રાજપુત) પોતાના કબજા ભોગવટાની સફેદ કલરની હયુન્ડાઈ કંપનીની આઇ–૨૦ ગાડી નં. એચપી. ૩૪. ડી. ૧૫૩૯ માં ગેરકાયદેસર અને બિનઅધિકૃત માદક પદાર્થ ચરસના જથ્થો જેનું કુલ વજન–૧૪.૬૪૩ કિ.ગ્રામ, કિંમત રૂા.૧,૪૬,૪૩,૦૦૦/–નો રાખી હેરાફેરી કરી હયુન્ડાઈ કંપનીની આઇ–૨૦ ગાડી કિ.રૂા.૫,૦૦,૦૦૦ /– તથા મોબાઈલ ફોન કુલ નંગ–૫, કિ.રૂા.૨૩,૦૦૦/– તથા

રોકડ રકમ રૂા.૨૩,૪૦૦/– તથા આધારકાર્ડ–૧ તથા પાનકાર્ડ–૧ તથા અલગ– અલગ બેન્કના એ.ટી.એમ. કાર્ડ નંગ–૪ તથા આર. સી. બુકની કલર ઝેરોક્ષ કોપી કિ.૦૦.૦૦ એમ મળી કુલ કિંમત રૂા. ૧,૫૧,૮૯,૪૦૦/–ના મુદ્દામાલ સાથે વાહન ચેકીંગ દરમ્યાન પકડાઈ જઈ અને સદરહું પકડાયેલ આરોપીને માદક પદાર્થ ચરસનો જથ્થો અન્ય ભાગતા ફરતા સહ આરોપી સુરજ સંદેશભાઈ બાગલે, રહે.૮૫/૧૦૧ એમ્પાયર વ્યુ શેરે પંજાબ, પ્રેમલેન મુંબઈ, ૯૩ વાળાઓએ હિમાચલ પ્રદેશ રાજ્યના મણીકર્ણ નજીકથી આપેલ હતો અને આ ચરસનો અડધો જથ્થો ગોવા મુકામે અન્ય ભાગતા ફરતા સહ આરોપી સુમિત રોહતાસ માતાદી સુદ (ગુજ્જર), રહે. સી–૫, ૨૭૬ ફર્સ્ટ ફ્લોર સેકટર ૬, રોહીણી પો.સ્ટે. નોર્થ રોહીણી દિલ્હી, ૧૧૦૮૫, મુળ રહે. થનવાસ, તા. નાંગલચૌધરી જિ. મહેન્દ્રગઢ, હરીયાણાવાળાને તથા ચરસનો અડધો જથ્થો મુંબઈ મુકામે અન્ય નાસતા ફરતા સહઆરોપી રવિન્દ્રસિંહ ઉર્ફે બિટસ સ./ઓ. જયપાલસિંહ સુરતસિંહ જાટ, રહે. સી–૪૧૩, ગલી નં. ૨૩, સાઈકુંજ, ન્યુ પાલમવિહાર, ગુડવાંવ, હરીયાણાવાળાઓને આપવા સારૂ પોતાના કબજામાં રાખી ગોવા તથા મુંબઈ પહોંચી મોબાઈલ ફોનથી સંપર્ક કરી આ પકડાયેલ ચરસનો જથ્થો પહોંચાડવાનો હતો અને ચરસનો જથ્થો પહોંચાડવા પેટે એક કિલો ચરસ દીઠ રૂા. ૪૦,૦૦૦/– નકકી કરેલ હતા અને જે રૂપિયા ગોવા તથા મુંબઈ મુકામેથી અન્ય નાસતા ફરતા સહ આરોપી સુમિત અને રવિન્દૂનાઓ પાસેથી લેવાના હતા અને સદરહું આરોપી કિરનકુમાર અને અન્ય નાસતા ફરતા ત્રણેય આરોપીઓએ એકબીજા સાથે સંપર્કમાં રહી હેરાફેરી દરમ્યાન પણ મોબાઈલથી સંપર્કમાં રહી આંતરરાજ્ય હેરાફેરી કરી ગુનો કરવામાં એકબીજાને મદદગારી કરી, પોલીસ નાકાબંધી દરમ્યાન મળી આવી, પકડાઈ જઈ ધી એન.ડી.પી.એસ એકટની કલમ–૮(સી), ૨૦(બી) (ii) (સી) તથા ૨૯ મુજબનો ગુનો કર્યા

અંગેની હાલની ફરીયાદ, ફરીયાદીએ આરોપી વિરૂધ્ધ અમીરગઢ પોલીસ સ્ટેશનના પી.આઈ રૂબરૂ આપતાં, ફરીયાદીની ફરીયાદ આધારે પોલીસે અમીરગઢ પો. સ્ટે. પાર્ટ–બી ગુ. રજી. નં. ૧૧૧૯૫૦ ૦૩૨૦૦૨૯/૨૦૨૨ થી ગુનો રજીસ્ટ્રરે લઈ તપાસ હાથ ધરેલ, તપાસ દરમ્યાન જરૂરી પંચનામાં કરેલ, લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલા. ત્યાર બાદ, તપાસને અંતે આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો હોવાનું જણાતાં ઉપરોકત ગુનાનું ચાર્જશીટ દાખલ કરેલ.

સદરહું ચાર્જશીટ દાખલ થતાં અદાલતે તેનું કોગ્નાઇઝન્સ લઇ તેને યોગ્ય તે રજીસ્ટરે નોંધવાનો હુકમ કરેલો અને આરોપી જયુડી. કસ્ટડીમાં હોવાથી તેને રજૂ રાખવાનો હુકમ કરેલો.

૩. ત્યારબાદ આરોપીને અદાલત સમક્ષ જેલ ઓથોરીટી ધ્વારા હાજર કરવામાં આવતાં તેને પોલીસ પેપર્સની તમામ નકલો પૂરી પાડવામાં આવેલી. પોલીસ પેપર્સની નકલો પૂરી પાડયા બાદ આરોપીને તે સ્વખર્ચે વકીલ રોકવા માંગે છે કે, તેને મફત કાનુની સહાય માંથી વકીલ મેળવવા છે તે બાબતે પૂછતાં તેણે સ્વખર્ચે વકીલ રાખવા નથી અને મફત કાનુની સહાય મેળવવા માંગે છે જેથી જિલ્લા કાનુની સેવા સત્તા મંડળ ધ્વારા તેને મફત કાનુની સહાય પૂરી પાડવામાં આવેલી અને તેના માટે વિ. સીની. વકીલશ્રી પી. કે. પઢિયારની નિમણૂંક કરવામાં આવેલી. સદરહું કેસ ત્યારબાદ અત્રેની અદાલત સમક્ષ વધુ કાર્યવાહી માટે આવેલો. રેકર્ડ ધ્યાને લેતાં ફરીયાદપક્ષે ડી. ઇ. લીસ્ટ રજૂ કરેલાનું પણ જણાઇ આવે છે અને તે ડી. ઇ. લીસ્ટની નકલો પૂરી પાડવામાં આવેલ ત્યારબાદ એ. પી. પી. શ્રી તથા આરોપીના વિ. વ. શ્રીને ચાર્જ અંગેની દલીલો સાંભળ્યા બાદ આરોપી વિરૂધ્ધ તહોમતનામું ફરમાવવામાં આવેલું. ત્યારબાદ સબબ તહોમતનામા લગત આરોપીએ પોતાને ગુનો કબુલ ન હોવાનું જણાવતાં ફરીયાદપક્ષને પોતાનો કેસ પુરવાર કરવા માટે સાહેદો તપાસવા

જણાવવામાં આવેલું.

૪. આ કામના આરોપી વિરૂધ્ધ મારી અગાઉના પુરાગોમી ન્યાયાધીશ શ્રીએ તા. ૨૨/૧૨/૨૦૨૨ ના રોજ ધી એન.ડી.પી.એસ એકટની કલમ ૮(સી), ૨૦ (બી) (ii) (સી) તથા ૨૯ મુજબના ગુન્હાનું આંક–૧૧ થી તહોમતનામું ફરમાવી, આંક–૧૨ થી આરોપીનો જવાબ લેતાં આરોપીએ ગુન્હો કબુલ કરેલ નથી અને કેસ આગળ ચલાવવા માંગે છે તેમ જણાવેલ છે. જેથી ફરીયાદ પક્ષે કેસની કાર્યવાહી આગળ ચલાવી નીચે મુજબનો મૌખિક અને દસ્તાવેજી પુરાવો નોંધવામાં આવેલ છે.

૫. ત્યારબાદ આ કામે, ફરીયાદ પક્ષ તરફે ફોર્મ–સી માં જણાવ્યા મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજૂથયેલ છે.

૬. ઉપર મુજબનો પુરાવો નોંધ્યા બાદ, ફરીયાદપક્ષે વિ.પી.પી.શ્રીએ આંક.૧૧૯ થી કલોજીંગ પુરશીશ રજૂ કરતાં ફરીયાદપક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલ. ત્યારબાદ આરોપીનું ક્રિમી.પ્રોસી.કોડની ક. ૩૧૩ હેઠળ વધારાનું નિવેદન નોંધવામાં આવેલ છે, જેમાં આરોપીએ ફરીયાદપક્ષે લેવામાં આવેલ પુરાવાનો મહદઅંશે ઈન્કાર કરી, વિશેષમાં જણાવેલ છે કે, " હું હિન્દી ભાષી છું. તપાસ અમલદારે અમોને પૂછયા વગર એક તરફી ખોટી તપાસ કરી, ચાર્જશીટ કરેલ છે. અમો નિર્દોષ છીએ. હું ભાડાથી રેસ્ટહાઉસ લઈ ચલાવું છું. ગરીબ માણસ છું. મારી સામે ખોટો કેસ કરેલ છે. " તેવી રજૂઆત કરેલ છે. ત્યારબાદ, આરોપી પક્ષે તેમના વિ.વકીલશ્રી તથા ફરીયાદ પક્ષ તરફે વિ. પી. પી. શ્રી ની દલીલ સાભંળવામાં આવી.

૭. ફરીયાદપક્ષ તરફે પી.પી.શ્રી આર.પી.વૈષ્ણવને સાંભળ્યા. ફરીયાદપક્ષ

તરફે પી.પી.શ્રીએ દલીલો કરેલ છે કે, તા.૨૦/૧/૨૦૨૨ના રોજ અમીરગઢ પો. સ્ટાફના માણસો અમીરગઢ બોર્ડર પોલીસ ચેકપોસ્ટ ઉપર વાહન ચેકીંગમાં હતા તે દરમ્યાન આરોપી કિરણકુમાર અમરચંદ નેગી (રાજપુત) પોતાના કબજા ભોગવટાની સફેદ કલરની હયુન્ડાઈ કંપનીની આઇ–૨૦ ગાડી નં. એચપી. ૩૪. ડી. ૧૫૩૯ માં ગેરકાયદેસર અને બિનઅધિકૃત માદક પદાર્થ ચરસના જથ્થો જેનું કુલ વજન–૧૪.૬૪૩ કિ.ગ્રામ, કિંમત રૂા.૧,૪૬,૪૩,૦૦૦/–નો રાખી હેરાફેરી કરી હયુન્ડાઈ કંપનીની આઇ–૨૦ ગાડી નં. એચપી. ૩૪. ડી. ૧૫૩૯ ગાડી કિ.રૂા.૫,૦૦,૦૦૦/– તથા મોબાઈલ ફોન કુલ નંગ–૫, કિ.રૂા.૨૩,૦૦૦/– તથા રોકડ રકમ રૂા.૨૩,૪૦૦/– તથા આધારકાર્ડ–૧ તથા પાનકાર્ડ–૧ તથા અલગ–અલગ બેન્કના એ.ટી.એમ. કાર્ડ નંગ–૪ તથા આર.સી.બુકની કલર ઝેરોક્ષ કોપી કિ.૦૦.૦૦ એમ મળી કુલ કિ.રૂા.૧,૫૧,૮૯,૪૦૦/–ના મુદ્દામાલ સાથે વાહન ચેકીંગ દરમ્યાન પકડાઈ જઈ અને સદરહું પકડાયેલ આરોપીને માદક પદાર્થ ચરસનો જથ્થો અન્ય ભાગતા ફરતા સહ આરોપી સુરજ સંદેશભાઈ બાગલે, રહે.૮૫/૧૦૧ એમ્પાયર વ્યુ શેરે પંજાબ, પ્રેમલેન મુંબઈ, ૯૩ વાળાઓએ હિમાચલ પ્રદેશ રાજ્યના મણીકર્ણ નજીકથી આપેલ હતો અને આ ચરસનો અડધો જથ્થો ગોવા મુકામે અન્ય ભાગતા ફરતા સહ આરોપી સુમિત રોહતાસ માતાદી સુદ (ગુજજર), રહે.સી–૫, ૨૭૬ ફર્સ્ટ ફલોર સેકટર ૬, રોહીણી પો.સ્ટે. નોર્થ રોહીણી દિલ્હી, ૧૧૦૮૫, મુળ રહે. થનવાસ, તા. નાંગલચૌધરી, જિ.મહેન્દ્રગઢ, હરીયાણાવાળાને તથા ચરસનો અડધો જથ્થો મુંબઈ મુકામે અન્ય નાસતા ફરતા સહ આરોપી રવિન્દ્રસિંહ ઉર્ફે બિટસ સ./ઓ. જયપાલસિંહ સુરતસિંહ જાટ, રહે. સી–૪૧૩, ગલી નં.૨૩, સાઈકુંજ, ન્યુ પાલમવિહાર, ગુડવાંવ, હરીયાણાવાળાઓને આપવા સારૂ પોતાના કબજામાં રાખી ગોવા તથા મુંબઈ પહોંચી મોબાઈલ ફોનથી સંપર્ક કરી આ પકડાયેલ ચરસનો જથ્થો

પહોંચાડવાનો હતો અને ચરસનો જથ્થો પહોંચાડવા પેટે એક કિલો ચરસ દીઠ રૂા. ૪૦,૦૦૦/– નકકી કરેલ હતા અને જે રૂપિયા ગોવા તથા મુંબઈ મુકામેથી અન્ય નાસતા ફરતા સહ આરોપી સુમિત અને રવિન્દૂનાઓ પાસેથી લેવાના હતા અને સદરહું આરોપી કિરનકુમાર અને અન્ય નાસતા ફરતા ત્રણેય આરોપીઓએ એકબીજા સાથે સંપર્કમાં રહી હેરાફેરી દરમ્યાન પણ મોબાઈલથી સંપર્કમાં રહી આંતરરાજય હેરાફેરી કરી ગુનો કરવામાં એકબીજાને મદદગારી કરી, પોલીસ નાકાબંધી દરમ્યાન મળી આવી, પકડાઈ જઈ ધી એન.ડી.પી.એસ એકટની કલમ–૮(સી), ૨૦(બી) (ii) (સી) તથા ૨૯ મુજબનો ગુનો કર્યા અંગેની હાલની ફરીયાદ, ફરીયાદીએ આરોપી વિરૂધ્ધ અમીરગઢ પોલીસ સ્ટેશનના પી.આઈ રૂબરૂ આપતાં, ફરીયાદીની ફરીયાદ આધારે પોલીસે અમીરગઢ પો. સ્ટે. પાર્ટ–બી ગુ. રજી. નં. ૧૧૧૯૫૦ ૦૩૨૦૦૨૯/૨૦૨૨ થી ગુનો રજીસ્ટ્રરે લઈ તપાસ હાથ ધરેલ, તપાસ દરમ્યાન જરૂરી પંચનામા કરેલ, લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલા. ત્યારબાદ, તપાસને અંતે આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો હોવાનું જણાતાં ઉપરોકત ગુનાનું ચાર્જશીટ દાખલ કરેલ છે. આ કામે ફરીયાદપક્ષ તરફથી આ કામે રજૂ કરવામાં આવેલ મૌખિક અને દસ્તાવેજી પુરાવા દવારા આરોપી વિરુધ્ધનો કેસ તમામ વ્યાજબી શંકાથી પર નિ:શંકપણે પુરવાર થાય છે. આરોપી વિરુધ્ધના ગુનો સમાજ વિરોધી તેમજ ગંભીર પ્રકારનો છે અને આવા ગુનાહિત કૃત્યમાં સામાન્ય ક્ષતિના કારણે તેનો લાભ આરોપીને આપી દેવો યોગ્ય નથી. આ કામે એન.ડી.પી.એસ. એક્ટની કલમ–૪૨ મુજબની જોગવાઈનો કોઈ ભંગ થતો નથી. તેમજ એન.ડી.પી.એસ. એક્ટની કલમ–૫૦ મુજબની જોગવાઈનો પણ કોઈ ભંગ થતો નથી. આરોપીની કોઈ પર્સનલ સર્ચ કરવામાં આવેલ નથી અને તેથી કલમ–૫૦ ની જોગવાઈ લાગુ પાડી શકાય નહીં. પ્રોસીકયુશન તરફથી રજૂ કરવામાં આવેલ સક્ષમ પુરાવા ધ્વારા આરોપી વિરુધ્ધનો કેસ પુરવાર

થાય છે. પોલીસને આરોપીની સાથે કોઈ અંગત અદાવત નથી, આરોપીને ખોટી રીતે સંડોવવા માટે પોલીસને કોઈ કારણ નથી. તમામ પુરાવાઓને એકબીજા સાથે સાંકળતી સ્પષ્ટ કડી મળી આવે છે. તેથી, આરોપી વિરૂધ્ધનો ગુન્હો પુરવાર થયેલ માની આરોપીને સજા કરવા વિનંતી છે.

૮. આરોપી તરફે (લીગલએઈડ કાઉન્સેલ) વિ. વકીલ શ્રી પી. કે. પઢિયારએ રજૂઆત કરેલ છે કે, આ કામે ફરીયાદપક્ષ આંક–૧૧ થી આરોપી વિરુધ્ધ મુકેલ તહોમત પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે, આ કામે એન.ડી.પી.એસ એકટ કલમ–૪૨ તથા ૫૦ નો સ્પષ્ટપણે ભંગ થાય છે. કાયદાની કલમ ૪૨ તથા ૫૦ની જોગવાઈઓ આદેશાત્મક જોગવાઈઓ છે અને તેવી જોગવાઈઓનું ચુસ્તપણે પાલન કરવું પડે અને તેવી જોગવાઈઓનું પાલન થયું ન હોય અને ભંગ થયેલ હોય તો આરોપી વિરુધ્ધનું તહોમત સાબીત થઈ શકે નહીં તે મુજબ આ કામે જોતા, કલમ ૪૨ તથા ૫૦ની જોગવાઈઓનું પાલન થયેલ નથી તેવું રેકર્ડ ઉપર આવેલા પુરાવાથી સ્પષ્ટ થાય છે. આરોપીના સભાનતા પુર્વકના કબજામાંથી મુદ્દામાલ મળી આવેલ હોવાનું પુરવાર થતું નથી. તેઓ વધુમાં જણાવે છે કે, આ કામે ફરીયાદપક્ષે સ્વતંત્ર સાહેદોને તપાસેલા નથી અન્ય પોલીસ કર્મચારી ઓને પણ તપાસેલા નથી. પંચનામાં વખતે લેપટોપ કે પ્રિન્ટર હતું તેવો પંચનામામાં કોઈ ઉલ્લેખ નથી. તેઓ વધુમાં જણાવે છે કે, પંચનામું પાંચ કલાક ચાલેલું જે સુર્યાસ્ત બાદ પણ ચાલેલું જેથી કલમ ૪૨ નો ભંગ થાય છે. ઉલટતપાસમાં પંચનામું ઝાલા સાહેબે લખાવેલ તેમ પંચે સ્વીકારેલ છે પરંતુ પંચનામું ગઢવી સાહેબે કરેલું તેથી પંચનામાની વિગતો પુરવાર થતી નથી. પંચે જણાવેલ છે કે, તેનું નિવેદન ત.ક.અ. એ નોંધેલ નથી. પંચનામું કયાં લખાએલું તે પણ સ્પષ્ટ થતું નથી તેથી પંચનામું શંકાસ્પદ છે. ફરીયાદ નોંધાવી તે

સમયે સ્થળ, સમય તથા તારીખ તેમાં નોંધેલ નથી તેથી પણ તે શંકાસ્પદ છે. આ કામે મોટી માત્રામાં મુદ્દામાલ માદક પદાર્થ પકડાયેલ હોવાછતાં આરોપીએ કયાંથી મેળવેલ તે અંગેની કોઇ લીંક મળી આવેલ નથી. તેના બેંક ખાતાના ટ્રાન્જેકશનો રજૂ કરેલ નથી. તે મુદ્દામાલ તેને કયાં આપવાનો હતો તે બાબતના પણ કોઇ પુરાવા મળી આવેલ નથી. મુદ્દામાલ એફ. એસ. એલ. ખાતે ચાર–દિવસ બાદ મોકલાવેલ. મુદ્દામાલ એફ. એસ. એલ. માં કેવી રીતે પહોંચ્યો, કયારે પહોંચ્યો તે બાબતનો પણ કોઇ પુરાવો નથી. તે ઉપરાંત આરોપીની ધરપકડ કરી તેની જાણ ઉપરી અધિકારીને કરવામાં આવેલ ન હોવાથી કલમ ૫૭ નો પણ ભંગ થાય છે તેથી પણ આરોપી નિર્દોષ છુટવા હકકદાર હોવા બાબતની તેમને દલીલો કરેલ છે. આ ઉપરાંત આ કામે તેઓએ આંક.૧૨૨ થી લેખિત દલીલો રજૂ કરેલ છે જે વંચાણે લેવા તેમજ તેમની દલીલોના સમર્થનમાં તેઓએ નીચે જણાવેલ ચુકાદા રજૂ કરી તે ચુકાદાઓ ઉપર આધાર રાખેલ છે જે સમગ્ર મૌખિક દલીલ તથા ચુકાદાઓ વંચાણે લીધા.

૧. ૨૦૦૭(૨) જી.એલ.એચ. ૨૧૬
   પટેલ બાબુભાઈ ઈશ્વરલાલ અને બીજાઓ વિ. સ્ટેટ ઓફ ગુજરાત.
૨. સુપ્રિમ કોર્ટ ઓફ ઈન્ડીયા
   કિશનચંદ વિ. સ્ટેટ ઓફ હરિયાણા (કિ.અ.નં.૧૩૭૫/૦૮)
૩. સુપ્રિમ કોર્ટ ઓફ ઈન્ડીયા
   ગુરૂજંતસીંગ વિ. સ્ટેટ ઓફ પંજાબ (કિ.અ.નં.૧૮૬૮/૧૩)
૪. સુપ્રિમ કોર્ટ ઓફ ઈન્ડીયા
   મખનસીંગ વિ. સ્ટેટ ઓફ હરિયાણા (કિ.અ.નં.૬૮૨/૧૫)
૫. સુપ્રિમ કોર્ટ ઓફ ઈન્ડીયા
   દલપતસીંગ વિ. સ્ટેટ ઓફ પંજાબ (કિ.અ.નં.૧૦૯૬/૧૬)

૬. સુપ્રિમ કોર્ટ ઓફ ઈન્ડીયા
સ્ટેટ ઓફ ગુજરાત વિ. અબ્દુલગની ગુલામરસુલ ભટ્ટ
(કિ.અ.નં.૧૨૬૧/૨૦૦૬)

૭. ગુજરાત હાઈકોર્ટ
ધરમવીર પ્રસાદ ઉર્ફે ધર્મબીર પ્રસાદ વિ. સ્ટેટ ઓફ બિહાર
(કિ.અ.નં.૧૩૨૮/૨૦૧૨)

૮. ગુજરાત હાઈકોર્ટ
સ્ટેટ ઓફ ગુજરાત વિ. ઈબ્રાહીમ (કિ.અ.નં.૨૩૬૭/૨૦૦૬)

૯. ગુજરાત હાઈકોર્ટ
સ્ટેટ ઓફ ગુજરાત વિ. સોનીબેન મોગજીભાઈ મકનભાઈ
તંબોલીયાના (કિ.અ.નં.૧૩૭૫/૨૦૦૮)

૧૦. સુપ્રિમ કોર્ટ ઓફ ઈન્ડીયા
સુરેશ અને બીજાઓ વિ. સ્ટેટ ઓફ મધ્યપ્રદેશ
(કિ.અ.નં.૩૦૦/૨૦૦૯)

૧૧. ગુજરાત હાઈકોર્ટ
સ્ટેટ ઓફ ગુજરાત વિ. અબ્દુલ ગફાર કાદરમીયા ઉર્ફે
રાજપુતબાપુ સૈયદ અને બીજાઓ (કિ.અ.નં.૨૧૧૪/૦૬)

૧૨. સુપ્રિમ કોર્ટ ઓફ ઈન્ડીયા
મીનાપુન વિ. સ્ટેટ ઓફ યુ.પી.

૧૩. સુપ્રિમકોર્ટ ઓફ ઈન્ડીયા
ગોરખનાથપ્રસાદ વિ. સ્ટેટ ઓફ બિહાર
(કિ.અ.નં.૨૧૦૪/૧૭)

૧૪. સુપ્રિમ કોર્ટ ઓફ ઈન્ડીયા ૨૦૧૦ (૦) જીએલએચઈએલ
સેક્રેટરી અને ચુરેટર. વિકટોરિયા મેમોરિયલ હોલ વિ.
હાવડા ગણ તાંત્રિક નાગરિક સમિતિ
(સી.અ.નં.૨૨૨૫/૨૦૧૦)

૧૫. ૧૯૯૨(૧) જીએલએચ ૫૦૯ અશોક શંકર વિ. સ્ટેટ ઓફ ગુજરાત (કિ.અ.નં.૫૩૮/૧૯૮૯)

૧૬. ગુજરાત હાઈકોર્ટ
સ્ટેટ ઓફ ગુજરાત વિ. પ્રદિપ જયંતિલાલ પંડયા અને બીજાઓ કિ.અ.નં.૧૦૮૫/૧૯૯૫)

૧૭. એઆઈઆર ૨૦૧૧ એસસી ૪૯૨૦
મુસ્કાન વિ. રાજસ્થાન

૧૮. ૨૦૦૧ ક્રિમી.લો.જ. ૧૩૫૬ સાયન્ટીશ ઓફીસરનો રિપોર્ટ ઓફએચ.પી. વિ. ઈ.એસ.

૧૯. ક્રિમી.લો.જ. ૧૫૬૬
બોમ્બે કુબલે વિ. સ્ટેટ ઓફ માહરાષ્ટ્રા

૨૦. ગુજરાત હાઈકોર્ટ
સ્ટેટ ઓફ ગુજરાત વિ. પી.જે.પંડયા.

આમ તમામ હકીકતો ધ્યાનમાં લેતા ફરીયાદપક્ષ તરફથી રજૂ કરવામાં આવેલા મૌખિક અને દસ્તાવેજી પુરાવા ધ્વારા આરોપી વિરુધ્ધનો કેસ તમામ વ્યાજબી શંકાથી પર પુરવાર થતો નથી. તેમ જણાવી તેમણે આરોપીને નિર્દોષ ઠરાવી મુકવા રજૂઆત કરેલ છે.

૯. ઉપરોકત સંજોગોમાં આ કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

૧. શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે એ બાબત પુરવાર કરે છે કે, સવાલ વાળો કોન્ટ્રાબેન્ડ નારકોટીક ડ્રગ હતો ? જો હા તો, સીઝ કરેલ નારકોટીક ડ્રગ ની કવોન્ટીટી શું હતી ?

૨. શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે એ બાબત પુરવાર કરે છે કે, તા.૨૦/૧/૨૦૨૨ના રોજ અમીરગઢ પો.સ્ટાફના માણસો

અમીરગઢ બોર્ડર પોલીસ ચેકપોસ્ટ ઉપર વાહન ચેકીંગમાં હતા તે દરમ્યાન આરોપી કિરણકુમાર અમરચંદ નેગી (રાજપુત) પોતાના કબજા ભોગવટાની સફેદ કલરની હ્યુન્ડાઈ કંપનીની આઇ–૨૦ ગાડી નં. એચપી. ૩૪. ડી. ૧૫૩૯માં ગેરકાયદેસર અને બિન અધિકૃત માદક પદાર્થ ચરસના જથ્થો જેનું કુલ વજન–૧૪.૬૪૩ કિ.ગ્રામ, કિંમત રૂા.૧,૪૬,૪૩,૦૦૦/–નો રાખી વાહન ચેકીંગ દરમ્યાન પકડાઈ જઈ માદક પદાર્થ ચરસનો જથ્થો અન્ય ભાગતા ફરતા સહ આરોપીને  આપવા સારૂ પોતાના કબજામાં રાખી ગોવા તથા મુંબઈ પહોંચી મોબાઈલ ફોનથી સંપર્ક કરી આ પકડાયેલ ચરસનો જથ્થો પહોંચાડવાનો હતો અને ચરસનો જથ્થો પહોંચાડવા પેટે એક કિલો ચરસ દીઠ રૂા. ૪૦,૦૦૦/– નકકી કરેલ હતા અને જે રૂપિયા ગોવા તથા મુંબઈ મુકામેથી અન્ય નાસતા ફરતા સહ આરોપીઓ પાસેથી લેવાના હતા અને સદરહું આરોપી કિરણકુમાર અને અન્ય નાસતા ફરતા આરોપીઓ એકબીજા સાથે સંપર્કમાં રહી હેરાફેરી દરમ્યાન પણ મોબાઈલથી સંપર્કમાં રહી આંતરરાજય હેરાફેરી કરી ગુનો કરવામાં એકબીજાને મદદગારી કરી, પોલીસ નાકાબંધી દરમ્યાન મળી આવી, પકડાઈ જઈ ધી એન. ડી. પી. એસ એકટની કલમ ૮(સી), ૨૦(બી) (ii) (સી) તથા ૨૯ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ?

૩. શું હુકમ ?

૧૦. ઉપરોકત મુદ્દાઓ પરત્વે મારા નિર્ણયો નીચે મુજબ છે.

૧. હકારમાં, કોમર્શીયલ કવોન્ટીટી.

૨. હકારમાં.

૩. આખરી હુકમ મુજબ.

## :– કા ર ણો – :

**મુદ્દા નંબર ૧ :–**

૧૧. આ પ્રકરણમાં ફરીયાદપક્ષ ધ્વારા રજૂ કરવામાં આવેલ મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓનો સંપૂર્ણપણે અભ્યાસ કરવામાં આવેલ છે. બચાવપક્ષના વિ. વકીલશ્રી પી. કે. પઢિયારની દલીલોને આ અદાલત દ્વારા સંપૂર્ણપણે ધ્યાનમાં લેવામાં આવેલ છે. અત્રે એ નોંધવું જરૂરી છે કે, ફોજદારી પ્રકરણમાં આપણા દેશમાં ચાલતી ન્યાય પ્રણાલી મુજબ, ફરીયાદપક્ષે પોતાનો કેસ શંકાથી પર સાબિત કરવાનો હોય છે એટલે કે, આરોપી વિરૂધ્ધનો કેસ પુરવાર કરવાનો બોજો ફરીયાદપક્ષ ઉપર છે, સિવાય કે, આરોપી પક્ષ ધ્વારા કોઈ ચોકકસ પ્રકારનો બચાવ ઉપસ્થિત કરવામાં આવેલ હોય. એટલું જ નહીં, ફોજદારી પ્રકરણમાં જ્યારે બે વ્યુ શક્ય બનતા હોય, ત્યારે આરોપીની તરફેણમાં વ્યુ લેવાનો હોય છે. સાથે સાથે નોંધવું જરૂરી છે કે, શંકા એટલે સુદઢ અને સ્વસ્થ મન વિચારે તેવી શંકા. માત્ર સામાન્ય વિરોધાભાષ તપાસ એજન્સીની ખામી, ફરીયાદ દાખલ થવામાં થયેલ વિલંબ, આવા ક્ષુલ્લક કારણો ફરીયાદ પક્ષના સાતત્યસભર પુરાવાને અસરકર્તા નિવડતા નથી. આવા મૂળભૂત સિધ્ધાંતોને ધ્યાનમાં લેતાં આ પ્રકરણમાં રજૂ થયેલ પુરાવા, બચાવપક્ષ તરફથી ઉપસ્થિત કરવામાં આવેલ તાર્કીક અને ભારપૂર્વકની મૌખિક દલીલોની જરૂર જણાયે યોગ્ય જગ્યાએ ચર્ચા કરવામાં આવી છે.

૧૨. ફરીયાદ પક્ષે આરોપી વિરુદ્ધ એન. ડી. પી. એસ. એકટની કલમ– ૮(સી), ૨૦ (બી), (II), (સી), ૨૯ મુજબના ગુનાનું ચાર્જશીટ કરેલ છે. જેથી સૌ પ્રથમ આરોપીના કબજામાંથી મળી આવેલ પદાર્થ નાર્કોટિક ડ્રગ અથવા તો સાઈકોટ્રોપીક સબસન્ટસ હોવો જોઈએ. ફરીયાદ પક્ષનો કેસ મુજબ આરોપી કિરણકુમાર અમરચંદ નેગી (રાજપૂત) પોતાના કબજા ભોગવટાની સફેદ કલરની હયુન્ડાઈ

કંપનીની આઇ–૨૦ ગાડી નં. એચપી. ૩૪. ડી. ૧૫૩૯ માંથી ગેર – કાયદેસર અને બિનઅધિકૃત માદક પદાર્થ ચરસના જથ્થો જેનું કુલ વજન–૧૪.૬૪૩ કિ.ગ્રામ, કિંમત રૂા.૧,૪૬,૪૩,૦૦૦/–નો રાખી વાહન ચેકીંગ દરમ્યાન મળી આવ્યાનો કેસ છે. આ કામે એન. ડી. પી. એસ. એકટની જરૂરી જોગવાઇઓ નોંધવી યોગ્ય જણાય છે.

**SECTION-2 Definitions.**

(iii) “cannabis (hemp)” means—

(a) charas, that is, the separated resin, in whatever form, whether crude or purified, obtained from the cannabis plant and also includes concentrated preparation and resin known as hashish oil or liquid hashish;

(b) ganja, that is, the flowering or fruiting tops of the cannabis plant (excluding the seeds and leaves when not accompanied by the tops), by whatever name they may be known or designated; and

(c) any mixture, with or without any neutral material, of any of the above forms of cannabis or any drink prepared therefrom;

(viia) “commercial quantity”, in relation to narcotic drugs and psychotropic substances, means any quantity greater than the quantity specified by the Central Government by notification in the Official Gazette

(viii) “conveyance” means a conveyance of any description whatsoever and includes any aircraft,

vehicle or vessel;

8. **Prohibition of certain operations**.—No person shall—

(a) cultivate any coca plant or gather any portion of coca plant; or

(b) cultivate the opium poppy or any cannabis plant; or

(c) produce, manufacture, possess, sell, purchase, transport, warehouse, use, consume, import inter−State, export inter−State, import into India, export from India or tranship any narcotic drug or psychotropic substance, except for medical or scientific purposes and in the manner and to the extent provided by the provisions of this Act or the rules or orders made thereunder and in a case where any such provision, imposes any requirement by way of licence, permit or authorisation also in accordance with the terms and conditions of such licence, permit or authorisation:

Provided that, and subject to the other provisions of this Act and the rules made thereunder, the prohibition against the cultivation of the cannabis plant for the production of ganja or the production, possession, use, consumption, purchase, sale,

transport, warehousing, import inter−State and export inter−State of ganja for any purpose other than medical and scientific purpose shall take effect only from the date which the Central Government may, by notification in the Official Gazette, specify in this behalf:

[Provided further that nothing in this section shall apply to the export of poppy straw for decorative purposes.]

20. **Punishment for contravention in relation to cannabis plant and cannabis**.—Whoever, in contravention of any provision of this Act or any rule or order made or condition of licence granted thereunder,—

(a) cultivates any cannabis plant; or

(b) produces, manufactures, possesses, sells, purchases, transports, imports inter−State, exports inter−State or uses cannabis,

shall be punishable,—

(i) where such contravention relates to clause (a) with rigorous imprisonment for a term which may extend to ten years, and shall also be liable to fine which may extend to one lakh rupees; and

(ii) where such contravention relates to sub−clause (b),—

(A) and involves small quantity, with

rigorous imprisonment for a term which may extend to [one year], or with fine which may extend to ten thousand rupees, or with both;

(B) and involves quantity lesser than commercial quantity but greater than small quantity, with rigorous imprisonment for a term which may extend to ten years, and with fine which may extend to one lakh rupees;

(C) and involves commercial quantity, with rigorous imprisonment for a term which shall not be less than ten years but which may extend to twenty years and shall also be liable to fine which shall not be less than one lakh rupees but which may extend to two lakh rupees:

Provided that the court may, for reasons to be recorded in the judgment, impose a fine exceeding two lakh rupees.]

29. **Punishment for abetment and criminal conspiracy**.—(1) Whoever abets, or is a party to a criminal conspiracy to commit, an offence punishable under this Chapter, shall, whether such offence be or be not committed in consequence of such abetment or in pursuance of such criminal conspiracy, and notwithstanding anything

contained in section 116 of the Indian Penal Code (45 of 1860), be punishable with the punishment provided for the offence.

(2) A person abets, or is a party to a criminal conspiracy to commit, an offence, within the meaning of this section, who, in India, abets or is a party to the criminal conspiracy to the commission of any act in a place without and beyond India which—

(a) would constitute an offence if committed within India; or

(b) under the laws of such place, is an offence relating to narcotic drugs or psychotropic substances having all the legal conditions required to constitute it such an offence the same as or analogous to the legal conditions required to constitute it an offence punishable under this Chapter, if committed within India.

૧૩. હાલના કેસમાં કબજે લેવાયેલ માદક પદાર્થને એફ.એસ.એલ.પરીક્ષણ અર્થે મોકલવામાં આવેલ છે અને ફરીયાદ પક્ષે આંક–૧૧૧ થી એફ.એસ. એલ.રિપોર્ટ રજૂ કરેલ છે. આંક–૧૧૧ વાળા એફ. એસ. એલ. રિપોર્ટના પૃથ્થકરણના માઈક્રોસ્કોપીક પરીણામમાં કેનાબીસ છોડના વાનસ્પતિક ભાગો – રોમ જોવા મળેલાનો અભિપ્રાય છે. આમ, ફરીયાદપક્ષના કેસ મુજબ આરોપી કિરણ અમરચંદ નેગી (રાજપૂત) પોતાના કબજા ભોગવટાની સફેદ કલરની હયુન્ડાઈ

કંપનીની આઇ–૨૦ ગાડી નં. એચપી.૩૪. ડી. ૧૫૩૯ માંથી મળી આવેલ પ્રતિબંધિત પદાર્થ સદર કાયદાની કલમ–૨ (III) માં આપવામાં આવેલ વ્યાખ્યા મુજબનું કેનાબીસ છોડના વાનસ્પતિક ભાગો – રોમ યાને ચરસ હોવાનું પુરવાર થાય છે.

૧૪. ફરીયાદ પક્ષના કેસ મુજબ હાલના કિસ્સામાં આરોપી કિરણકુમાર અમરચંદ નેગી (રાજપૂત) પોતાના કબજા ભોગવટાની સફેદ કલરની હ્યુન્ડાઈ કંપનીની આઇ–૨૦ ગાડી નં. એચપી. ૩૪. ડી. ૧૫૩૯ માંથી ૧૪.૬૪૩ કિલોગ્રામ ચરસનો જથ્થો કબજે લેવાયેલ છે. ધી એન. ડી. પી. એસ. એકટની જોગવાઈઓ મુજબ કબજે લેવાયેલ આ ચરસના જથ્થાની કવોન્ટીટી સ્મોલ કવોન્ટીટી છે કે ઈન્ટરમીડીયેટ કવોન્ટીટી છે કે કોર્મશીયલ કવોન્ટીટી છે તે નક્કી કરવા માટે સેન્ટ્રલ ગવર્નમેન્ટના મીનીસ્ટ્રી ઓફ ફાયનાન્સ, ડીપાર્ટમેન્ટ ઓફ રેવન્યુ નોટીફીકેશન એસ.ઓ. ૫૨૭(ઈ) તા.૧૬/૦૭/૧૯૯૬ મુજબ ચરસની સ્મોલ કવોન્ટીટી ૨૫ ગ્રામ અને કોર્મશીયલ કોન્ટીટી ૨.૫ કિલોગ્રામ અથવા તેથી વધારે દર્શાવેલ છે. હાલના કેસમાં ફરીયાદ પક્ષના કેસ મુજબ કબજે લેવાયેલ ચરસનો જથ્થો ૧૪.૬૪૩ કિલો ગ્રામ હોય સ્મોલ કવોન્ટીટી કરતાં વધારે કોર્મશીયલ કવોન્ટીટી હોય એન. ડી. પી. એસ.એકટની કલમ–૨૦(બી) લાગુ પડતી હોવાનું ઠરાવવામાં આવે છે. જેથી મુદ્દા નં. ૧ ''હકાર''માં ઠરાવવામાં આવે છે.

**મુદ્દા નંબર ૨ :–**

૧૫. ફરીયાદપક્ષના પુરાવાનું મૂલ્યાંકન કરતાં પહેલાં અત્રે ઉલ્લેખનીય છે કે, ફોજદારી ન્યાયશાસ્ત્રના સિદ્ધાંત અનુસાર આરોપી વિરૂધ્ધનો ગુનો જયાં સુધી નિ:શંક પણેપુરવાર ન થાય ત્યાં સુધી આરોપી નિર્દોષ છે તેવું કાયદાનું અનુમાન છે. સાથે સાથે એક એવું પણ અનુમાન છે કે, જે સાહેદ વીટનેશ બોક્ષમાં આવી કોર્ટ રૂબરૂ સોગંદ ઉપરનો પુરાવો

આપે છે તે સત્ય હકીકત જણાવે છે. પુરાવાનું મૂલ્યાંકન કરવા અંગેની કાયદામાં કોઈ ચોક્કસ માર્ગદર્શિકા નથી, પરંતુ દરેક કેસના અને હકીકતના સંદર્ભે રજૂ થયેલા પુરાવાનું મૂલ્યાંકન કરવાનું રહે છે.

૧૬. **નામદાર સુપ્રિમ કોર્ટે લાલબહાદુર વિ. સ્ટેટ (એન.સી.ટી.) દિલ્હી, ૨૦૧૩ (૪) એસ.સી.સી. પાન નં. ૫૫૭ તેમજ ભરવાડા ભોગીન ભાઈ હિરજીભાઈ વિ. સ્ટેટ ઓફ ગુજરાત, ૧૯૮૩ (૩) એસ.સી.સી. પાન નં.૨૧૭** વાળા ચુકાદાથી પુરાવાના મૂલ્યાંકન સંબંધેના પ્રતિ પાદિત કરેલ માર્ગદર્શક સિધ્ધાંતો ધ્યાને લીધેલ છે, જે મુજબ પુરાવાનું મૂલ્યાંકન કરતી વખતે અદાલતે સાહેદોના ભણતર, સામાજિક મોભો, સામાજિક પરિસ્થિતિ, બૌધ્ધિક સ્તર વિગેરે બાબત ધ્યાને લઈ તેના પુરાવાનું મૂલ્યાંકન કરવાનું હોય છે. કારણ કે, દરેક સાહેદની યાદદાસ્ત અને બનાવ સંદર્ભે નિરિક્ષણ કરવાની ક્ષમતા અલગ અલગ હોય છે. તેથી સાહેદ ટેપ રેકોર્ડરની જેમ તમામ વખતે એક જ પ્રકારના ઉચ્ચારણો કરે તેવી અપેક્ષા રાખી શકાય નહીં. મોટાભાગે, શબ્દસહ પુન: ઉચ્ચારણ કોઈ સાહેદ કે વ્યકિત ધ્વારા સમયાંતરે કરવું મુશ્કેલ હોય છે. જેથી કયારેક સામાન્ય વિરોધાભાસ પુરાવામાં મળતો હોય છે, પરંતુ આ વિરોધાભાસ કેસના ગુણદોષને અસર કરતા ન હોય તો તે ફરીયાદપક્ષના કેસને ઘાતક બનતા નથી, અને આવા સામાન્ય વિરોધાભાસ અદાલતે અવગણવાના રહે છે. પરંતુ મહત્વના વિરોધાભાસ કે જે કેસના ગુણદોષને અસર કરતાં હોય ત્યારે અદાલતે ધ્યાને લેવાના હોય છે. તેમજ ક્રિમિનલ ટ્રાયલમાં અદાલતે માત્ર આરોપીનું જ હિત જોવાનું નથી પરંતુ, ગુનામાં ભોગબનનાર અને સમાજનું હિત તેમજ કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે બાબત પણ ધ્યાને લેવાની હોય છે. માત્ર નિર્દોષ માણસને ગુનેગાર ઠરાવી શકાય નહીં તેવા સંજાગો ધ્યાને રાખવા ઉપરાંત અદાલતે ફોજદારી ટ્રાયલ વખતે એ બાબત પણ ધ્યાને લેવી જોઈએ કે, દોષીત માણસ

ગુનામાંથી છટકી ના જાય. આમ, નિર્દોષ વ્યકિત દોષીત ના ઠરે, સાથે સાથે દોષી વ્યકિત ને પણ લાભ ન મળે તે જોવાની અદાલતની ફરજ છે. ઉપરોકત સિધ્ધાંત **નામદાર સુપ્રિમ કોર્ટે અંબીકા પ્રસાદ વિ. સ્ટેટ (દિલ્હી) રીપોર્ટેડ ઈન ૨૦૦૦ (એસ. સી. સી.), પાન નં.૬૪૬** થી પ્રતિપાદિત કરેલ છે.

૧૭. ફરીયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે વિશ્વસનીય અને નિ:શંક પુરાવા રજૂ કરવાના રહે છે. અદાલતને સાક્ષીઓની સંખ્યા સાથે નિસ્બત નથી, પરંતુ ગુણવત્તાયુકત પુરાવા ધ્યાને લેવાના રહે છે. જયારે રજૂ થયેલ પુરાવા યોગ્ય અને વિશ્વસનીય જણાતાં હોય અને તે આરોપીના દોષ તરફ નિર્દેશ કરતાં હોય ત્યારે પ્રોસીકયુશનના પુરાવા સ્વીકારી, આરોપીને દોષી ઠરાવી શકાય છે. જ્યારે નિ:શંક પુરાવો ફરીયાદપક્ષ તરફથી રજૂ થયેલ ન હોય ત્યારે તેમજ રજૂ થયેલ પુરાવા માંથી બે પ્રકારની સંભાવના ઉદભવતી હોય, તે સંજોગોમાં આરોપી શંકાનો લાભ મેળવવા હકકદાર બને છે. આ તમામ બાબતો ધ્યાને લઈ અદાલતે પુરાવાનું મૂલ્યાંકન કરવાનું રહે છે, અને તે મુજબ આ કામે રજૂ થયેલ પુરાવાનું મૂલ્યાંકન પાયાના સુસ્થાપિત સિદ્ધાંતોને ધ્યાને લઈને કરવામાં આવેલુ છે.

૧૮. વિશેષમાં, કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંત પ્રમાણે ફોજદારી કેસમાં ફરીયાદપક્ષે આરોપી સામે મુકવામાં આવેલ આક્ષેપ પ્રમાણેનો કેસ સચોટ, નકકર, માનવા લાયક, વિશ્વસનીય અને શંકા રહિત રીતે પુરવાર કરવાનો હોય છે, માત્ર અનુમાન ધારણા, શકયતા અને સંભાવનાઓ આધારે ફરીયાદપક્ષનો કેસ સાબિત થયેલ માની શકાય નહીં, તેમજ કેસમાં બે પ્રકારના પુરાવા હોય તો કોર્ટે આરોપીના લાભનો પુરાવો ધ્યાનમાં લેવો જોઈએ. સાથેસાથે એ પણ પ્રસ્થાપિત સિધ્ધાંત છે કે, ફરી ગયેલા સાક્ષીના પુરાવાની અવગણના કરી શકાય

નહીં. પક્ષકારો તેમને અનુકૂળ હોય તેવી જુબાનીની હકીકત પોતાના કેસ માટે રજૂ કરી શકે છે, પરંતુ કોર્ટે સભાનતાપુર્વક જુબાનીનું મૂલ્યાંકન કરવું જરૂરી છે. હવે ઉપરોકત પરીપ્રેક્ષ્યમાં આ કેસમાં આરોપી સામે ફરમાવેલ તહોમતનામા પ્રમાણેનો ગુનો ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરી શકેલ છે કે કેમ તેનો નિર્ણય કરવાનો રહે છે.

૧૯. ઉપરોકત કાયદાકીય જોગવાઈ અને પ્રબંધો સાથે સાથે ભારતીય ક્રિમીનલ જસ્ટીસ સીસ્ટમ તથા ક્રિમીનલ જયુરીસપ્રુડન્સ મુજબ ફરીયાદપક્ષે તેનો કેસ વ્યાજબી શંકાથી પર સાબીત કરવાનો રહે છે. વધુમાં ફરીયાદપક્ષે તેનો કેસ સીધા પુરાવાથી કે સાંયોગીક પુરાવાથી સાબીત કરવાનો રહે છે. મજકુર કેસના આરોપી વિરૂધ્ધ આંક–૧૧ થી ફરમાવેલા તહોમતનામામા જણાવ્યા પ્રમાણેનો ગુનો નિ:શંકપણે પુરવાર કરવા માટે સદરહું કામે રેકર્ડ ઉપર આવેલ પુરાવો ધ્યાનમાં લેતાં ફરીયાદપક્ષ તરફે આંક. ૧૬ થી સાહેદ નં. ૧ પંચ હસમુખકુમાર નાથાલાલ મોદીને સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. તેઓએ સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, તા. ૨૦/૦૧/૨૨ ના અરસામાં તેઓ રેન્જ ફોરેસ્ટર ઓફીસ, અમીરગઢમાં વનપાલ તરીકે ખાપા ગામે ફરજ બજાવતા હતા ત્યારે આ કામે પો.ઈ. એમ. કે. ઝાલા અમીરગઢ પો.સ્ટે. નાઓએ મામલતદારશ્રી અમીરગઢને બે સરકારી પંચ ફાળવવા યાદી કરતાં મામલતદારશ્રીએ અમીરગઢનાઓએ પંચ ફાળવવા માટે તેઓને જાણ કરતાં તેઓ પોતે તથા તેઓની સાથેના રમેશજી ભલાજી ઠાકોર, વનરક્ષકનાઓ અમીરગઢ બોર્ડર પોલીસ ચેક પોસ્ટના મકાન આગળ આવી પંચ તરીકે હાજર થયેલા. ત્યાં પી.આઈ. ઝાલા સાહેબ, ગઢવી સાહેબ તેમજ એસ.ઓ.જી તેમજ બોર્ડર ચેક પોસ્ટનો સ્ટાફ હતો. ત્યાં તેઓને પોલીસના અધિકારીએ પરિચય આપી વાહન ચેકીંગમાં આબુરોડ તરફથી આવતી એક હુન્ડાઈ કંપનીની આઈ–૨૦ ગાડી. એચપી. ૩૪ .ડી.૧૫૩૯ જેની જડતી

તપાસ કરવાની હોય તેઓને પંચમાં રહેવા સમજ કરેલી અને તેઓએ પંચમાં રહેવા સંમતિ આપેલી. જેથી પંચનામું કરતાં પહેલાં પોલીસે નિયમ મુજબ કાર્યવાહી કરેલી અને ત્યાં હાજર તમામ પોલીસ વાળાની તેમજ તેઓ પંચોની અરસપરસ જડતી તપાસ કરેલી અને કોઇની પાસે ગુનાહિત ચીજવસ્તુ કે માદક પદાર્થ નથી તેની ખાતરી કરવામાં આવેલી અને તે બાબતનું તેઓ રૂબરૂ પ્રાથમિક લખાણ કરવામાં આવેલું. ત્યાં ત્રણ સરકારી વાહનો પોલીસ જીપ ગાડીઓ હતી જેમાં એક જી.જે.૦૮.જી.એ. ૦૧૪૭ તથા બીજું વાહન જી.જે.૧૮. જી. એ. ૨૬૭૬ તથા ત્રીજી જી.જે. ૦૮.જી.એ.૧૨૭૭ હતી તે તમામ વાહનોમાં તેઓની પંચોની હાજરીમાં જડતી તપાસ કરવામાં આવેલી અને કોઈ ગુનાહિત ચીજ વસ્તુ કે માદક પદાર્થ તે વાહનોમાં નથી તેની ખાતરી કરવામાં આવેલી અને તે અંગેનું પણ લખાણ લખવામાં આવેલું ત્યારબાદ પોલીસ અધિ. એન. ડી. પી. એસ. લગત કાર્યવાહી કરવા બાબતનો લેખીત રિપોર્ટ તૈયાર કરી, પોલીસ અધિ. બનાસકાંઠાને મોકલવા એક કવરમાં મૂકી કવર બંધ કરી તે કવર અ.પો.કો. વિનોદકુમાર ઓખાભાઈને આપેલું અને તેમણે ખાનગી વાહનમાં રવાના કરેલા અને તે હકીકતની જાણ પોલીસ અધિ. શ્રીને પોલીસ અધિકારીએ મોબાઈલ ફોનથી કરેલી તેમજ એફ. એસ. એલ. અધિકારીને સ્થળ ઉપર મુદામાલનું પરીક્ષણ કરવા પધારવા માટે અમીરગઢ પો.સ્ટે. પી.એસ.ઓ. ભરત નાથાલાલને સુચના કરતાં પાલનપુર પોલીસ કન્ટ્રોલ રૂમને ક. ૧૨–૪૦ વાગે તેમણે વરધી લખાવેલી. ત્યારબાદ સદરહું ચેકપોસ્ટના મકાન આગળના કંપાઉન્ડ થી પૂર્વ આબુરોડથી પાલનપુર જતાં રોડની સાઈડમાં ચેક પોસ્ટના બેરીયરથી આગળ હુન્ડાઈ કંપનીની આઇ–૨૦ ગાડી એચ.પી.૩૪.ડી. ૧૫૩૯ પડેલ હોઈ ગાડીને કોર્ડન કરી અમીરગઢ પોલીસ ફરજ પરના માણસોએ જે તે સ્થિતિમાં હાજર હોય ચેકપોસ્ટના મકાનના કંમ્પાઉન્ડમાંથી પોલીસ અધિ. તથા તેઓ તથા પોલીસ સ્ટાફના

માણસો ચાલતા સદર જગ્યાએ ગાડીને કોર્ડન કરી ઊભેલ પોલીસના માણસો બાબુદાન મોહબતદાન, વિરાભાઈ ધર્માભાઈ, યાકુબખાન ઈસબખાન, મેઘરાજભાઈ સોમાભાઈ તમામનો વારાફરતી પરિચય કરાવી તેઓ પંચો તથા પોલીસ સ્ટાફના માણસોની જડતી તપાસ કરવાનું કહેતાં જડતી તપાસ કરતાં કોઈ માદક પદાર્થ કે ગુનાહિત ચીજવસ્તુ મળી આવેલ નહીં. ત્યારબાદ હાજર સદરહું હુન્ડાઈ કંપનીની આઇ–૨૦ એચ.પી.૩૭.ડી.૧૫૩૯ ની ગાડીમાં એક ડ્રાઈવર હતા અને તે બહાર ઊભેલા હતા તેમનું નામઠામ પુછતાં તેણે પોતાનું નામ કિરણકુમાર અમરચંદ નેગી (રાજપૂત), રહે. હિમાચલપ્રદેશ, કુલુ રાંધણીનો હોવાનું જણાવેલું. બાદમાં પોલીસ અધિ. તે ઈસમની હાજરીમાં નિયમ પ્રમાણેની પોલીસ કાર્યવાહી કરેલી. અધિ. તે ઈસમને ગાડીમાં શું છે તેવું પૂછતાં તે ઈસમે તે બાબતે જણાવેલું. ત્યારબાદ પોલીસ અધિ. હાજર ઈસમને જણાવેલ કે તારી ગાડીની જડતી લેવાની છે તેવી સમજ આપેલી અને તે અંગેનું લખાણ કરેલું. પોલીસ અધિ. જડતી તપાસ અંગે પુછતાં તે ઈસમે કીધેલું કે તેની ગાડીની જડતી તપાસ કરાવવા સંમત છે તે ઈસમ હિન્દી ભાષા બોલતો હતો. ત્યારબાદ ગાડીમાં આગળની સીટમાં તપાસ કરી ત્યારબાદ દરવાજો ખોલી પાછળની સીટમાં તપાસ કરી ત્યારબાદ પાછળની ડીકી ખોલી તપાસ કરતાં પાછળના સીટના કવરની અંદર બ્લેક અને બદામી કલરના પાઉચ છુપાયેલા મળેલ તેના ઉપર પ્લાસ્ટીકની ટેપ વીંટાયેલી હતી તેવા ૧૧ પાઉચ મળેલા પછી પાછળની સીટના નીચેના ભાગે તપાસ કરતાં ૪ પાઉચ મળેલા તે પણ પ્લાસ્ટીકની ટેપ વીટાળેલી પરિસ્થિતિમાં હતા તેને કાપીને જોતા નાની બ્રાઉન કલરની ગોળીઓ હતી તે સિવાય અંદર ગાડીમાંથી એ.ટી.એમ. કાર્ડ તથા ડેબીટ કાર્ડ મળેલા. ત્યાંથી મુદામાલ ગાડી અને આરોપી લઈ પોલીસ ચેકપોસ્ટના પશ્ચિમ દિશાના મકાન આગળ લઈ ગયેલા. પછી એફ.એસ.એલ અધિ. ને બોલાવેલા. તેમની પાસેના રસાયણમાં પાઉચમાંની વસ્તુ

તેમાં નાખી તેનું પરિક્ષણ કરેલું અને કહેલ કે આ વસ્તુ ચરસ છે. પછી સ્ટાફ દ્રારા ગામમાંથી વસ્તુનો વજન કરવા સોનીને બોલાવેલા અને સોનીએ ઈલેકટ્રીક કાંટા ઉપર વજન કરેલા. જેમાં અલગ અલગ પાઉચમાં રહેલ તમામ પદાર્થનું અલગ અલગ વજન કરેલ. નાની ગોળીઓ ૩૦–૩૦ ગ્રામની હતી અને એક પાઉચમાં આશરે ૧૦૦ ગોળીઓ હતી. અમુક પાઉચમાં ગોળીઓ બનાવેલી ન હતી બાદમાં ટોટલ વજન કરેલું જે ૧૪ કિલો ઉપરાંત આસપાસનું થયેલું જે પૈકી અમુક પદાર્થ એફ.એસ.એલ માટે મોકલવા માટે સફેદ ડબ્બા મંગાવેલા હતા તેમાં મૂકેલ હતો અને ત્યારબાદ ઢાંકણું ફીટ કરી પટ્ટીથી સીલ કરેલ અને તેના ઉપર એસ.ઓ.જી. પી.આઈ. બનાસકાંઠાનો સીલ મારેલો. દરેક ડબ્બાની અંદર આરોપીના સહીની ટીકડી મુકેલ. એફ.એસ.એલ માટે જે ડબ્બા પેક કરેલ તેને F–1 થી F–15 સુધીના નંબર આપેલા તેવી જ રીતે તેવા ૧૫ ડબ્બા પેક કરેલા જેના ઉપર નંબર મારેલા R–1 થી R–15 નંબર સેમ્પલ માટે પેક કરેલા ડબ્બાને આપેલા તેના ઉપર પણ એસ.ઓ.જી.પી.આઈ.નો સીલ મારેલો. તે સિવાય બાકીનો જથ્થો તેમણે કબજે લીધેલો. જે પદાર્થનું કુલ વજન થયેલું તેનું સર્ટીફીકેટ મેળવેલું. તમામ કાર્યવાહી આરોપી કિરણકુમાર નેગીની રૂબરૂમાં થયેલી અને આ બાબતે તેમને હિન્દીમાં જાણ કરેલી અને તેમની પાસેથી સહી મેળવેલી. પંચનામું ૧૨–૦૦ વાગ્યે શરૂ કરી સાંજે ૭–૪૫ કલાકે પુરુ કરેલું. પંચનામા સમયે જે વ્યકિત પાસેથી માદક પદાર્થ પકડાયેલો તે વ્યકિત આજરોજ નામદાર કોર્ટમાં હાજર છે તેને જોયેથી તેઓ ઓળખી બતાવે છે. આંક. ૧૭ થી રજૂ થયેલ પંચનામું તેઓને બતાવતાં તે પંચનામામાં પંચ નં.૧ તરીકે તેઓની છે અને બીજા પંચ તરીકે રમેશજી ભલાજી ઠાકોરની સહી જોઈને તેઓ ઓળખી બતાવે છે. તેઓને અદાલત સમક્ષ એક કપડાના માલસામાનવાળા થેલામાં મુકેલા સફેદ પારદર્શક સફેદ બોકસો પૈકી આર્ટીકલ નં. ૧(બી–૧) વાળું સીલબંધ બોકસ ખોલી તેમાંથી

નીકળેલ એક કાપલી બતાવવામાં આવેલ જે કાપલી જોતાં તેમાં તેઓની કોઈ સહી નથી સરકારી વકીલ દ્વારા કાપલી વેરીફાઈ કરતાં સદર કાપલી મેજીસ્ટ્રેટ સાહેબ દ્વારા કરવામાં આવેલ ઈન્વેટરી સ્લીપ જણાઈ આવતાં મજકુર સ્લીપ બોકસમાં મૂકી બોકસ બંધ કરેલ. ત્યારબાદ સરકારી વકીલશ્રી દ્વારા એફ – ૧ થી એફ ૧૫ વાળા પારદર્શક બોકસો તથા આર – ૧ થી આર ૧૫ વાળા પારદર્શક બોકસોમાં પંચોની સહીઓવાળી કાપલીઓ હોઈ તે ખોલવા અને બતાવવા વિનંતી કરતાં તે બતાવતાં તેઓએ એફ ૧ થી એફ ૧૫ વાળા પારદર્શક સફેદ સીલબંધ બોકસો ખોલતાં તે દરેકમાંથી નીકળેલ અનુક્રમે ૧ થી ૧૫ કાપલીઓ બતાવતાં તેમાં પંચ – ૧ તરીકે તેઓની સહી તથા પંચ નં –૨ તરીકે રમેશજી ભલાજી ઠાકોર કે જેઓ તેઓની સાથે સહકર્મચારી તરીકે કામ કરતા હોય તેમની સહી તેઓએ ઓળખી બતાવેલ છે. સાથે સાથે તેઓની હાજરીમાં આરોપીએ પણ સહી કરેલી હતી તેથી આરોપીની સહી પણ તેઓએ ઓળખી બતાવેલ છે. સદરહું તમામ એફ – ૧ થી એફ – ૧૫ અન્વયે ઓળખી બતાવેલ સહીઓવાળી કાપલી અનુક્રમે આંક.૧૮ થી ૩૨ સુધી રજૂ થયેલ છે. તે જ રીતે અદાલત સમક્ષ આર – ૧ થી આર ૧૫ વાળા પારદર્શક સફેદ સીલબંધ બોકસો ખોલી તે દરેકમાંથી નીકળેલ અનુક્રમે ૧ થી ૧૫ કાપલીઓ બતાવતાં તેમાંથી પંચ – ૧ તરીકે તેઓની સહી તથા પંચ નં–૨ તરીકે રમેશજી ભલાજી ઠાકોર કે જેઓ તેઓની સાથે સહકર્મચારી તરીકે કામ કરતા હોય તેમની સહી તેઓએ ઓળખેલ છે સાથે સાથે તેઓની હાજરીમાં આરોપીએ પણ સહી કરેલી હતી તેથી આરોપીની સહી પણ તેઓએ ઓળખી બતાવેલ છે. સદરહું તમામ આર – ૧ થી આર ૧૫ અન્વયે ઓળખી બતાવેલ સહીઓવાળી કાપલી અનુક્રમે આંક. ૩૩ થી ૪૭ સુધી રજૂ થયેલ છે. આરોપી પાસેથી પંચનામા સમયે જે મુદામાલ કબજે કરેલો તે ચરસ હતું અને મુદ્દામાલ ચરસનું વજન કુલ ૧૪.૬૪૩ ગ્રામ થયેલું અને તેની કિંમત

૧ કિલોના ૧૦ લાખ લેખે ગણતાં આશરે એક કરોડ છેતાળીસ લાખ તેત્રાલીસ હજાર થયેલી. પંચનામા સમયે આરોપી પાસેથી મળી આવેલ આઈ ટવેન્ટી ગાડી નં. એચ.પી.૩૪.ડી.૧૫૩૯ કબજે લીધેલી. આરોપી પાસેથી પાંચ મોબાઈલ, રોકડ રૂા.૨૩,૪૦૦/-, એક આધારકાર્ડ, એક પાનકાર્ડ અને અલગ અલગ બેન્કના એ.ટી.એમ. કાર્ડ નંગ - ૪, આર.સી. બુકની ઝેરોક્ષ કોપી વિગેરે આરોપી પાસેથી પંચનામા સમયે કબજે લીધેલા. આરોપી પાસેથી પકડાયેલ મુદ્દામાલ સંબંધે સ્થળ ઉપર સીઝરમેમો બનાવવામાં આવેલો અને તેમાં પકડાયેલ ચીજવસ્તુઓનો ઉલ્લેખ કરી સીઝરમેમામાં તેમની તથા બીજા પંચની સહી લેવામાં આવેલી અને આરોપીની પણ સીઝરમેમો મળ્યા બદલ સહી લેવામાં આવેલી. જે સીઝરમેમોમાં તેઓની, બીજા પંચની તથા આરોપીની સહી છે. જે આ કામે આંક - ૪૮ થી રજુ છે. પકડાયેલ આરોપીને નજરકેદમાં રાખવા સમજપત્રથી સમજ આપેલી તે અંગેની નોટીસ તેઓની રૂબરૂ આરોપીને બજાવવામાં આવેલી. જેમાં તેઓની બીજા પંચની તથા આરોપીની સહી છે. જે આ કામે આંક - ૪૯ થી રજુ છે. પકડાયેલ આરોપી માદકપદાર્થનો જથ્થો સગવગે કરી નાંખે તેવો વહેમ હોઈ પોલીસ અધિકારીએ પોતાને મળેલ સત્તાને આધારે સદર ઈસમ અને તેના કબજામાં રહેલ થેલાની જડતી તપાસ કરવા પંચો રૂબરૂ કાયદેસરનો ઠરાવ કરેલો. જે તેઓને બતાવતાં તેમાં તેઓએ પોતાની તથા બીજા પંચની સહી ઓળખી બતાવેલ છે. જે આ કામે આંક - ૫૦ થી રજુ છે. પકડાયેલ આરોપીને પોલીસ ઈન્સપેકટરશ્રીએ ગેઝેટેડ દરજ્જાના પોલીસ અધિકારી તરીકે પોતાની ઓળખ આપેલી અને તમારે અન્ય કોઈ ગેઝેટેડ અધિકારી પાસે ઝડતી તપાસ કરાવવા માંગતા હોય તો તે અંગેની વ્યવસ્થા કરવા તેઓ તૈયાર હોય તેમ છતાં આરોપીએ હાજર પોલીસ અધિકારીને ઝડતી તપાસ કરવા સંમતિ આપેલી. જે અંગેનો ઠરાવ કરેલો. તેમાં તેઓએ પોતાની, બીજા પંચની તથા

આરોપીની સહી ઓળખી બતાવેલ છે. જે આ કામે આંક – ૫૧ થી રજુ છે. પકડાયેલ આરોપીને હાજર પોલીસ અધિકારીએ જણાવેલ કે ઝડતી તપાસ પહેલાં, રેડીંગ પાર્ટીના માણસો તથા બંન્ને પંચોની અંગઝડતી કરાવી શકો છો. તે અંગે કાયદેસરનો ઠરાવ પોલીસ અધિકારીએ કરેલો. તેમાં તેઓએ પોતાની, બીજા પંચની તથા આરોપીની સહી ઓળખી બતાવેલ છે. જે આ કામે આંક – ૫૨ થી રજુ છે. તેઓ પંચોની હાજરીમાં પકડાયેલ મુદામાલનું વજન વેપારીએ કરેલું અને તેણે વજન કર્યા બદલનું પ્રમાણપત્ર આપેલ, પંચનામાં સમયે જે વ્યકિત પાસેથી મુદામાલ કબજે કરવામાં આવેલો તે વ્યકિતને તેઓ ઓળખે છે જે નામદાર અદાલતમાં હાજર છે તે છે જેને સાહેદે ઓળખી બતાવેલ છે. મુદ્દામાલ તેઓને બતાવવામાં આવતાં જે પંચનામા સમયે તેઓની હાજરીમાં પકડાયેલ માદક પદાર્થ સિવાયનો મુદ્દામાલ આધારકાર્ડ, પાંચ મોબાઈલ, પાનકાર્ડ, ચાર એ.ટી.એમ. કાર્ડ, આર.સી.બુકની કલર ઝેરોક્ષ કોપી તેઓએ તે પંચનામા સમયે કબજે લીધેલ મુદામાલ તે જ છે તે તેઓએ ઓળખી બતાવેલ છે. પંચનામા સમયે વજન કરનારે ચરસનું વજન કરેલું તેનો ઉલ્લેખ વિગતવાર પંચનામામાં કરેલો. પંચનામાની કાર્યવાહી બાદ આરોપીને ગુનાના કામે એરેસ્ટ કરવામાં આવેલો. પંચનામા દરમ્યાન સફળ રેડ અંગેનો રિપોર્ટ પોલીસ અધિક્ષક, પાલનપુર, બનાસકાંઠાને મોકલેલો. પોલીસે વિગતવારનું પંચનામું તેઓની હાજરીમાં કરેલું અને પછી તે વાંચીને સહીઓ કરેલી.

ત્યારબાદ, આરોપીપક્ષે આ સાહેદની ઉલટ તપાસ કરવામાં આવેલ છે, જે ધ્યાને લેતાં, આરોપીપક્ષની ઉલટ તપાસમાં તેઓએ જણાવેલ છે કે, એ વાત ખરી છે કે ,આંક – ૧૭ વાળા પંચનામામાં પોલીસ ગુના રજીસ્ટર નંબર લખેલો નથી. મને પંચ માટે રહેવા બોલાવવામાં આવ્યો તે વખતે હું અમીરગઢ ફોરેસ્ટ ખાતામાં વનપાલ તરીકે ફરજ બજાવતો હતો. એ વાત ખરી છે કે, જે જગ્યા ઉપર

પંચનામું કર્યું તે જગ્યાની આજુબાજુ દુકાનો અને સરકારી ઓફીસો આવેલી છે. મને પંચ માટે લગભગ સવારના અગિયાર વાગે મોબાઈલ ફોનથી જાણ કરવામાં આવી. હું જયાં ફરજ ઉપર હાજર હતો ત્યાંથી મને જણાવવામાં આવેલી જગ્યા આશરે ત્રણ કિ.મી. દુર હતી. એ વાત ખરી છે કે, હું અમીરગઢ બોર્ડર ચેકપોસ્ટ પાસે ગયો ત્યારે સરકારી અને બિનસરકારી ઘણી બધી ગાડીઓ પડેલી હતી. એ વાત ખરી નથી કે, અમે ત્યાં પહોંચ્યા ત્યારે પોલીસ શ્રી ઝાલા સાહેબના ટેબલ ઉપર પેકેટમાં મુદામાલ પડેલો હતો. એ વાત ખરી છે કે, કમ્પાઉન્ડમાં પોલીસ સ્ટાફ હાજર હતો. એ વાત ખરી નથી કે, તે વખતે કમ્પાઉન્ડમાં અન્ય રાહદારી માણસો જોવા માટે ભેગા થયેલા હતા. એ વાત ખરી છે કે, પંચનામું લખાતું હતું તે વખતે ત્યાં કોઈપણ પોલીસ વાળા પાસે મેં લેપટોપ કે પ્રિન્ટર જોયેલું નથી. પંચનામું આશરે પાંચેક કલાક જેટલા સમય સુધી ચાલેલું હતું. એ વાત ખરી નથી કે, પંચનામું કરતા પહેલાં મુદામાલ ગાડી તમામ અમીરગઢ પોલીસ સ્ટેશન લઈ ગયેલા. એ વાત ખરી નથી કે, ચેકપોસ્ટ ઉપર કોઈ પંચનામું લખાયેલ નથી અને બાદમાં અમીરગઢ પો.સ્ટે.માં જઈને પોલીસે પંચનામું તૈયાર કરેલું હતું. એ વાત ખરી છે કે, મને પંચ તરીકે સ્થળ ઉપર બોલાવ્યો તે પહેલાં હું કોઈ પણ પોલીસવાળાને ઓળખતો ન હતો. એ વાત ખરી નથી કે, મારા પહોંચ્યા પછી પોલીસે તેઓની મને ઓળખાણ આપી હોય તેવું અને બાદમાં હાજર તમામની અરસપરસ અંગજડતી કરી કોઈ પ્રતિબંધિત ચીજવસ્તુ નથી તેની પોલીસે કાર્યવાહી કરેલ હોવાનું હું ખોટું જણાવી રહ્યો છું. એ વાત ખરી નથી કે, પોલીસે અમારા જોયા મુજબનું પંચનામું સ્થળ ઉપર લખેલું નહીં. એ વાત ખરી છે કે, તે વખતે ઝાલા સાહેબ બોલે જતા હતા અને જમાદાર લખે જતા હતા. એ વાત ખરી નથી કે, ઝાલા સાહેબે પંચનામા વખતે સાઈન્ટેફીક ઓફીસરને સ્થળ ઉપર બોલાવ્યા હોય તેવું બનેલું નથી. એ વાત ખરી નથી કે, ઝાલા સાહેબે ખોટું પંચનામું લખેલું અને હું પણ ફોરેસ્ટ

પોલીસ કર્મચારી હોઈ ઝાલા સાહેબના કહેવાથી તેવા પંચનામામાં મેં માત્ર સહી કરી આપેલી. એ વાત ખરી છે કે, આરોપી હિન્દી ભાષી છે તેવું મને જણાવવામાં આવેલું. આરોપી ગુજરાતી ભાષા જાણતો નથી તેવું હું કહીં શકું નહીં. એ વાત ખરી છે કે, ઝાલા સાહેબે મેજીસ્ટ્રેટને હાજર રાખવા છે કે કેમ? તેવી સમજ આરોપીને આપી અને તે અંગે આરોપીની સહી લીધી તે પત્ર હિન્દીમાં લખેલો ન હતો. એ વાત ખરી નથી કે, પોલીસે આરોપી સાથે વાતચીત અને પુછપરછ ગુજરાતીમાં જ કરેલી હતી. એ વાત ખરી નથી કે, આરોપીની ગાડીમાંથી પંચનામા સમયે મુદામાલ મળેલ હોવાની હકીકત હું ખોટી જણાવું છું. એ વાત ખરી નથી કે, મુદામાલ પોલીસના ટેબલ ઉપર પડેલો હતો અને તે બિનવારસી પોલીસને મળેલો હતો. એ વાત ખરી છે કે, મોબાઈલ અને રોકડ રકમ પોલીસે આરોપીના ખિસ્સામાંથી કબજે કરેલ. એ વાત ખરી નથી કે, મારી હાજરીમાં મુદામાલ તોલમાપની કોઈ કાર્યવાહી થયેલ નથી અને તોલમાપવાળાએ મારી હાજરીમાં કોઈ પ્રમાણપત્ર આપેલ નથી. એ વાત ખરી નથી કે, આરોપીએ તે સમયે પોલીસને કીધેલું હતું કે આવો કોઈ મુદામાલ તેનો નથી અને ખોટી રીતે અટક કરેલો છે. એ વાત ખરી નથી કે, સાયન્ટિફિક ઓફીસરે અમારી હાજરીમાં કોઈ કાર્યવાહી કરેલી નથી. એ વાત ખરી નથી કે, અમારી હાજરીમાં તપાસ કરનાર અમલદારે મેં પંચનામામાં જણાવ્યા અંગેની કોઈ કાર્યવાહી કરેલ નથી. એ વાત ખરી નથી કે, અમીરગઢ પોલીસવાળા મને વખતો વખત આવા કિસ્સામાં પંચ તરીકે બોલાવે છે અને હું તેમના કહેવાથી જાઉ છું. પોલીસે તે દિવસે મારૂ કોઈ સ્ટેટમેન્ટ લીધેલું હોય તેવું બનેલ નથી . એ વાત ખરી નથી કે, પોલીસશ્રી ઝાલા સાહેબે આરોપી સામે માદક પદાર્થનો ખોટો કેસ ઊભો કરેલો અને હું પણ ફોરેસ્ટ પોલીસ કર્મચારી હોઈ સદર ઝાલા સાહેબ પોલીસવાળાને મદદરૂપ થવા ખોટી જુબાની આપું છું.

આ સાહેદના પુરાવાનું મૂલ્યાંકન કરતાં સદરહું સાહેદ એ પંચ સાહેદ છે. તેણે મામલતદાર તરફથી યાદી મળતાં તેઓએ પંચ તરીકે રહેવા સંમતિ આપેલાની હકીકત જણાવેલી છે. તેની હાજરીમાં પોલીસ વાળાની, પંચોની તથા ગાડીઓની અને ડ્રાઈવરની અરસ–પરસ જડતી તપાસ કરવામાં આવેલાની હકીકતો જણાવવામાં આવેલ છે તેમ છતાં તેમાથી કોઇ ગુનાહિત ચીજ–વસ્તુ કે માદક પદાર્થ મળી આવેલ નથી અને તે બાબતનું તેની હાજરીમાં પ્રાથમિક પંચનામું થયેલાનું જણાવે છે. ત્યારબાદ તેઓ ચેક પોસ્ટ ઉપર ગયેલાનું અને ત્યાં એક ગાડીને કોર્ડન કરી ઉભી રહેલ પોલીસના માણસો બાબુદાન મહોબતદાન, વીરાભાઇ ધર્માભાઇ, આયુકખાન ઇસબખાન, મેઘરાજ ભાઈ સોમાભાઇ તમામનો વારાફરતી પરીચય કરાવી પંચો તથા પોલીસ સ્ટાફના માણસોની જડતી તપાસ કરવાનું કહેતાં તેઓની પાસેથી પણ કોઇ માદક પદાર્થ કે ચીજ વસ્તુ મળી આવેલ નહીં. ત્યારબાદ એક ગાડીની તપાસ કરતાં તેમાંથી પાછળની સીટના કવરની અંદર બ્લેક અને બદામી કલરના પાઉચ છુપાયેલા મળેલાનું તેના ઉપર પ્લાસ્ટીકની ટેપ વીંટળાયેલાનું અને તેના ૧૫ પાઉચ મળી આવેલા બાબતનો પુરાવો રજૂ કરેલ છે. ત્યાં એફ. એસ. એલ. અધિકારીને બોલાવવામાં આવેલા તેમણે તે મુદ્દામાલનું પરીક્ષણ કરેલાનું અને તે મુદ્દામાલ માદક પદાર્થ ચરસ હોવાનું જણાવેલાનું જણાવેલ છે. ત્યારબાદ તે સમયે તે મુદ્દામાલનું વજન કરવા માટે વેપારી મહાશ્ય મેલાપચંદ રેવાજી સોનીને બોલાવેલાનું અને તેની હાજરીમાં તે વેપારી મહાશ્ય પકડાયેલ મુદ્દામાલનો વજન કરી વજન કર્યા બદલનું પ્રમાણપત્ર પણ આપેલાનું જણાવેલ છે. તેને આરોપી પાસેથી પકડાયેલ આધારકાર્ડ, પાંચ મોબાઇલ, ચાર–એટીએમ કાર્ડ તથા આર.સી. બુકની કલર ઝેરોક્ષ કોપી બાબતે પણ જણાવેલ છે અને તે બધાને તેણે ઓળખી પણ બતાવેલ છે. આમ તેને તેની રૂબરૂ જે કાર્યવાહી કરવામાં આવેલી તે બાબતનો સ્પષ્ટ પુરાવો રજૂ કરેલ છે.

તેથી વિરૂધ્ધની કોઇ હકીકત ઉલટતપાસ થયેલ હોવા છતાં રેકર્ડ ઉપર આવેલ નથી.

૨૦. તદઉપરાંત ફરીયાદપક્ષે આંક. ૫૪ થી સાહેદ નં.૨ મેલાપચંદ જીવાજી સોનીને સોગંદ ઉપર તપાસેલ છે. તેઓએ સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓને પોલીસે જથ્થાનું વજન કરવા માટે યાદી આપેલી જેના આધારે તેઓ અમીરગઢ ચેકપોસ્ટ ઉપર ઈલેકટ્રીક વજન કાંટા સાથે ગયેલા અને ત્યાં ચરસનું વજન કરેલું. જથ્થાનું વજન કેટલું થયું તે વજન હાલમાં યાદ નથી અને કેટલા પેકેટ હતા તેની સંખ્યા હાલ યાદ નથી. પકડાયેલ વ્યકિત ત્યાં બેઠેલો હતો જેને જોયેથી તેઓ ઓળખી શકે. ત્યાં એક ગાડી હતી. વજન કર્યા બાદ તેઓએ તે અંગેનું પ્રમાણપત્ર પોલીસને આપેલું અને તેમાં તેઓએ તેમની સહી કરેલી. તેઓને મુદ્દામાલ બતાવવામાં આવે તો તેઓ ઓળખી શકે. તેઓને પ્લાસ્ટીકના બોકસ બતાવવામાં આવતાં તેમાં જે મુદામાલ છે તેનું વજન કરેલાનું જણાવેલ છે. તેઓને આંક. ૫૫ થી રજૂ થયેલ પ્રમાણપત્ર બતાવતાં, તે પ્રમાણપત્ર તેઓએ મુદામાલ ચરસનું વજન કરી આપેલું તે જ છે અને તેમાં તેઓની સહી તેઓએ ઓળખી બતાવેલ છે. વજન કરતાં સમયે ઘણા બધા પ્લાસ્ટીકના બોકસ હતા તેમાંથી એફ.એસ.એલ. સેમ્પલ અને રીઝર્વ સેમ્પલ માટે અલગ જથ્થો કરી તેઓએ વજન કરેલું.

ત્યારબાદ, આરોપીપક્ષે આ સાહેદની ઉલટ તપાસ કરવામાં આવેલ છે, જે ધ્યાને લેતાં, આરોપીપક્ષની ઉલટ તપાસમાં તેઓએ જણાવેલ છે કે, મારી દુકાન અમીરગઢ બજારમાં આવેલી છે. એ વાત ખરી છે કે, મને પોલીસ સ્ટેશનને કોઈ ગુનાના કામે બોલાવે તો હું જાઉં છું. એ વાત ખરી છે કે, અમીરગઢ પોલીસ સ્ટેશન અમારા ગામમાં નહીં પણ હાઈવે ઉપર આવેલ છે તેમજ ચેકપોસ્ટ અમીરગઢ ગામથી બે થી ત્રણ કિ.મી.ના અંતરે આવેલ છે. એ વાત ખરી છે કે, હું ચરસ બાબતે

કોઈ નોલેજ ધરાવતો નથી. મને બે જમાદાર બોલાવવા આવેલા. એ વાત ખરી નથી કે, મને જમાદાર સીધા પો.સ્ટે. લઈ ગયેલા. સાહેદ જણાવે છે કે મને ચેકપોસ્ટ લઈ ગયેલા. એ વાત ખરી નથી કે, મુદામાલનું વજન પોલીસ સ્ટેશનમાં થયેલું. એ વાત ખરી નથી કે, પ્રમાણપત્રમાં તે જ દિવસે મેં સહી કરેલી નહીં. એ વાત ખરી નથી કે, તે જ દિવસે મારો જવાબ લેવામાં આવેલ નહીં. એ વાત ખરી છે કે, હું તે પછી કોઈ દિવસે પોલીસ સ્ટેશન જવાબ આપવા ગયેલ નથી. એ વાત ખરી છે કે, આ કામગીરી બાબતે મને કોઈ મહેનતાણું મળેલ નથી. એ વાત ખરી છે કે, તપાસ અમલદારે મને મહેનતાણું આપવા બાબતે કોઈ વાત કરેલ નથી. એ વાત ખરી નથી કે, મુદ્ધામાલને લગત તમામ કામગીરી અમીરગઢ પો.સ્ટે. થયેલી હોવા છતાં પોલીસને મદદ કરવા ખોટી જુબાની આપું છું.

આ સાહેદના પુરાવાનું મુલ્યાંકન કરતાં હાલના સાહેદે વેપારી મહાશ્ય મુદામાલ માદક પદાર્થ મળી આવેલ. પોલીસે તેમને વજન કરવા બોલાવેલાનું જણાવેલ છે. તેઓ અમીરગઢ ચેક પોસ્ટ ઉપર ઈલેકટ્રીક વજન કાંટા સાથે ગયેલાનું અને ચરસનું વજન કરેલાનું તેમ પણ તેમણે જણાવેલ છે. અલબત્ત તેમને વજન યાદ નથી કે પેકેટ પણ યાદ નથી પરંતુ તેમણે વજન કર્યા બાદ જે પ્રમાણપત્ર આપેલું તેમાં પોતાની સહી ઓળખી બતાવેલ છે. આમ આ સાહેદને પણ સ્થળ ઉપર બોલાવવામાં આવેલ હોય તેને માદક પદાર્થનું વજન કરી તે અંગેનું પ્રમાણપત્ર આપેલ છે તે હકીકત રેકર્ડ ઉપર આવેલ છે.

૨૧. તદઉપરાંત ફરીયાદપક્ષે આંક. ૫૬ થી સાહેદ નં.૩ દિપ મનહરકુમાર પટેલને સોગંદ ઉપર તપાસેલ છે. તેઓએ સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓનો અભ્યાસ એમ.એ.સી. બાયોટેકનોલોજી છે. તેઓ મોબાઈલ સાયન્ટેફીક ઓફીસર તરીકે બનાસકાંઠા જીલ્લામાં ફરજ બજાવે છે. ફરજ દરમિયાન વિવિધ પો.સ્ટે. દ્વારા ગંભીર ગુનાઓ જેવા

કે ખુન, ખુનની કોશીશ, નાર્કોટિક્સ સંબંધિત રેડના મેસેજ મળતાં સ્થળ ઉપર પહોંચી પ્રાથમિક અભિપ્રાય સર્ટી. પાઠવે છે. તા. ૨૦/૦૧/ ૨૨ ના કલાક ૧૩–૦૪ વાગ્યે કંટ્રોલ રૂમનો ટેલીફોનીક મેસેજ મળતાં રેડીંગ અધિકારીશ્રી ડી.આર.ગઢવી એસ.ઓ.જી. પી.આઈ. પાલનપુરનો ટેલીફોનીક સંપર્ક સાધી અમીરગઢ બોર્ડર ચેકપોસ્ટ ખાતે આવેલ ચેકપોસ્ટના મકાનવાળી જગ્યાએ પહોંચેલ તથા રેડીંગ અધિકારીશ્રી તેમના સ્ટાફ અને અન્ય લોકોની હાજરીમાં તેમના દ્ધારા બતાવેલ શંકાસ્પદ માદક પદાર્થની પ્રાથમિક નિરીક્ષણ તથા ચકાસણી કરેલ. રેડીંગ અધિકારીશ્રી દ્ધારા અમીરગઢ ચેકપોસ્ટના મકાન પાસે કંમ્પાઉન્ડમાં કુલ નંગ – ૧૫ નાના કદના પેકેટ બતાવતાં તેનું પ્રાથમિક નિરીક્ષણ અને ચકાસણી કરેલી. જે તમામ પેકેટ બદામી તેમજ કાળા કલર એડહેસીવ ટેપથી વીંટાળીને બનાવેલ જણાયેલ. જે પૈકી એક પેકેટમાં અનિયમિત આકારનો થપ્પીમય ચીકણો ઘેરા કથ્થઈ કલરનો કાળા જેવો પદાર્થ જણાયેલ જેમાંથી વિશિષ્ટ લાક્ષણીક વાસ આવતી હતી તથા ચાર પેકેટમાં જોતાં દરેક પેકેટમાં પાંચ પારદર્શક ઝીપલોક થેલીમાં લંબચોરસ ચોરસા સ્વરૂપે ઉપરોકત મુજબની લાક્ષણિકતા જેવી કે થપ્પીમય ચીકણો ઘેરા કથ્થઈ કાળા કલરનો લાક્ષણીક વાસવાળો દેખીતી રીતે સમાન હોય તેવો પદાર્થ હતો તથા દસ પેકેટ જોતાં દરેક પેકેટમાં અનિયમિત આકારની ગોળાકાર ગોટી સ્વરૂપનો ચીકણો ઘેરા કથ્થઈ કાળા કલરનો લાક્ષણિક વાસવાળો દેખીતી રીતે સમાન હોય તેવો પદાર્થ હતો જે દસ પેકેટમાં અનુક્રમે 100, 100, 100, 101, 101, 102, 198, 198, 199, 200 અમે કુલ ૧૩૯૯ નંગ અનિયમિત આકારની ગોટીઓ હતી જે પારદર્શક પતળા પ્લાસ્ટિકમાં વીંટાળેલ હતી. સદર તમામ 15 પેકેટમાંથી રેન્ડમલી થોડો થોડો પદાર્થ લઈ દરેક પેકેટમાં રહેલ પદાર્થના બે અલગ અલગથી અમારી પાસે ઉપલબ્ધ પ્રાથમિક નારકોટ્રીકસ ડીટેકશન કીટ રાસાયણિક કસોટીઓ કરતાં દરેકની

કસોટીમાં "કેનાબીજ ના સક્રીય ઘટકો" ની હાજરીનું પરીણામ સકારાત્મક મળેલ છે આમ પ્રાથમિક રીતે સદર શંકાસ્પદ પદાર્થમાં "કેનાબીજ ના સકીય ઘટકો" ની હાજરી હોવાનું કહી શકાય છે. બનાવ સ્થળે શંકાસ્પદ પદાર્થનો જથ્થો – માત્રા વજન નિર્ધારિત કરવા સુચન કરેલ. દરેક પેકેટમાંથી આશરે 30–30 ગ્રામ જેટલો નમુનો લઈ વધુ વિગતવાર સ્પષ્ટ અભિપ્રાય સારૂ ડી.એફ.એસ. ગાંધીનગર લેબ ખાતે સત્વરે મોકલવા તેમજ તેટલી જ માત્રામાં રીઝર્વ સેમ્પલ લેવા સુચન કરેલ તેમજ બાકી વધેલ જથ્થાને યોગ્ય રીતે સીલ કરી ઘટતી કાર્યવાહી કરવા જણાવેલ. બનાવ સ્થળે જરૂરી વૈજ્ઞાનિક માર્ગદર્શન તેમજ મૌખિક સૂચન તા.20/01/22 ના કલાક 14–30 થી 16–00 દરમ્યાન મો.ઈ.વા./પાલનપુર/52568 ના રિપોર્ટથી સ્થળ ઉપર પાઠવેલ. જે તેઓના હસ્તાક્ષરમાં તૈયાર કરેલ જેમાં તેઓનો હોદ્દાનો સિક્કો તથા તેમની સહી છે જે અસલ પ્રમાણપત્ર તેઓએ રેઈડીંગ અધિકારીશ્રી ગઢવીને સોંપેલ. તેઓને આંક.૫૭ વાળું પ્રમાણપત્ર બતાવતાં તે ઓળખી બતાવેલ છે. તેઓને આંક.૫૮ વાળો પત્ર બતાવતાં તે તેઓને ઉદેશીને પાઠવવામાં આવેલો તે જ હોવાનું જણાવેલ છે અને તેમાં રીસીવ કરનાર તરીકેની સહી તેઓએ ઓળખી બતાવેલ છે.

ત્યારબાદ, આરોપીપક્ષે આ સાહેદની ઉલટ તપાસ કરવામાં આવેલ છે, જે ધ્યાને લેતાં, આરોપીપક્ષની ઉલટ તપાસમાં તેઓએ જણાવેલ છે કે, મને તા. 20/1/22 ના કલાક – 13–04 વાગ્યે જે મેસેજ મળેલા તે વખતે હું પાલનપુર ખાતે હતો. પાલનપુરથી અમીર ગઢ ચેકપોસ્ટ કેટલા કિલોમીટર થાય તે હું ચોકકસ ના કહી શકું. હું તા. 20/01/22 ના કલાક 14–25 વાગ્યે અમીરગઢ ચેકપોસ્ટ ઉપર પહોંચેલા. હું ચેકપોસ્ટ પહોંચ્યો ત્યારે રેડીંગપાર્ટીના અધિકારી હાજર હતા અને તે મુદ્દામાલ પડેલ હતો તે ભોંચતળિયે હતો. એ વાત ખરી નથી કે, મને મેસેજ મળતા હું અમીરગઢ પો.સ્ટે. ગયેલો અને ત્યાં

કાર્યવાહી કરેલ છે. એ વાત ખરી નથી કે, હું જણાવું છું તે રીતે સ્થળ ઉપર જઈને મેં કાર્યવાહી કરીને કોઈ પરીક્ષણ કરેલું નથી. એ વાત ખરી નથી કે, મેં રજૂ કરેલું સર્ટીફીકેટ મેં મારી ઓફીસમાં બેઠાબેઠા તૈયાર કરી પોલીસવાળા શ્રી ગઢવીને આપી દીધેલું. એ વાત ખરી નથી કે, પદાર્થમાંથી ચરસની વાસ આવતી હોવાનું હું ખોટું જણાવું છું. એ વાત ખરી નથી કે, પોલીસે મને કીધેલું કે ચરસનો કેસ બનાવવાનો છે જેથી પોલીસના કહેવાથી ચરસની વાસ આવતી હોવાનું હું જણાવી રહ્યો છું. એ વાત ખરી નથી કે, પોલીસને મદદ કરવા માટે હું સોગંદ ઉપર ખોટી જુબાની આપું છું.

આ સાહેદના પુરાવાનું મુલ્યાંકન કરતાં હાલના સાહેદે સાયન્ટિફિક ઓફીસર છે તેમને પણ બનાવ સ્થળે કાર્યવાહી વખતે બોલાવવામાં આવેલા તેમણે જણાવેલ છે. તેમણે ત્યાં જઇ મળી આવેલ માદક પદાર્થનું પૃથ્થકરણ સ્થળ ઉપર કરેલાનું જણાવેલ છે અને તેમની પાસે રહેલ નાર્કોટિક ડીટેકશન કીટ ધ્વારા મુદ્દામાલનું રાસાયણીક પરીક્ષણ કરતાં તે મુદ્દામાલમાં કેનાબીશના સક્રિય ઘટકોની હાજરીની સકારાત્મક પરિણામ મળેલાનું જણાઇ આવેલું. ત્યારબાદ તેમણે તે અંગેનું પ્રમાણપત્ર આપેલાનું અને સ્પષ્ટ અભિપ્રાય માટે મુદ્દામાલ દરેક પેકેટ માંથી ૩૦– ૩૦ ગ્રામ જેટલો નમુનો લઇ તેમજ તેટલો જ નમુનો રીર્ઝવ સેમ્પલ તરીકે રાખવા સુચના આપી, એફ. એસ. એલ. સેમ્પલ ડી. એફ. એસ. ગાંધીનગર ખાતે મોકલી ત્યાંનો પણ અભિપ્રાય મેળવવા સુચના આપેલાનો પુરાવો રજૂ કરેલ છે અને પોતે જે પ્રાથમિક પરીક્ષણ કરેલું અને તે અંગેનું પ્રમાણપત્ર આપેલું તેમાં પણ પોતાની સહી ઓળખી બતાવેલ છે.

૨૨. તદઉપરાંત ફરીયાદપક્ષે આંક. ૫૯ થી સાહેદ નં.૪ ભરતકુમાર નાથાલાલ દિવાનને સોગંદ ઉપર તપાસેલ છે. તેઓએ સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, તા.૨૦/૦૧/૨૦૨૨ ના રોજ તેઓ

અમીરગઢ પો.સ્ટે.માં પી.એસ.ઓ. તરીકે ફરજ ઉપર હતા તે દરમ્યાન આશરે પોણા અગીયાર વાગ્યાના સુમારે એ.એસ.આઈ. બાબુદાન મહોબતદાન નાઓનો તેઓના ઉપર ફોન આવેલ કે "અમો અમીરગઢ બોર્ડર ચેક પોસ્ટ ઉપર વાહન ચેકીંગમાં હતા તે દરમ્યાન રાજસ્થાન તરફથી એક સફેદ કલરની આઈ ૨૦ ગાડી નં.એચ.પી.૩૪.ડી.૩૧૩૯ ની આવેલી જેમાં અમો ચેક કરતાં ગાડીના પાછળના ભાગે પેકેટ ભરેલા હોય જે બાબતે તપાસ કરતાં ચરસ હોવાનું જાણવા મળેલ છે તો તમો આપણા અધિકારીશ્રીને જાણ કરો. તેવું તેઓને જણાવતાં તેઓએ ૧૦:૫૫ કલાકે તેઓના થાણા અધિકારીશ્રી એમ.કે.ઝાલા સાહેબને જાણ કરેલી અને તેમણે તેઓને જણાવેલ કે તમો એસ. ઓ. જી. શાખામાં ફોન કરી આ બાબતની વર્ધી લખાવો જેથી તેઓએ તરત જ ઉપરોકત બાબતેની એસ.ઓ.જી. શાખામાં જાણ કરેલી. તે બાદ સાંજે મોડેથી એક ઈસમ કિરણ અમરચંદ નેગી રાજપુત રહે. હિમાચલ પ્રદેશ વાળાને સાથે લઈ એક ફરીયાદ તથા તેની સાથેના કાગળો તથા ૩૦ પેકેટ, પાંચ મોબાઈલ તથા આધાર કાર્ડ, એ.ટી.એમ. કાર્ડ સાથે તેઓને ડી.આર.ગઢવીનાઓએ હુકમ સાથે ગુનો દાખલ કરવા આવતાં તેઓએ તે સાહેબની સુચના મજબ ગુનો દાખલ કરી મદ્દામાલ પાવતી ફાડી મુદ્દામાલ રાઈટર હે.કો. ને શીલબંધ સોંપેલ તથા આગળની તપાસ કે.કે.પાટડીયા સાહેબને સોપવામાં આવેલ જે બાબતની તેઓએ સ્ટેશન ડાયરીમાં નોંધ કરેલ છે. તેઓને આંક.૬૦ વાળી યાદી પો.ઈ.શ્રી. એસ.ઓ.જી. ડી.આર.ગઢવી તરફથી ગુનો દાખલ કરવા મળેલી જે ધ્યાને લઈ તે યાદીમાં તેઓએ ગુનો ડેપ્યુટ કરવા બાબતની નોંધ કરી તેમાં પી.એસ.ઓ. તરીકે તેઓએ તેમની સહી કરેલ તે તેઓએ ઓળખી બતાવેલ છે. આંક ૬૦ આધારે તેઓએ આ ગુનો અમીરગઢ પો.સ્ટે.ના પાર્ટ બી ગુ.ર.નં. ૦૨૯/૨૦૨૨, એન.ડી.પી.એસ. એકટની કલમ ૮(સી), ૨૦(બી) (આઈ આઈ) (સી) મુજબનો ગુનો આરોપી સામે નોંધીને તે અંગેનું આંક.૬૧ થી રજૂ

થયેલ સુચીપત્ર તૈયાર કરેલ અને તેમાં તેઓની સહી તેઓએ ઓળખી બતાવેલ છે. ગુનો નોંધ્યા બાદ આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી. કે.કે.પાટડીયાને કાગળો સાથે સોંપેલ. મુદ્દામાલ તેઓને બતાવવામાં આવે તો તેઓ ઓળખી શકે. તેઓ આરોપીને ઓળખે છે.

ત્યારબાદ, આરોપીપક્ષે આ સાહેદની ઉલટ તપાસ કરવામાં આવેલ છે, જે ધ્યાને લેતાં, આરોપીપક્ષની ઉલટ તપાસમાં તેઓએ જણાવેલ છે કે, એ વાત ખરી છે કે અમારા પો.સ્ટે.માં ગુના નોંધવા માટે આઈ. પી .સી., પ્રોહીબીશન તથા એન. ડી. પી. એસ. એકટ હેઠળના ગુનાઓ નોંધવા અલગ અલગ રજીસ્ટ્રરો નિભાવવામાં આવે છે. એ વાત ખરી છે કે ફરીયાદ પહેલાં રજીસ્ટ્રરમાં નોધવામાં આવે છે ત્યારબાદ તેનો કલમ ૧૫૪ અન્વયેનો રિપોર્ટ ફાડવામાં આવે છે. એ વાત ખરી છે કે અમીરગઢ ચેકપોસ્ટ ઉપર અમીરગઢ પોલીસ સ્ટેશનેથી પોલીસ કર્મચારીઓ મોકલવામાં આવે છે અને તેનું ડયુટી રજીસ્ટ્રર નિભાવવામાં આવે છે. અમીરગઢ પો.સ્ટે. થી અમીરગઢ ચેકપોસ્ટ વચ્ચેનું અંતર અંદાજે સાડા ત્રણ કી.મી. છે. એ વાત ખરી નથી કે તા.૨૦/૧/૨૨ ના રોજ અમીરગઢ ચેકપોસ્ટ ઉપર સમગ્ર કાર્યવાહી કરવામાં આવેલ નહી. એ વાત ખરી નથી કે મારી સમક્ષ જે ફરીયાદ આપવામાં આવેલ તે મેં ખોટી રીતે નોધેલ છે.

આ સાહેદના પુરાવાનું મુલ્યાંકન કરતાં તેઓ અમીરગઢ પો. સ્ટે. ના પી. એસ. ઓ. છે. તેમને તા. ૨૦/૦૧/૨૨ ના રોજ પોણા અગિયાર વાગ્યાના સુમારે એ. એસ. આઈ. બાબુદાન મહોબતદાન નાઓએ ફોન કરી જણાવેલ કે, તેઓ અમીરગઢ બોર્ડર ચેક પોસ્ટ ઉપર વાહન ચેકીંગમાં હતા તે દરમ્યાન રાજસ્થાન તરફથી એક ગાડી આવતાં તેની તપાસ કરતાં તે ગાડીના પાછળના ભાગે પેકેટો ભરેલાનું હોવાનું જણાઈ આવતાં તેમણે અધિકારીને જાણ કરવા બાબતે જણાવેલું જેથી તેમને તેમના થાણા અધિકારીશ્રી એમ. કે. ઝાલાને તે બાબતે જાણ કરેલી અને શ્રી એમ. કે. ઝાલાએ તે બાબતે એસ. ઓ.

જી. શાખામાં ફોન કરી વર્ધી લખાવવાનું કહેતાં તેઓએ એસ. ઓ. જી. ખાતે ફોન કરી વર્ધી લખાવેલા બાબતનો પુરાવો રજૂ કરેલ છે. ત્યારબાદ ફરીયાદ નોંધેલાનું, મુદ્દામાલ તેમની સમક્ષ આવતાં તે સ્વીકારેલાનું અને તે સીલબંધ હાલતમાં રાઈટર હે. કો.ને સોંપેલાનું જણાવેલું અને આગળની તપાસ શ્રી કે. કે. પાટડીયાને સોંપેલાનું અને તે બાબતની સ્ટેશન ડાયરીમાં નોંધ કરેલાનું તેણે પુરાવો રજૂ કરેલ છે.

૨૩. તદઉપરાંત ફરીયાદપક્ષે આંક. ૬૫ થી સાહેદ નં. ૫ ફરીયાદી મહાવિર સિંહ કાળુસિંહ ઝાલાને સોગંદ ઉપર તપાસેલ છે. તેઓએ સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ તા.૨૦/૦૧/૨૦૨૨ ના રોજ અમીરગઢ પોલીસ સ્ટેશન ખાતે ઈ./ચા. પી.આઈ. તરીકે ફરજ ઉપર હાજર હતા. તે દરમિયાન ફરજ ઉપરના પી.એસ.ઓ. એ. એસ. આઈ. ભરતભાઈનાઓએ કલાક ૧૦-૫૫ વાગે તેઓને જાણ કરેલ કે અમીરગઢ ચેકપોસ્ટ ઉપર ફરજ પરના એ.એસ.આઈ. બાબુદાન નાઓએ ટેલીફોનીક જાણ કરેલ છે કે અમીરગઢ ચેકપોસ્ટ ખાતે તેઓ વાહન ચેકીંગમાં હતા તે દરમિયાન આબુરોડ તરફથી આવતી એક સફેદ કલરની આઈ-૨૦ ગાડી નં. એચ.પી. ૩૪. ડી. ૧૫૩૯ નાઓની તપાસ કરતાં ગાડીની પાછળની સીટના પાછળના ભાગે તથા પાછળની સીટના નીચેના ભાગે કાળા તથા બદામી કલરના એડહેશીવ ટેપ વીંટાળેલ શંકાસ્પદ પેકેટ મળી આવેલ છે તે બાબતે તેના ચાલકને પુછતાં તેમાં ચરસ હોવાનું જણાવેલ જેથી તેઓએ પી.એસ.ઓ.શ્રીને આ બાબતે કાયદેસરની કાર્યવાહી કરવા સારૂ એસ.ઓ.જી. પી.આઈ.શ્રી ડી.આર.ગઢવીનાઓને જાણ કરવા સુચના કરતાં પી.એસ.ઓ.શ્રી કલાક-૧૧:૦૦ વાગ્યે એસ.ઓ.જી. પી.આઈ.શ્રી ને ટેલિફોનીક જાણ કરતાં તેઓએ પી. એસ. ઓ. શ્રીને સરકારી પંચો બોલાવવા માટે તેઓને જાણ કરવાનું કહેતાં તેઓ સરકારી ગાડી નં.જી.જે.૦૮.જી.એ. ૧૨૭૭ માં ડ્રાઈવર કમલેશભાઈ

નાઓ સાથે અમીરગઢ ચેક પોસ્ટ જવા રવાના થયેલ અને ચેકપોસ્ટ ખાતે પહોંચી સરકારી પંચો બોલાવવા સારૂ ચાદી લખી હેડ કોન્સ. મહેન્દ્રસિંહનાઓને અમીરગઢ પો.સ્ટે.ના સરકારી પોલીસ વાહનમાં મોકલી આપેલ. ત્યારબાદ ક.૧૨:૦૦ વાગ્યે એસ.ઓ.જી. પી. આઈ. શ્રી ડી. આર. ગઢવીનાઓ સરકારી વાહનો જી.જે.૦૮. જી.એ. ૦૧૪૭ તથા જી.જે.૧૮. જી.એ. ૨૬૭૬ માં એસ.ઓ.જી. પોલીસ સ્ટાફના માણસો સાથે ચેકપોસ્ટ ખાતે આવી પહોંચેલ અને તે દરમિયાન હેડ કોન્સ. મહેન્દ્રસિંહનાઓ પણ સરકારી પંચોને લઈ ચેકપોસ્ટ ખાતે આવી ડી. આર.ગઢવીનાઓએ પોતાનો પરીચય આપી પંચોને તેઓનો પરીચય પુછતાં પંચ નં.૧ હસમુખભાઈ મોદી તથા પંચ નં.ર રમેશજી ઠાકોર બન્ને નોકરી રેન્જ ફોરેસ્ટ ઓફીસની કચેરી અમીરગઢનાનો આપેલ અને પી.આઈ. શ્રી.નાઓએ તેઓનો તથા પોલીસ સ્ટાફના માણસોનો પરીચય આપી હકિકતથી વાકેફ કરી કાચદેસર કરવા સારૂ સમજ કરતાં પંચોએ સ્વખુશી દર્શાવતા પી.આઈ. સાહેબનાઓએ એન. ડી. પી. એસ. લગત કાચદેસરની કાર્યવાહી કરવા પોલીસ સ્ટાફને પણ સમજ કરી પંચો તથા પોલીસ સ્ટાફની અરસ-પરસ અંગઝડતી કરવાની સુચના કરતાં પંચોએ પોલીસની તથા પંચોને પોલીસે અંગઝડતી કરતાં કોઈ માદક પદાર્થ કે ગુનાહિત વાંધાજનક વસ્તુ મળી આવેલ નહીં. ત્યારબાદ એસ.ઓ.જી. પી.આઈ. શ્રીની સરકારી ગાડી નં.જી.જે. ૦૮. જી.એ. ૦૧૪૭ ની ઝડતી તપાસ કરતાં ગાડીમાંથી કંઈ ગુનાહિત કે વાંધાજનક વસ્તુ મળી આવેલ નહીં પરંતુ ગાડીની પાછળની સીટમાં એક એન.ડી.પી.એસ. લગત સીલકીટ બોક્ષ પડેલ જેની અંદર લાખ, દવાખાનાની સફેદ પટ્ટી, વિગેરે પડેલ હતું. સદરહું ગાડીને ડ્રાઈવીંગ સીટ ઉપર બેઠેલ ચાલકનું નામ બેચરભાઈ જણાવેલ તેઓની પણ અંગઝડતી કરતાં કોઈ ગુનાહિત કે વાંધાજનક ચીજવસ્તુ મળી આવેલ નહીં. ત્યારબાદ સદરહુ ગાડીની બાજુમાં એસ.ઓ.જી.ની બીજી એક સરકારી ગાડી જી.જે.૧૮. જી.એ. ૨૬૭૬ નાની પડેલ જેની

ઝડતી કરતાં કોઈ ગુનાહિત કે વાંધાજનક ચીજવસ્તુ મળી આવેલ નહીં. તેમજ સદરહું ગાડીને ડ્રાઈવીંગ સીટ ઉપર બેઠેલ ચાલકનું નામ સરદારભાઈ જણાવેલ. તેઓની પણ અંગઝડતી કરતાં કોઈ ગુનાહિત કે વાંધાજનક ચીજવસ્તુ મળી આવેલ નહીં. તેમજ સદરહુ ગાડીની બાજુમાં અમીરગઢ પો.સ્ટે.ની સરકારી ગાડી નં. જી.જે.૦૮. જી.એ. ૧૨૭૭ નાની પડેલ જેની ઝડતી કરતાં કોઈ ગુનાહિત કે વાંધાજનક ચીજવસ્તુ મળી આવેલ નહીં. તેમજ સદરહું ગાડીની ડ્રાઈવીંગ સીટ ઉપર બેઠેલ ચાલકનું નામ કમલેશભાઈ જણાવેલ. તેઓની પણ અંગઝડતી કરતાં કોઈ ગુનાહિત કે વાંધાજનક ચીજવસ્તુ મળી આવેલ નહીં. ત્યારબાદ એસ.ઓ.જી. પી.આઈ.નાઓએ એન.ડી.પી.એસ. રેઈડ આયોજન અંગે લેખિત રિપોર્ટ તૈયાર કરી કવરમાં મુકી કવર બંધ કરી પોલીસ અધિક્ષકશ્રી બનાસકાંઠાનાઓને મોકલી આપવા સારૂ પો.કો. વિનોદભાઈને ખાનગી વાહનમાં રવાના કરેલ અને મુદ્દામાલનું એફ. એસ. એલ. પરીક્ષણ કરવા સારૂ એફ. એસ. એલ. અધિકારીશ્રીને બોલાવવા સારૂ એસ.ઓ.જી. પી.આઈ.નાઓએ કલાક ૧ ૨:૪૦ વાગ્યે પી. એસ. ઓ. ભરતભાઈનાઓને કંટ્રોલ રૂમને જાણ કરવા વર્ધી લખાવેલી. ત્યારબાદ ચેકપોસ્ટના મકાનના આગળના કંપાઉન્ડના પુર્વ બાજુએ સેડની સાઈડમાં ચેકપોસ્ટના બેરીચરની આગળ આઈ–૨૦ ગાડી નં. એચ.પી.૩૪. ડી. ૧૫૩૯ નાઓને ચેકપોસ્ટના પોલીસના માણસોએ કોર્ડન કરી ઉભી રખાવેલ હોય એસ.ઓ.જી. પી.આઈ.નાઓ તથા પંચો તથા અમો તથા પોલીસ સ્ટાફના માણસો ચાલતા સદરહું ગાડી પાસે ગયેલ અને સદરહું ગાડીને કોર્ડન કરીને ઉભેલ પોલીસના માણસોનો પી.આઈ.સાહેબે પરીચય પંચોને કરાવેલ. જેમાં એ.એસ.આઈ. બાબુદાન, હેડ કોન્સ. વીરાભાઈ, હેડ કોન્સ. યાકુબખાન તથા પો.કો. મેઘરાજભાઈનાઓનો પરીચય કરાવેલો અને તેઓની પણ અરસ–પરસ અંગઝડતી કરતાં કંઈ ગુનાહિત કે વાંધાજનક ચીજ વસ્તુઓ મળી આવેલ નહીં.

ત્યારબાદ કોર્ડન કરેલ ગાડીના ચાલકની ગાડીમાંથી ઉતારી તેઓનું નામઠામ પંચો રૂબરૂ પુછતાં પોતાનું નામ કિરણકુમાર અમરચંદ નેગી રહે. રાંઘડી, તા.જી. કુલ્લુ, હિમાચલપ્રદેશના હોવાનું તેમણે હિન્દી ભાષમાં જણાવેલ. ત્યારબાદ પી.આઈ.શ્રી. નાઓએ કિરણકુમાર અમરચંદ નેગીની તથા તેમની સાથેની ગાડીની ઝડતી કરવા સારૂ એન.ડી.પી. એસ. ક. ૪૨, ૪૩ મુજબનો ઠરાવ કરી જયુ. મેજી. ફ. ક. સાહેબશ્રી અમીરગઢનાઓને નકલ રવાના કરેલ. ત્યાર બાદ એસ. ઓ. જી. પી. આઈ. નાઓએ મજકુર કિરણકુમાર અમરચંદ નેગીને જણાવેલ કે અમો એક ગેઝેટેડ અમલદાર છીએ તેમ છતાં તમો અન્ય કોઈ ગેઝેટેડ અમલદાર કે અન્ય મેજીસ્ટ્રેટશ્રીનાઓ સમક્ષ તમારી ઝડતી કરાવવી હોય તો તે તમારો કાનુની અધિકાર છે. જેથી મજકુર કિરણકુમાર અમરચંદ નેગીનાઓએ હિન્દી ભાષામાં જણાવેલ કે આપ અમારી ઝડતી કરી શકો છો મને કાંઈ વાંધો નથી. જે બાબતે એસ.ઓ.જી. પી.આઈ.નાઓએ એન.ડી.પી.એસ. એકટની કલમ– ૫૦ મુજબનો ઠરાવ કરી તેમાં તેઓની મજકુર ઈસમની તથા પંચોની સહીઓ મેળવી અસલ પ્રત તેઓને અદા કરેલ અને મજકુર કિરણકુમારનાઓને પી. આઈ. સાહેબે જણાવેલ કે તમે અમો પોલીસ તથા પંચોની માદક પદાર્થ સબંધે અંગઝડતી કરવી હોય તો કરી શકો છો, પરંતુ મજકુર ઈસમે હિન્દી ભાષામાં તેવુ કરવાનો ઈન્કાર કરેલ. ત્યારબાદ સદરહું ગાડીની આગળ–પાછળ નંબર પ્લેટ જોતાં ગાડી નં. એચ.પી. ૩૪. ડી.૧૫૩૯ લખેલ જોવા મળેલ. જે ગાડીના દરવાજા ખોલી જોતાં બન્ને સીટો ઉપર કોઈ ગુનાહિત ચીજવસ્તુ મળી આવેલ નહીં. ત્યારબાદ સદરહું ગાડીની પાછળ ડેકી ખોલીને જોતા તેમાં એક સ્પેર વ્હીલ પડેલ હતું. ત્યારબાદ સદરહુ ગાડીની પાછળની સીટના પાછળના ભાગે કવર ઉંચુ કરીને જોતાં તેમાં કાળા તથા બદામી કલરના એડહેશીવ ટેપ વીંટાળેલ પેકેટ ફીટ કરેલ હતું. તેમજ પાછળની સીટના નીચેના ભાગે કવરની નીચે બદામી કલરના એડહેસીવ ટેપ

વીંટાળેલ પેકેટ ફીટ કરેલ હતા જે પેકેટો બાબતે મજકુર ઈસમને પંચો રૂબરૂ પુછતાં તેમાં ચરસ હોવાનું જણાવેલ. જેથી સદરહું ગાડીને મજકુર ઈસમ સાથે અમીરગઢ ચેકપોસ્ટના મકાન આગળ લાવેલ અને ગાડીની પાછળની સીટના પાછળના ભાગેથી કાળા તથા બદામી રંગના એડેહેસીવ ટેપ વીંટાળેલ પેકેટ બહાર કાઢી ગણી જોતાં કુલ–૧૧ હતા. તેમજ પાછળની સીટના નીચેના ભાગેથી બદામી રંગના એડહેશીવ ટેપ વીંટાળેલ પેકેટ બહાર કાઢી જોતાં કુલ–૪ હતા. એમ કુલ–૧૫ પેકેટ મળી આવેલ. ત્યારબાદ મળી આવેલ મુદ્દામાલનું વજન કરવા સારૂ વેપારી મહાશયને લેવા માટે તેમજ પ્લાસ્ટીકના પારદર્શક ડબ્બાઓ લેવા માટે પો.કો. મેઘરાજભાઈનાઓને અમીરગઢ પો.સ્ટે.ના સરકારી વાહનમાં રવાના કરેલ. ત્યારબાદ મજકુર કિરણકુમારના શરીરે જોતાં આછા વાદળી કલરનું શર્ટ તથા આછા ક્રીમ કલરનું પેન્ટ પહેરેલ અને બ્લેક કલરનું ગરમ જેકેટ પહેરેલ. મજકુર ઈસમની અંગજડતી કરતાં પહેરેલ શર્ટના ખિસ્સા માંથી સદર કિરણકુમારના નામનું આધાર કાર્ડ મળી આવેલ. તેમજ ગાડીની આર.સી.બુકની કલર ઝેરોક્ષ મળી આવેલ તેમજ સેમસંગ કંપનીનો એન્ડ્રોઈડ ફોન મળી આવેલ. તેમજ મજકુર ઈરામના જેકેટના ડાબી બાજુના ખિસ્સામાંથી એક વિવો કંપનીનો એન્ડ્રોઈડ ફોન તથા સેમસંગ કંપનીનો કિ–પેડ મોબાઈલ સીમકાર્ડ વગરનો મળી આવેલ. તેમજ જેકેટના જમણી બાજુના ખિસ્સામાંથી બે કિ–પેડ મોબાઈલ મળી આવેલ જેમાં પ્રથમ સેમસંગ કંપનીનો તથા બીજો લાવા કંપનીનો કી–પેડ મોબાઈલ મળી આવેલ. તથા પેન્ટના પાછળના ખિસ્સામાંથી એક પોકેટ મળી આવેલ જે પોકેટની અંદર રોકડા રૂ.૨૩,૪૦૦/– (અંકે રૂપિયા ત્રેવિસ હજાર ચારસો પુરા) તથા મજકુર કિરણકુમારના નામનું પાનકાર્ડ તથા એક્ષિસ બેંકના બે ડેબીટ કાર્ડ તથા એચ.ડી.એફ.સી. બેંકનું ઈન્ટરનેશનલ ડેબિટ કાર્ડ તથા પંજાબ નેશનલ બેંકનું એ.ટી.એમ. કાર્ડ એમ કુલ ૪ એ.ટી.એમ./ ડેબીટ કાર્ડ

મળી આવેલ. દરમ્યાન ક.૧૪:૨૫ વાગ્યે એફ. એસ. એલ. અધિકારી શ્રીનાઓ અમીરગઢ ચેકપોસ્ટ ખાતે આવતાં તેઓએ પોતાનો પરિચય ડી. એમ. પટેલ, એફ. એસ. એલ. અધિકારીશ્રી, પાલનપુરનાઓનો આપતાં પી.આઈ.શ્રી ડી.આર.ગઢવી સાહેબનાઓએ પોતાનો તથા પોલીસ સ્ટાફનો તથા પંચોનો તથા મજકુર પકડાયેલ ઈસમનો પરિચય કરાવી મળી આવેલ શંકાસ્પદ માદક પદાર્થના પરીક્ષણ કરવા સારૂ લેખિત યાદી આપેલ. ત્યારબાદ એફ.એસ.એલ. અધિકારીશ્રીની સુચના મુજબ કાતરથી તમામ પેકેટો વારાફરતી કાપીને તેમાંથી જરૂરી નમુનાઓ લઈ એફ.એસ.એલ. અધિકારીશ્રીનાઓએ તેઓની પાસે રહેલ રાસાયણીક પરીક્ષણ કરવાની કીટથી પરીક્ષણ કરતાં તેમાં કેનાબીજના સક્રિય ઘટકોની હાજરી જણાઈ આવેલ અને સદરહું પદાર્થ ચરસ હોવાનું જણાવેલ. તેમજ મળી આવેલ ચરસનું વધુ પરીક્ષણ કરવા સારૂં ડી.એફ.એસ. કચેરી ગાંધીનગર ખાતે પરીક્ષણ માટે મોકલવા સારૂ સેમ્પલ કબજે કરવા સુચના કરેલ. તેમજ તેઓએ કરેલ પ્રાથમિક પરીક્ષણનો અહેવાલ આપેલ. ત્યારબાદ પો.કો. મેઘરાજભાઈ નાઓ વેપારી મહાશયને તથા પ્લાસ્ટીકના પારદર્શક ડબ્બાઓ લઈને આવેલ અને વેપારી મહાશયને પી.આઈ.શ્રી નાઓએ પોતાનો તથા પંચોનો તથા પોલીસ સ્ટાફનો તથા એફ.એસ.એલ. અધિકારીશ્રીનો તથા મજકુર પકડાયેલ ઈસમનો પરીચય કરાવેલ. વેપારી મહાશયનું નામ ઠામ પુછતાં તેઓએ પોતાનું નામ મેલાપચંદ સોની, રહે. અમીરગઢવાળા હોવાનું જણાવતાં તેઓને મળી આવેલ માદક પદાર્થ ચરસનું વજન કરવા બાબતે લેખિત યાદી આપેલ. અને તેઓએ સહમતી દર્શાવતાં તેમજ તેઓની સાથે લાવેલ ઈલેકટ્રીક વજન કાંટો તિરૂપતી ડીઝીટલ સ્કેલ કંપનીનો હતો જે ૦.૦૧ ગ્રામ થી ૧૫ કીલોના વજન સુધીની ક્ષમતાવાળો હતો જેને અમીરગઢ ચેકપોસ્ટમાં આવેલ ઈલેકટ્રીક સ્વીચબોર્ડ સાથે જોડાણ કરી ચાલુ કરી ચેક કરી શુન્ય-શુન્ય કરી વેપારી મહાશયે મજકુર ઈસમ પાસેથી પકડાયેલ માદક

પદાર્થનું વજન કરતાં જે કુલ ૧૫ પેકેટ હતા દરેક પેકેટનું વારાફરતી વજન કરી ચેક કરતાં ચરસનું કુલ ચોખ્ખુ વજન ૧૪.૬૪૩ કી.ગ્રામ (એડેસિવ ટેપ તથા પેકેટના વજન સિવાય) થયેલ. ચરસ સિવાયના એડેસિવ ટેપ તથા પેકેટના વજન કરતાં તેનું વજનનો ઉલ્લેખ ફરીયાદ તથા પંચનામામાં કરવામાં આવેલ. ત્યારબાદ એફ.એસ.એલ. અધિકારીશ્રીની સુચના મુજબ એફ.એસ.એલ. સેમ્પલ તથા રીઝર્વ સેમ્પલ માટે ૩૦–૩૦ ગ્રામના માદક પદાર્થ ચરસનું વજન કરી દરેક પેકેટમાંથી લઈ પ્લાસ્ટીકના પારદર્શક ડબ્બાઓમાં મુકી તે બંધ કરી તેની ઉપર એસ.ઓ.જી. પી.આઈ. તથા પંચો તથા મજકુર પકડાયેલ ઈસમની સહીઓ વાળી કાપલીઓ દરેક ડબ્બા ઉપર મુકી તેને દવાખાનાની સફેદ ગુંદરપટ્ટીથી ચારેય બાજુથી શીલબંધ કરી તેની ઉપર પી.આઈ. એસ.ઓ.જી. બી.કે. ના અંગ્રેજી માર્કા વાળું શીલ મારી તપાસ અર્થે કબજે કરેલ. જેમાં એફ.એસ.એલ. સેમ્પલોને માર્ક એફ–૧ થી એફ–૧૫ સુધીના આપેલ તથા રીઝર્વ સેમ્પલને માર્ક આર–૧ થી આર–૧૫ સુધીના આપેલ તથા બાકી વધેલ મુળ મુદ્દામાલ તથા એડેસિવ ટેપ વાળા પેકેટ જે તે મુદ્દામાલ સાથે કુલ ૧૫ પ્લાસ્ટીકના પારદર્શક ડબ્બાઓમાં મુકી તે બંધ કરી તેની ઉપર એસ.ઓ.જી. પી.આઈ. તથા પંચો તથા મજકુર પકડાયેલ ઈસમની સહીઓ વાળી કાપલીઓ દરેક ડબ્બા ઉપર મુકી તેને દવાખાનાની સફેદ ગુંદરપટ્ટીથી ચારેય બાજુથી શીલબંધ કરી તેની ઉપર પી.આઈ. એસ.ઓ.જી. બી.કે. ના અંગ્રેજી માર્કા વાળું શીલ મારી તપાસ અર્થે કબજે કરેલ. જે ડબ્બાઓને માર્ક એ–૧ થી એ–૧૫ સુધીના આપેલ. આમ, ચરસનું કુલ ચોખ્ખું વજન ૧૪.૬૪૩ કી.ગ્રામ થયેલ જેની આંતર રાષ્ટ્રીય બજાર કિંમત એક કિલોના રૂ.૧,૪૬, ૪૩,૦૦૦/– લેખે કુલ ચરસની કિમત રૂપિયા એક કરોડ છેતાલીસ લાખ તેતાલીસ હજાર પુરા ગણી તપાસ અર્થે કબજે કરેલ. અને વેપારી મહાશયે વજન કર્યા અંગેનું પ્રમાણ પત્ર ત્યાં એસ.ઓ.જી. પી.આઈ. શ્રી ગઢવી સાહેબને આપેલ.

તેમજ મજકુર ઈસમની આઈ–૨૦ ગાડીની કિંમત રૂ.૫,૦૦,૦૦૦ – તથા રોકડા – રૂપિયા ૨૩,૪૦૦/– તથા મળી આવેલ પાંચ મોબાઈલની કિંમત રૂ. ૨૩,૦૦૦/– તથા આધાર કાર્ડ, પાનકાર્ડ, અલગ અલગ બેંકના ચાર એ.ટી.એમ./ડેબિટ કાર્ડ તથા આર.સી.બુકની કલર ઝેરોક્ષ ની કિ.રૂ.૦૦/–ગણી તપાસ અર્થે તમામ મુદ્દામાલ આરોપી પાસેથી પંચો રૂબરૂ કબજે કરેલ અને જે બાબતેનો સિઝરમેમો તૈયાર કરી તેમાં એસ.ઓ.જી. પી.આઈ. તથા પંચો–તથા પકડાયેલ મજકુર ઈસમની સહીઓ મેળવી પકડાયેલ ઈસમને હીન્દી ભાષામાં સમજ કરેલ અને અસલપ્રત તેને અદા કરેલ અને સફળ રેડ અંગેની જાણ એસ.ઓ.જી. પી.આઈ.શ્રી એ પોલીસ અધિક્ષકશ્રી બ.કાં ને લેખિતમાં જાણ કરેલ. જે મુજબનું વિગતવારનું પંચનામું ક.૧૨:૦૦ થી ૧૯:૪૫ સુધીનું કરવામાં આવેલ. ઉપરોકત હકીકત બાબતે તેઓએ એસ.ઓ.જી. પી.આઈ.શ્રી ડી.આર.ગઢવીની રૂબરૂ આરોપી સામે ફરીયાદ નોંધાવેલ. જે ફરીયાદ આંક.૬૬ વાળી ફરીયાદ તેઓને બતાવતાં તેમાં તેઓની સહી છે જે તેઓ ઓળખી બતાવે છે. ફરીયાદ આપ્યા બાદ ત.ક. અમલદારશ્રી કે. કે. પાટડીયાનાઓએ બનાવ સંબંધે તેઓનું નિવેદન તા.૩/૨/૨૨ ના રોજ લીધેલ અને તેઓએ તેમની રૂબરૂ જણાવેલ કે તેઓની ફરીયાદ નોંધાવતા સમયે મોબાઈલની વિગત શરતચુકથી બે વખત કોપી પેસ્ટ થયેલ હોઈ તેનો ખુલાશો તે નિવેદન વખતે તેઓએ કરેલ. આરોપીને તેઓ ઓળખે બતાવે છે જે આજરોજ કોર્ટમાં હાજર છે. મુદ્દામાલ તેઓને બતાવવામાં આવે તો તેઓ ઓળખી શકે. ત્યારબાદ આ ગુનાના કામે તેઓએ તા.૧૬/૮/૨૨ ના રોજ મહે. જયુડી. મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ, અમીરગઢને આ ગુનાના પકડાયેલ એન.ડી.પી.એસ. એકટ હેઠળના મુદ્દામાલની ભૌતિક ચકાસણી કરી સર્ટીફીકેટ મેળવવા રિપોર્ટ કરેલો અને રિપોર્ટ સાથે એનેક્ષર–૧ સામેલ રાખેલ જે રિપોર્ટ નામ. કોર્ટના રેકર્ડમાંથી તેઓને રિપોર્ટ તથા એનેક્ષર–૧ બતાવવામાં

આવે છે જે પૈકી રિપોર્ટમાં તેમની સહી છે જે તેઓ ઓળખી બતાવે છે જે સંયુકત આંક.૬૮ થી રજૂ છે. તેઓના ઉપરોકત રિપોર્ટના આધારે નામ. જયુડી. મેજી. ફ.ક. સાહેબશ્રી એ ઈન્વેન્ટરી કરેલી અને તે ઈન્વેટરી સમયે તેઓ હાજર હતા અને તેઓની રૂબરૂમાં તે ઈન્વેન્ટરી કરવામાં આવેલી. મુદ્દામાલ આર્ટીકલ નં.૧,૪, ૭, ૧૦, ૧૩, ૧૬, ૧૯, ૨૨, ૨૫, ૨૮, ૩૧, ૩૪, ૩૭, ૪૦ તથા ૪૩ વાળા મુદ્દામાલ આર્ટીકલ ઉપરોકત ઈન્વેટરી દરમ્યાન તેમાંથી નામ. મેજી. સાહેબે તેમાંથી કોર્ટ રૂબરૂ જરૂરી સેમ્પલ લઈ બાકીના મુદ્દામાલ ચરસનો નાશ કરવા માટે શીલ કરી મુદ્દામાલ ઈન્ચા. શ્રી રહીશખાનને પરત સોંપેલ. સદરહું મુદ્દામાલ ઈન્વેન્ટરી વખતે જે આંક ૬૯ થી કુલ ૧૫ પાનાના ૬૦ ફોટોગ્રાફસ રજૂ કરવામાં આવેલ છે તે સમગ્ર કાર્યવાહી તેઓની રૂબરૂમાં કરવામાં આવેલ. મુદ્દામાલનું વજન પણ તેઓની રૂબરૂમાં કરવામાં આવેલ અને તેના સેમ્પલ પણ તેઓની રૂબરૂમાં લેવામાં આવેલા, અને ત્યારબાદ તેનું શીલ લગાવવાની કાર્યવાહી તેઓની રૂબરૂમાં કરવામાં આવેલ અને ફોટો પણ તેઓની રૂબરૂમાં પાડવામાં આવેલા જે ફોટોગ્રાફસ તેઓને બતાવવામા આવે છે જે ૬૦ ફોટોગ્રાફસ બતાવવામાં આવે છે તે ઈન્વેન્ટરી સમયે લીધેલ છે તે જ ફોટોગ્રાફસ છે. મુદ્દામાલ આર્ટી. નં. ૨, ૫, ૮, ૧૧, ૧૪, ૧૭, ૨૦, ૨૩, ૨૬, ૨૯, ૩૨, ૩૫, ૩૮, ૪૧ તથા ૪૪ વાળા એફ.એસ.એલ. સેમ્પલવાળા ડબ્બાઓ છે જે પંચનામા સમયે લીધેલા જે સેમ્પલો તેઓને બતાવવામાં આવે છે તે જોઈને તેઓ કહે છે કે, જે તે સમયે ૩૦ ગ્રામ માદક પદાર્થ ચરસના લીધેલ સેમ્પલ છે જે તમામ સેમ્પલો જોઈને તેઓ ઓળખી બતાવે છે. મુદ્દામાલ આર્ટી. નં. ૩, ૬, ૯, ૧૨, ૧૫, ૧૮, ૨૧, ૨૪, ૨૭, ૩૦, ૩૩, ૩૬, ૩૯, ૪૨ તથા ૪૫ વાળા રીઝર્વ સેમ્પલવાળા ડબ્બાઓ બતાવવામાં આવે છે જે પંચનામા સમયે લીધેલા જે સેમ્પલ છે તે જોઈને તેઓ કહે છે કે, જે તે સમયે ૩૦ ગ્રામ માદક પદાર્થ ચરસના લીધેલ સેમ્પલ છે જે તમામ સેમ્પલો જોઈને

તેઓ ઓળખી બતાવે છે. મુદ્દામાલ આર્ટીકલ નં.૪૬ જે હુન્ડાઈ આઈ ૨૦ ગાડી એચ.પી.૩૪. ડી.૧૫૩૯ ની કલર આર.સી. બુકની ઝેરોક્ષ છે જે તેઓને બતાવવામાં આવે છે જે તેઓની હાજરીમાં પી.આઈ.શ્રી એ કબજે કરેલ તે જ છે. મુદ્દામાલ આર્ટીકલ નં.૪૮ વાળો એક સેમસંગ ગેલેક્ષી એમ–૩૧ મોબાઈલ છે જે તેઓને બતાવવામાં આવે છે જે તેઓ ઓળખી બતાવે છે. મુદ્દામાલ આર્ટીકલ નં. ૪૯ વાળો એક સેમસંગ કંપનીનો કી–પેક મોબાઈલ છે જે તેઓને બતાવવામાં આવે છે જે તેઓ ઓળખી બતાવે છે. મુદ્દામાલ આર્ટીકલ નં .૫૦ વાળો એક વીવો કંપની નો એન્ડ્રોઈડ મોબાઈલ છે જે તેઓને બતાવતાં તેઓએ ઓળખી બતાવેલ છે. મુદ્દામાલ આર્ટીકલ નં.૫૧ વાળો એક સેમસંગ કંપનીનો કી–પેડ મોબાઈલ તેમને બતાવવામાં આવતાં ઓળખી બતાવેલ છે. મુદ્દામાલ આર્ટીકલ નં.૫૨ વાળો એક લાવા કંપનીનો કી–પેડ મોબાઈલ બતાવવામાં આવતાં ઓળખી બતાવેલ છે. મુદ્દામાલ આર્ટીકલ નં.૪૭ વાળું આધાર કાર્ડ તેઓને બતાવવામાં આવતાં જે આરોપી કિરણકુમાર અમરચંદ નેગીનું છે તે તેઓની રૂબરૂમાં કબજે લીધેલ હોઈ તેઓએ ઓળખી બતાવેલ છે. તેઓને આર્ટીકલ નં.૫૩ વાળું કિંમતી મુદ્દામાલનું કવર ખોલી તેમાંથી નીકળેલ ચલણી નોટો ૫૦૦ ના દરની ૬ નોટો, ૨૦૦ ના દર ની એક નોટ અને ૧૦૦ ના દર ની બે નોટો છે જે તેઓને બતાવવામાં આવતાં તે તેઓની રૂબરૂ કબજે કરવામાં આવેલ તે જ હોવાનું જણાવેલ છે. સાહેદ જણાવે છે કે તે સમયે રૂ.૨૦૦૦/– ના દર ની કુલ ૧૦ નોટો કબજે કરવામાં આવેલી જે નોટો કવરમાંથી મળી આવેલ નથી પરંતુ કવરમાં થી નામ. બીજા એડી. સેશન્સ જજ સાહેબનો હુકમ વાળા કુલ ૩ કાગળો તથા એક સી.ડી. મળી આવેલ છે. નામ. બીજા એડી. સેશન્સ જજ સાહેબના રૂ.૨૦૦૦/– ના દરની નોટો જમા કરાવવા અંગેનો હુકમ તથા સંલગ્ન કાગળો (કુલ ૩ પાના) આંક.૭૦ થી રજૂ થયેલ છે. કવરમાંથી નીકળેલ સી.ડી. કવરમાં પરત મુકવામાં આવેલ છે.

કવરમાંથી રૂ.૨૦૦૦/- ના દરની ૧૦ નોટો કાઢી બેંકમાં જમા કરાવેલ હોવાથી બાકીના રૂ.૩,૪૦૦/- કવરમાં પરત મુકવામાં આવેલ છે. આમ, આરોપી પાસેથી કુલ કબજે કરેલ રૂ.૨૩,૪૦૦/- પૈકી રૂ.૩,૪૦૦/- જુદાજુદા દરની નોટો જે તેઓની રૂબરૂ કબજે કરવામાં આવેલ તે જ છે જે તેઓએ ઓળખી બતાવેલ છે. મુદ્દામાલ આર્ટીકલ નં.૫૪ વાળું પાનકાર્ડ બતાવવામાં આવતાં તે આરોપી કિરણકુમાર અમરચંદ નેગીનું છે જે તેઓની રૂબરૂમાં કબજે લીધેલ હોઈ તેઓએ ઓળખી બતાવેલ છે. મુદ્દામાલ આર્ટીકલ નં. ૫૫, ૫૬, ૫૭, ૫૮ વાળા એ.ટી.એમ./ડેબિટ કાર્ડ બતાવવામાં આવતાં તે આરોપી કિરણકુમાર અમરચંદ નેગી પાસેથી તેઓની રૂબરૂમાં કબજે લીધેલ હોય તેઓએ ઓળખી બતાવેલ છે. મુદ્દામાલ આર્ટીકલ નં.૫૯ થી જમા લીધેલ હુન્ડાઈ કાર જે અમીરગઢ પોલીસ સ્ટેશનમાં પડેલ છે જે તેઓની રૂબરૂ કબજે કરવામાં આવેલી.

ત્યારબાદ, આરોપીપક્ષે આ સાહેદની ઉલટ તપાસ કરવામાં આવેલ છે, જે ધ્યાને લેતાં, આરોપીપક્ષની ઉલટ તપાસમાં તેઓએ જણાવેલ છે કે, રેડ અંગેના સમાચાર તેમને સવારના અંદાજે ૧૦:૫૫ કલાકે મળેલા. રેડ અંગેના સમાચાર મળતાં મે એસ.ઓ.જી. પી.આઈ. ને જાણ કરવા પી.એસ.ઓ. ને સુચના કરેલ. ત્યારબાદ સ્ટેશન ડાયરીમાં નોંધ કરેલ. ત્યારબાદ બોર્ડર ચેક પોસ્ટ ઉપર જવા રવાના થયેલ. અમીરગઢ પોલીસ સ્ટેશનથી ચેકપોસ્ટ આશરે ચાર-પાંચ કી.મી. દુર છે. ચેકપોસ્ટથી એસ.ઓ.જી. પાલનપુરની કચેરી આશરે ૩૫ થી ૪૦ કી.મી. દુર છે. ચેકપોસ્ટ ઉપર હું આશરે ૧૧:૧૫ વાગ્યે પહોંચેલો. ત્યાં મે સરકારી પંચોને બોલાવવા ચાદી કરી મોકલી આપેલ. એ વાત ખરી છે કે અમીરગઢ બજારમાં સરકારી કચેરી જેવી કે તાલુકા પંચાયત, સરકારી સ્કુલો તથા કોર્ટ પણ આવેલ છે. મારી નોકરીને ૧૧ વર્ષ થયેલ છે. એ વાત ખરી છે કે અમોને ફરીયાદ બાબતે તથા એન.પી.ડી.એસ. ની તમામ કાર્યવાહી કરવા માટે કાયદા મુજબ

કેવી રીતે કરવી તે અંગે સમજ અને તાલીમ આપવામાં આવે છે. એ વાત ખરી છે કે સી.આર.પી.સી. કલમ ૧૫૪ મુજબ જે ગંભીર પ્રકારનો ગુનો થયેલ હોય તેમાં નજરે જોનારની ફરીયાદ લેવી જોઈએ. સવાલ તમોને જાણ કરનાર સ્ટાફની તમોએ કેમ ફરીયાદ લીધેલ નહી? જવાબ ગેઝેટેડ અમલદાર રૂબરૂમાં કાર્યવાહી કરવાની હોઈ અને તે રેડીંગ પાર્ટીમાં અમો સિનીયર હોઈ અમારી ફરીયાદ લેવામાં આવેલ છે. એ વાત ખરી છે કે મેં ફરીયાદ પંચનામાની કાર્યવાહી બાદ આપેલ છે. એ વાત ખરી છે કે મારી ફરીયાદમાં સ્થળ ઉપર લેપટોપ કે પ્રિન્ટર હાજર હોય તેવો કોઈ ઉલ્લેખ કરવામાં આવેલ નથી. ફરીયાદ મારા રાઈટર ધ્વારા લખવામાં આવેલ છે. ફરીયાદ લખતાં આશરે અઢી કલાક જેટલો સમય થયેલ. એ વાત ખરી નથી કે ફરીયાદ એ પંચનામાની નકલ છે. એ વાત ખરી છે કે ફરીયાદ તથા પંચનામું એક જ લેપટોપ ઉપર લખવામાં આવેલ છે અને એક જ પ્રિન્ટરમાંથી તેની પ્રિન્ટો કાઢવામાં આવેલ છે. એ વાત ખરી છે કે અમીરગઢ પોલીસ સ્ટેશનમાં લેપટોપ તથા પ્રિન્ટર પણ છે. એ વાત ખરી નથી કે ફરીયાદ મેં અમીરગઢ પોલીસ સ્ટેશનમાં બેસીને લેપટોપમાં તૈયાર કરી પ્રિન્ટ કરી આપેલ છે. એ વાત ખરી છે કે સી.આર.પી.સી. કલમ ૧૦૦ મુજબનું પંચનામું કરતા હોઈએ ત્યારે નજીકના પંચો હાજર રાખવાના હોય છે. એ વાત ખરી નથી કે અમીરગઢ ચેકપોસ્ટની બાજુમાં સરકારી ઓફીસો આવેલ છે. અમીરગઢ ચેકપોસ્ટની આજુબાજુના લોકોમાંથી પંચ તરીકે વ્યકિતઓને નહી રાખવાનું શું કારણ ? તેના જવાબમાં જણાવેલ છે કે એન.ડી.પી.એસ. નો મુદ્દામાલ પકડાય ત્યારે ગૃહ વિભાગના પરીપત્ર મુજબ સરકારી પંચો હાજર રાખવાનાં હોવાથી ચેકપોસ્ટની આજુબાજુના લોકોમાંથી પંચ તરીકે કોઈ વ્યકિતઓને રાખેલ નહી અને સરકારી કર્મચારીઓને પંચ તરીકે રાખેલા. એ વાત ખરી છે કે અમીરગઢ રેન્જ ફોરેસ્ટ કચેરીમાંથી પંચો ફાળવેલા. એ વાત ખરી છે કે અમીરગઢ રેન્જ ફોરેસ્ટ વચ્ચે તથા અમીરગઢ પોલીસ સ્ટેશન વચ્ચે

ઘણીબધી સરકારી કચેરીઓ આવેલ છે. એ વાત ખરી છે કે મેં ફરીયાદ એસ.ઓ.જી. પાલનપુર પી.આઈ. શ્રી ડી.આર.ગઢવી રૂબરૂ આપેલ છે. એ વાત ખરી છે કે આંક ૬૬ વાળી ફરીયાદના અંતે સ્થળ, સમય તથા તારીખ લખેલ નથી. એ વાત ખરી નથી કે મેં આ ફરીયાદ એસ.ઓ.જી. પાલનપુરની કચેરીએ આવીને આપેલ. એ વાત ખરી છે કે પંચનામું સાંજના કલાક ૭:૪૫ વાગ્યે પુર્ણ થયેલ અને ત્યારબાદ ફરીયાદ લખતાં અઢીથી પોણા ત્રણ કલાકનો સમય થયેલ. એ વાત ખરી છે કે મારી ફરીયાદમાં લેપટોપ કયાંથી લાવ્યા તે હકીકત લખેલ નથી. એ વાત ખરી છે કે ફરીયાદમાં લેપટોપમાં ચાર્જીંગ માટે ઈલેકટ્રીક કનેકશન કયાંથી લીધેલ તે પણ લખેલ નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે ચેકપોસ્ટના મકાનમાં ઈલેકટ્રીસીટી ઉપલબ્ધ છે. એ વાત ખરી નથી કે હું ચેકપોસ્ટ ઉપર પહોંચેલ ત્યારે ચરસના ૧૫ પેકેટ ટેબલ ઉપર મુકેલ હતા. ચેકપોસ્ટ વાળી જગ્યા અંદાજે બે-ત્રણ હજાર ફુટ જેટલી હશે તે હું કહી શકુ નહી. એ વાત ખરી છે કે કહેવાતી સફેદ કાર જે રોડ ઉપર ડીવાઈડરની બાજુમાં હું પહોચ્યો ત્યારે પડેલ હતી. ડીવાઈડરની બાજુમાં સફેદ કાર પડેલ હતી તેનાથી ચેકપોસ્ટનું અંતર ચાલતાં બે થી ત્રણ મીનીટમાં પહોંચી શકાય તેટલું જ હતું. એ વાત ખરી છે કે સામાન્ય રીતે જાન્યુઆરી માસમાં શિયાળાની ઋતુંને લીધે સાંજના ૬:૦૦ થી ૬:૩૦ આજુબાજુ અંધારું થઈ જાય. પંચનામું ૭:૪૫ કલાક સુધી ચાલેલું તો તે અંધારામાં કેવી રીતે લખવામાં આવેલું તેમજ પંચનામામાં પ્રકાશ(અજવાળા) બાબતે કોઈ ઉલ્લેખ નથી તે બાબતે તમારે શું કહેવું છે? તેના જવાબમાં જણાવેલ છે કે પંચનામું ચેકપોસ્ટની રૂમમાં કરવામાં આવેલું ત્યાં પ્રકાશ (લાઈટ/અજવાળા) ની સગવડ છે. એ વાત ખરી છે કે પંચનામામાં પ્રકાશ (અજવાળા) બાબતે કોઈ ઉલ્લેખ નથી. એ વાત ખરી છે કે પંચનામુ કઈ જગ્યાએ થયું તે પંચનામામાં ઉલ્લેખ નથી. એ વાત ખરી છે કે રેડ દરમ્યાન કોઈ વિડીયોગ્રાફી કે ફોટોગ્રાફી કરવામાં આવેલ

નથી. એ વાત ખરી છે કે વજન કરવા આવનાર તોલાટ/વેપારી મહાશયને કોઈ નાણાં ચુકવવામાં આવેલ નથી. એ વાત ખરી છે કે વેપારી મહાશયનો વજન કાંટો ઈલેકટ્રીક હતો. એ વાત ખરી છે કે તે ઈલેકટ્રીક વજનકાંટામાં પાવર સપ્લાય કયાંથી મેળવેલો તેનો ઉલ્લેખ પંચનામામાં કે ફરીયાદમાં નથી. એ વાત ખરી છે કે મુદ્દામાલ રાખવા માટે જે પ્લાસ્ટીકના ડબ્બા લાવવામાં આવેલા તેના ખર્ચની વિગત ફરીયાદમાં કે પંચનામામાં નથી. એ વાત ખરી છે કે પંચોની સહીઓ વાળી કાપલીઓ બનાવવા કોરા કાગળો કયાંથી લાવેલા તેનો ઉલ્લેખ ફરીયાદમાં કે પંચનામામાં નથી. એ વાત ખરી છે કે મુદ્દામાલ વાળા ડબ્બાઓમાં બહારની બાજુએ કોઈ કાપલીઓ લગાવવામાં આવેલ નહીં. એ વાત ખરી નથી કે મુદ્દામાલ ચરસ સિવાય એડહેસીવ ટેપનું વજન અલગથી દર્શાવેલ નથી. એ વાત ખરી છે કે રેડ વાળી જગ્યાએ ઘણા બધા વાહનોની અવરજવર રહે છે. એ વાત ખરી છે કે ત્યાં ઘણાબધા માણસોની પણ અવરજવર રહે છે. એ વાત ખરી છે કે ચેકપોસ્ટની આજુબાજુ ઘણાબધા ખેતરો આવેલ છે. એ વાત ખરી છે કે આ ખેતરોમાં પણ લોકોની અવરજવર રહેતી હોય છે. એ વાત ખરી નથી કે ચરસના પેકેટ બિનવારસી મળી આવેલા. એ વાત ખરી નથી કે તે બિનવારસી ચરસના પેકેટને અમારા સ્ટાફે ચેકપોસ્ટ ઉપર લાવી ટેબલ ઉપર મુકેલા. એ વાત ખરી નથી કે બિનવારસી મુદ્દામાલ ચરસ મળી આવેલ હોવા છતાં આરોપીને ખોટી રીતે રોકી તેના ઉપર આક્ષેપ કરવામાં આવેલો. એ વાત ખરી નથી કે આરોપીની ગાડી માત્ર શકના આધારે રોકાવેલ. એ વાત ખરી નથી કે આરોપી પાસેથી કોઈ મુદ્દામાલ મળી આવેલ નથી.એ વાત ખરી નથી કે આરોપી પાસેથી મુદ્દામાલ મળી આવેલ ન હોવા છતાં બિનવારસી મુદ્દામાલને આરોપી પાસેથી મળી આવેલ મુદ્દામાલ તરીકે કાર્યવાહી કરવામાં આવેલી. એ વાત ખરી નથી કે ફરીયાદ તથા પંચનામાની કાર્યવાહી અમીરગઢ પોલીસ સ્ટેશન માં બેસી કરવામાં આવેલી.

આ સાહેદના પુરાવાનું મુલ્યાંકન કરતાં આ સાહેદે પણ તેના પુરાવામાં તે અમીરગઢ પો. સ્ટે. ખાતે ઈ/ચા. પી. આઈ. તરીકે હતા ત્યારે પી. એસ. ઓ. એ તેને તા. ૨૦/૦૧/૨૨ ના રોજ કલાક ૧૦–૫૫ વાગે જાણ કરેલ કે, તેને એ. એસ. આઈ. બાબુદાનનાઓ એ ટેલીફોનથી જાણ કરેલ છે કે, તેઓ (બાબુદાનનાઓ તેમજ અન્યો) વાહન ચેકીંગમાં હતા તે દરમ્યાન આબુરોડ તરફથી આવતી એક આઈ–૨૦ ગાડી નંબર એચપી.૩૪. ડી. ૧૫૩૯ ની તપાસ કરતાં ગાડીની પાછળની સીટના પાછળના ભાગેથી કાળા તેમજ બદામી કલરના એડહેસીવ ટેપ વીંટાળેલ શંકાસ્પદ પેકેટ મળી આવેલા જેની કાયદેસરની કાર્યવાહી કરવા તેમણે એસ. ઓ. જી. પી. આઈ. શ્રી ડી. આર. ગઢવીનાઓને જાણ કરવા સુચના આપેલ. તેઓ પણ ત્યાં પહોંચેલ અને તે દરમ્યાન પંચો રૂબરૂ જે કાર્યવાહી કરવામાં આવેલી અને પંચે જે પ્રમાણે જણાવેલું છે તે જ પ્રમાણે આ સાહેદે પણ પોતાનો પુરાવો રજૂ કરેલ છે. તેનો સમગ્ર પુરાવો ઉપર નોંધેલ છે. આ સાહેદની ઉલટતપાસ થયેલ છે તેમાંથી પણ કોઈ વિરૂધ્ધની હકીકત રેકર્ડ ઉપર આવતી નથી.

૨૪. તદઉપરાંત ફરીયાદપક્ષે આંક. ૭૩ થી સાહેદ નં. ૬ દિલીપકુમાર રામસિંહ ગઢવીને સોગંદ ઉપર તપાસેલ છે. તેઓએ સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, તા.૨૦/૦૧/૨૦૨૨ ના રોજ તેઓ એસ.ઓ.જી.કચેરી ખાતે હાજર હતા તે દરમિયાન સવારે ક.૧૧:૦૦ વાગ્યાના આસપાસ અમીરગઢ પી.એસ.ઓ. તરફથી તેઓને કોલ આવેલ કે અમીરગઢ ચેકપોસ્ટ ખાતે પોલીસના માણસોએ એક આઈ.૨૦ સફેદ કલરની ગાડી જેનો રજી.નં.એચ.પી.૩૪.ડી.૧ ૫૩૯ છે. તે ગાડીની અંદર એક ઈસમ બેઠેલ છે અને તે ઈસમ ગાડીની અંદર એન.ડી.પી.એસ. ની લગત ચરસનો મુદામાલ હોવાનું કબુલે છે. જેથી અમીરગઢ ઈ./ચા. પી.આઈ.શ્રી.એમ.કે.ઝાલાનાઓએ પી.એસ.ઓ.

અમીરગઢનાઓને તેઓનો સંપર્ક સાધવા કહેલ. ત્યારબાદ એન.ડી. પી. એસ. લગત મુદ્દામાલની હકિકત હોય એન.ડી.પી.એસ. લગત કાર્યવાહી કરવાની હોય તેઓએ અમીરગઢ ઈ./ચા.પી.આઈ.શ્રી. એમ.કે.ઝાલાનાઓને તેઓ અમીરગઢ પહોંચીએ ત્યાં સુધીમાં સરકારી પંચોને લઈ આવવા માટે તજવીજ કરવા જણાવેલ. ત્યારબાદ તેઓ એસ.ઓ.જી.શાખાની સરકારી ગાડી જેનો રજી.નં..જી.જે.૦૮. જી.એ. ૦૧૪૭ માં તેઓ પોતે તથા હેડ.કો. હસમુખભાઈ, પો.કો. વિનોદભાઈ તથા ડ્રાઈવર પો.કો. બેચરભાઈનાઓ બેસી રવાના થયેલ. ત્યારબાદ બીજી સરકારી ગાડી જેનો રજી.નં. જી.જે.૧૮. જી.એ. ૨૬૭૬ માં એ. એસ.આઈ. ધનરાજભાઈ, હેડ. કોન્સ. વનરાજસિંહ, હેડ. કોન્સ. જીતુભાઈ તથા ડ્રાઈવર પો.કો. સરદારભાઈનાઓ તેઓની સાથે રવાના થયેલ. તેઓ અમીરગઢ ચેકપોસ્ટ નજીક આવેલ પોલીસ ચોકી પહોંચ્યા ત્યારે ત્યાં આગળ પી.એસ.આઈ. શ્રી એમ.કે.ઝાલા તેમના સ્ટાફ સાથે તથા સરકારી પંચો સાથે સ્થળ ઉપર હાજર હતા. ત્યારબાદ તેઓએ સરકારી પંચો તેમજ સ્ટાફનો અરસ પરસ પરીચય કરાવેલો. સરકારી પંચોનું નામઠામ પુછતાં પંચ નં.૧ એ પોતાનું નામ હસમુખભાઈ નાથાલાલ મોદી, ઉ.વ. ૩૮, ધંધો-વનપાલ (આર. એફ. ઓ. કચેરી, અમીરગઢ), તથા પંચ નં.૨ એ પોતાનું નામ રમેશજી ભલાજી ઠાકોર, ઉ.વ. ૩૫, ધંધો-વનપાલ (આર. એફ. ઓ. કચેરી અમીરગઢ) હોવાનું જણાવેલું. ત્યારબાદ એન.ડી.પી.એસ. લગત કાર્યવાહી કરવાની હોય પંચો તથા સ્ટાફની અરસ પરસ ઝડતી કરવામાં આવેલી જે દરમિયાન કોઈ પણ પ્રકારની ગુનાહિત ચીજવસ્તુ કોઈ પણ વ્યકિત પાસેથી મળી આવેલ નહીં. ત્યારબાદ પંચો ધ્વારા એસ.ઓ.જી.ના બન્ને સરકારી વાહનો તેમજ અમીરગઢ પો.સ્ટે.ના સરકારી વાહનની ઝડતી કરાવેલી જે દરમિયાન પણ કોઈપણ ગાડીમાંથી કોઈપણ પ્રકારની ગુનાહિત ચીજવસ્તુ મળી આવેલ નહીં. પરંતુ એસ.ઓ.જી.ના સરકારી વાહન જી.જે.૦૮. જી.એ. ૦૧૪૭

માંથી એન.ડી.પી.એસ.ની લગતી કીટ જેમા લાખ, દોરા, દવાખાનાની સફેદ પટ્ટી, સીલ વિગેરે મળી આવેલ. ત્યાર બાદ તેઓએ પો.કો. વિનોદભાઈનાઓને એસ.પી. શ્રી બ.ક.નાઓને એન. ડી. પી.એસ.ના રેઈડની જાણ કરતો પત્ર લખી ખાનગી વાહન રૂબરૂ આપવા સારૂ રવાના કરેલ. તેમજ અમીરગઢ પી.એસ.ઓ. શ્રી ભરતભાઈનાઓને એફ.એસ.એલ.અધિકારીને બોલાવવા સારૂ સુચના કરતાં તેમણે ક.૧૨:૪૦ વાગ્યે બ.કાં. પોલીસ કંટ્રોલ રૂમ ખાતે ફોન કરી એફ.એસ.એલ. અધિકારીને સ્થળ ઉપર આવવા સારૂ જાણ કરેલ. ત્યારબાદ તેઓ, પંચો તથા સ્ટાફ સાથે પોલીસ ચોકીથી ચેકપોસ્ટ ખુબજ નજીકના અંતરે હોય ત્યાં ચેકપોસ્ટ ઉપર ગયેલા અને ચેકપોસ્ટના ત્યાં હાજર, હેડ.કો. યાકુબભાઈ તથા હેડ. કો. બાબુદાન, હેડ. કો. વિરાભાઈ પી.સી. મેઘરાજભાઈનાઓની પંચો દવારા ઝડતી તપાસ કરાવેલી, જે ઝડતી તપાસ દરમિયાન હાજર ચેકપોસ્ટ પરના પોલીસ કર્મચારીઓ પાસેથી કોઈ પણ પ્રકારની ગુનાહિત ચીજવસ્તુ મળી આવેલ નહીં. ત્યારબાદ આબુરોડ પાલનપુર રોડની પુર્વ બાજુએ એક સફેદ આઈ.૨૦ સફેદ કલરની ગાડી જેનો રજી.નં .એચ.પી. ૩૪. ડી. ૧૫૩૯ વાળી ગાડી પડેલ હતી. જેમાં એક ઈસમ બેઠેલ હતો. જેનું પંચો રૂબરૂ નામઠામ પુછતાં તેણે પોતાનું નામ કિરણકુમાર અમરચંદ નેગી, ઉ.વ. ૩૮, રહે.રાંઘડી, પો.હરીપુરા, તા.જી.કુલ્લુ, હિમાચલ પ્રદેશ નો હોવાનું હિન્દી ભાષામાં જણાવેલ. ત્યારબાદ તેઓએ એન. ડી. પી. એસ. લગત મુદ્દામાલની ઝડતી કરવાની હોય તેઓની ઓળખાણ એસ.ઓ.જી. પી.આઈ. બ.કાં. તરીકેની આપેલ. ત્યારબાદ એન.ડી.પી.એસ. એકટની કલમ–૪૨,૪૩ મુજબનો ઠરાવ કરી અધિકારવાળા મેજીસ્ટ્રેટશ્રી જે.એમ.એફ.સી. અમીરગઢનાઓ તરફ મોકલી આપેલ. ત્યારબાદ કિરણકુમાર નેગીનાઓને તેઓએ સમજ કરેલ કે અમો ગેઝેટેડ અમલદાર છીએ અને તેઓ જો કોઈ બીજા ગેઝેટેડ અમલદાર અથવા તો અન્ય કોઈ મેજીસ્ટ્રેટ દ્વારા ઝડતી

તપાસ કરાવવા માંગતા હોય તો તે તેમનો કાનુની અધિકાર છે તેવું જણાવેલું. ત્યારબાદ આ કિરણકુમાર નેગીનાઓએ તેઓ ધ્વારા ઝડતી તપાસ કરાવવામાં કશું વાંધા સરખું નથી તથા તેઓ કોઈ અન્ય ગેઝેટેડ અમલદાર કે મેજીસ્ટ્રેટ પાસે ઝડતી તપાસ કરાવવા માંગતા નથી તેવું જણાવેલું. તેઓને આરોપી સાથે હિન્દી ભાષામાં વાતચીત કરી જણાવેલ. તેમજ તે બાબતની સમજ યાદી તૈયાર કરી બે પંચોની, તેઓની તથા કિરણકુમારની સહી લઈ એક પ્રત તેને આપેલ. ત્યારબાદ તેઓએ એન.ડી.પી.એસ.એકટની કલમ–૫૦ મુજબનો ઠરાવ કરી સદરી કિરણકુમાર નેગીનાઓને હિન્દી ભાષામાં વાતચીત કરી જણાવેલ કે તેમો અમારી અથવા પંચોની ઝડતી તપાસ કરાવવા માંગતા હોય તો તેમ કરી શકો છે. જે બાબતે આ કિરણકુમાર નેગીનાઓએ તેમ કરવાનું ના જણાવેલ. તથા તે બાબતે સમજ કરી સમજ યાદી તૈયાર કરી પંચો તથા તેઓની તથા–કિરણકુમારની સહીઓ લઈ એક પ્રત કિરણકુમારને આપેલી. ત્યારબાદ પંચો રૂબરૂ ગાડીની ઝડતી તપાસ કરતાં પાછળની સીટની પાછળની બાજુએ સીટ કવર ઉંચુ કરી જોતાં તેમાં કાળા તથા બદામી રંગના ટેપ વીંટાળેલા પેકેટો જેમની સંખ્યા ૧૧ હતી. તે પેકેટો જણાઇ આવેલ તથા પાછળની સીટમાં સીટની નીચેની બાજુએ સીટ કવર ઉંચુ કરી જોતાં તેમા બીજા ચાર પેકેટો મળી આવેલા. જે બાબતે કિરણકુમાર નેગીનાઓને પંચો રૂબરૂ પુછતાં તેમાં એન.ડી.પી.એસ. લગતનો મુદ્દામાલ હોવાનું જણાવેલું. ત્યારબાદ એન.ડી.પી.એસ. લગતનો મુદ્દામાલ ખોલીને ચેક કરવો જરૂરી હોય, બાજુમાં ખુબ જ નજીકના અંતરે પોલીસ ચોકી આવેલ હોય સદરી ઈસમ કિરણકુમારનાઓને પંચો તેમજ પોલીસ સ્ટાફ સાથે તેમજ સફેદ કલરની આઈ.૨૦ જેનો રજી.નં .એચ.પી.૩૪. ડી. ૧૫૩૯ ગાડી સાથે પોલીસ ચોકી લઈ ગયેલ. ત્યારબાદ તેઓએ પો.કો. મેઘરાજભાઈનાઓને એન.ડી.પી. એસ. લગતના ચરસના મુદ્દામાલનું વજન કરવાનું હોય તેમજ તેને

સીલપેક કરવાનુ હોય વેપારી મહાશયને સ્થળ ઉપર વજન કાંટા સાથે લઈ આવવા તથા પ્લાસ્ટીકના પારદર્શક ડબ્બાઓ લાવવા સરકારી ગાડી સાથે રવાના કરેલ. ત્યારબાદ આ કિરણકુમાર નેગીનાઓની પંચો રૂબરૂ અંગ ઝડતી કરતા તેની પાસેથી સેમસંગનો એન્ડ્રોઈડ મોબાઈલ તથા અન્ય સેમસંગના કી પેડ વાળા ત્રણ મોબાઈલ મળી આવેલા. તેમજ એક વીવોનો એન્ડ્રોઈડ મોબાઈલ મળી આવેલો. તેમજ રોકડા રૂા.૨૩,૪૦૦/–મળી આવેલા. તેમજ ખિસ્સામાંથી કિરણકુમાર નેગીનાઓનું આધારકાર્ડ, પાનકાર્ડ, એકસીસ બેન્કનું ડેબીટ કાર્ડ, એક એચ.ડી.એફ.સી. બેન્કનું ડેબીટ કાર્ડ તથા એક પંજાબ નેશનલ બેન્કનું એ.ટી.એમ. કાર્ડ મળી આવેલ. તેમજ સદરી સફેદ આઈ.૨૦ ગાડી ની આર.સી. બુકની નકલ મળી આવેલ. આ કિરણકુમારનાઓએ વાદળી રંગનું શર્ટ તથા ક્રીમ કલરનું પેન્ટ પહેરેલ હતું તથા કાળા કલરનું જેકેટ પહેરેલ હતું. ત્યારબાદ આ કાર્યવાહી ચાલુ હતી તે દરમિયાન ક.૧૪:૨૫ વાગ્યે એફ.એસ.એલ. અધિકારીશ્રી સ્થળ ઉપર પધારેલ. ત્યારબાદ તેઓએ પંચો તથા સ્ટાફનો એફ.એસ.એલ. અધિકારી સાથે પરીચય કરાવેલો. એફ.એસ.એલ. અધિકારીશ્રીએ પોતાનું નામ ડી.એમ.પટેલ હોવાનું જણાવેલું. ત્યારબાદ તેઓએ એફ.એસ.એલ. અધિકારીશ્રીને સદરી ચરસના મુદ્દામાલનું પરીક્ષણ કરી પ્રાથમિક અહેવાલ આપવા સારૂ લેખિત યાદી આપી પંચો રૂબરૂ જણાવેલું. ત્યારબાદ સદરી આઈ.૨૦ ગાડીમાંથી એન.ડી.પી.એસ.ના ચરસના શંકાસ્પદ પેકેટો જેમની કુલ સંખ્યા ૧૫ હતી તે પંચો રૂબરૂ બહાર કાઢેલ અને આ એફ.એસ.એલ. અધિકારીશ્રીએ પોતાની પાસે રહેલ ટેસ્ટીંગ કીટથી સદરી મુદ્દામાલનું પરીક્ષણ કરતાં તેમાંથી કેનાબીજના સક્રીય ઘટકોની હાજરી હોવાનું જણાયેલ તથા તે બાબતનો સકારાત્મક અભિપ્રાય આપેલ. જે તેઓએ કાગળોમાં સામેલ રાખેલ. ત્યારબાદ પો.કો. મેઘરાજભાઈનાઓ વેપારી મહાશય સાથે સ્થળ ઉપર પધારેલ. તેમજ તેઓ પ્લાસ્ટીકના પારદર્શક

ડબ્બાઓ પણ લાવેલા. ત્યારબાદ વેપારી મહાશયને પંચો રૂબરૂ તેઓનું નામઠામ પુછતાં તેઓએ પોતાનું નામ મેલાપચંદ જીવાજી સોની હોવાનું જણાવેલું. તેમજ તેઓ પોતાની સાથે ઈલેકટ્રીક વજન કાંટો લાવેલા. ત્યારબાદ તેઓએ આ મેલાપચંદનાઓને સદરહું મુદ્દામાલનું વજન કરી તે બાબતેનું પ્રમાણપત્ર આપવા સારૂ લેખિત યાદી આપેલ. ત્યારબાદ એફ.એસ.એલ. અધિકારીશ્રીની સુચના મુજબ મેલાપચંદનાઓએ એન.ડી.પી.એસ. લગત ચરસના મુદ્દામાલનું વજન કરતાં તેનું ચોખ્ખુ વજન ૧૪.૬૪૩ કિલો ગ્રામ થયેલું. જેની કિંમત કુલ રૂા.૧,૪૬,૪૩,૦૦,૦/-(એક કરોડ છેતાલીસ લાખ તેતાલીસ હજાર પુરા) થયેલી. ત્યારબાદ સદરહું મુદ્દામાલમાંથી એફ.એસ.એલ. સેમ્પલ તેમજ રીઝર્વ સેમ્પલ લેવાના હોય. એફ.એસ.એલ. અધિકારીશ્રીના માર્ગદર્શન હેઠળ ૩૦-૩૦ ગ્રામના સેમ્પલ અલગ કાઢી લઈ પ્રથમ એફ.એસ.એલ. સેમ્પલના ૩૦ ગ્રામના નમુના લઈ તેને પ્લાસ્ટીકના પારદર્શક ડબ્બાઓમાં મુકી પ્લાસ્ટીકના ડબ્બાઓને ઢાંકણથી બંધ કરી તેની ઉપર સફેદ પટ્ટી લગાવી તેની ઉપર પંચો તેમજ તેઓની સહીઓ વાળી તેમજ સદરહું આરોપી કિરણકુમારની સહીવાળી કાપલી મુકી આ ડબ્બાને લાખથી સીલ કરી પી.આઈ. એસ.ઓ.જી. બ.કાં.ના સીલ કરેલા. તેમજ આ એફ.એસ.એલ. સેમ્પલને અનુક્રમ નં.એફ.૧ થી એફ.૧૫ આપેલ. તેજ રીતે ૩૦ ગ્રામના રીઝર્વ સેમ્પલ લઈ નમુના લઈ તેને પ્લાસ્ટીકના પારદર્શક ડબ્બાઓમાં મુકી પ્લાસ્ટીકના ડબ્બાઓને ઢાંકણથી બંધ કરી તેની ઉપર રાફેદ પટ્ટી લગાવી તેની ઉપર પંચો તેમજ તેઓની સહીઓ વાળી તેમજ સદરહું આરોપી કિરણકુમારની સહીવાળી કાપલી મુકી આ ડબ્બાને લાખથી સીલ કરી પી.આઈ. એસ.ઓ.જી. બ.કાં.ના સીલ કરેલા. તેમજ આ એફ.એસ.એલ. સેમ્પલને અનુક્રમ નં. આર.૧ થી આર.૧૫ આપેલ. તેમજ બાકી વધેલ મુદામાલ અને કાળા તથા બદામી રંગની ટેપ પટ્ટીઓનો અન્ય મુદામાલ પ્લાસ્ટીકના પારદર્શક

ડબ્બાઓમાં પેક કરી પ્લાસ્ટીકના ડબ્બાઓને ઢાંકણથી બંધ કરી તેની ઉપર સફેદ પટ્ટી લગાવી તેની ઉપર પંચો તેમજ તેઓની સહીઓવાળી તેમજ સદરહું આરોપી કિરણકુમારની સહીવાળી કાપલી મુકી આ ડબ્બાને લાખથી સીલ કરી પી.આઈ. એસ.ઓ.જી. બ.કાં.ના સીલ કરેલા. તેમજ તેણે અનુ.નં.એ.૧ થી એ.૧૫ આપેલ. ત્યારબાદ વેપારી મહાશય પાસેથી આ બાબતેનું પ્રમાણપત્ર મેળવી કાગળોમાં સામેલ રાખેલ. ત્યારબાદ સદરહું આરોપી કિરણકુમાર નેગીનાઓને એન.ડી.પી.એસ.નો ચરસનો મુદ્ધામાલ કયાંથી લાવેલ અને કોને વેચવાનો હતો તે બાબતે પુછપરછ કરતાં તેણે જણાવેલ કે, તે પોતે પોતાના હિમાચલ પ્રદેશના ગામ રાંઘડી, પો.હરીપુરા, તા.જી.કુલ્લુ પાસે પોતાના ઘર પાસે આવેલ નજીકના જંગલમા ગાંજાના છોડવા ઉગાડી તેમાંથી ચરસનો એન.ડી.પી.એસ.નો પદાર્થ બનાવી અને ગોવા ખાતે જઈ ત્યાં ચાર પાંચ દિવસ રોકાઈ રીટેઈલ માં અલગ-અલગ ગ્રાહકોને વહેચતા હોવાનું જણાવેલ. ત્યારબાદ આ એન.ડી.પી.એસ. નો મુદ્ધામાલ તેમજ ગાડી, મોબાઈલ, રોકડ રકમ કુલ મુદ્ધામાલ કબજે કરી જેની કિંમત ૧,૫૧,૮૯,૪૦૦ ની થયેલી. તેનો સીઝરમેમો બનાવી તેઓની, પંચોની તથા કિરણકુમાર નેગીનાઓની સહીઓ લઈ સીઝરમેમાની એક પ્રત કિરણકુમારનાઓને આપેલ. ત્યારબાદ એન.ડી.પી.એસ. લગત સફળ રેઈડની જાણ પો.અધિ.શ્રી. બ.કાં.નાઓને કરેલી. ત્યારબાદ કોરોનાની વૈશ્વિક મહામારી ચાલતી હોય આ કિરણકુમાર અમરચંદ નેગીનાઓને કોરોના ટેસ્ટ કરાવી કોરોના ટેસ્ટ નેગેટીવ આવતાં અટક કરવાની તજવીજ કરેલ. આ અંગેની ફરીયાદ પી.એસ.આઈ. શ્રી એમ.કે.ઝાલાનાઓએ તેઓના રૂબરૂ નોંધાવેલી. જેમાં તેમણે સહી કરેલી અને રૂબરૂમાં તેઓએ સહી કરેલી. આ અંગેનું પંચનામુ તા.૨૦/૦૧/૨૦૨૨ ના રોજ કલાક ૧૨:૦૦ વાગ્યેથી શરૂ કરી કલાક ૧૯:૪૫ વાગ્યે પૂર્ણ કરેલુ. પંચનામા દરમિયાન પંચનામામાં ઉલ્લેખ કરેલ મુદામાલ તપાસ

અર્થે કબજે લીધેલ. તેઓ આરોપીને જોયેથી ઓળખે છે જે આજરોજ નામ કોર્ટમાં હાજર છે. તેઓને આંક–૬૬ વાળી ફરીયાદ બતાવવામાં આવતાં તે જોઇને કહેલ છે કે, તે તેમની રૂબરૂ પી.એસ.આઈ. શ્રી. એમ.કે.ઝાલાનાઓએ નોંધાવેલી તે જ છે જેમાં તેમની સહી છે અને રૂબરૂમાં તેઓની સહી છે જે તેઓએ ઓળખી બતાવેલ છે. આ કામે સદર આંક–૬૬ લગત ગુનો નોંધવા તેઓએ અમીરગઢ પો.સ્ટે.ના પી.એસ.ઓ.ને યાદી કરેલી જે યાદી આંક–૬૦ થી રજૂ છે. જેમાં તેઓની સહી છે. આંક–૬૦ હેઠળ પી.એસ.ઓ.એ ગુનાની તપાસ કરવા ડેપ્યુટ હુકમ કરેલો. જેમાં પી.એસ.ઓ.ની સહી છે. તેઓને આંક–૧૭ વાળું પંચનામુ બતાવવામાં આવે છે જે જોઈને કહેલ છે કે પંચ હસમુખકુમાર મોદી અને રમેશજી ઠાકોરની હાજરીમાં એન.ડી.પી. એસ. લગત કરવામાં આવેલ કાર્યવાહી સબબનું છે. જે પંચનામુ બન્ને પંચોની એફ.એસ.એલ. અધિકારીશ્રી, પોલીસ સ્ટાફના માણસો તથા વેપારીની હાજરીમાં કરવામાં આવેલ જેમાં બન્ને પંચોની તથા રૂબરૂમાં તેઓની સહી છે જે તેઓએ ઓળખી બતાવેલ છે. આ કામે તેઓએ પો.અધિ. બ.કાં.પાલનપુરનાઓને એન.ડી.પી.એસ.લગતની રેઈડના આયોજનની જાણ કરવા યાદી કરેલી. જે યાદી આંક.૭૪ થી રજૂ છે. જેમાં તેઓની સહી છે જે તેઓએ ઓળખી બતાવેલ છે. તેઓએ મામલતદારશ્રી અમીરગઢનાઓને એન.ડી.પી.એસ. લગતની રેઈડના આયોજન માટે સરકારી પંચો ફાળવવા યાદી કરેલી. જે યાદી આંક. ૭૫ થી રજૂ છે. જેમાં પી.એસ.આઈ. શ્રી.એમ.કે.ઝાલાની સહી છે જે તેઓની સાથે નોકરી કરતા હોય તેઓએ તેમની સહી ઓળખી બતાવેલ છે. આ કામે તેઓએ જયુડી.મેજી.ફ.ક. સાહેબ અમીરગઢનાઓને એન.ડી.પી.એસ. લગત કલમ–૪૨,૪૩ મુજબનો ઠરાવ મોકલી આપવા યાદી કરેલી. જે યાદી આંક–૫૦ થી રજૂ છે. જેમાં તેઓની સહી છે જે સહી તેઓએ ઓળખી બતાવેલ છે. તેઓએ આંક–૫૧ થી આરોપીને ગેઝેટેડ ઓફીસર હોવાનું જણાવેલ અને

અન્ય કોઈ ગેઝેટેડ અધિકારી કે મેજીસ્ટ્રેટ સમક્ષ ઝડતી તપાસ કરાવવા માંગતા હોય તો તે અંગેની તેઓ વ્યવસ્થા કરી આપીશું અને આ તમારો કાનુની અધિકાર છે જે મતલબનું એન.ડી.પી.એસ. લગતનો ક.૫૦ હેઠળ ઠરાવ કરી તેમાં બન્ને પંચોની, આરોપીની તથા રૂબરૂમાં તેઓએ તેમની સહી કરેલી. જે આંક–૫૧ ની સહીઓ તેઓએ ઓળખી બતાવેલ છે. ત્યારબાદ તેઓએ આરોપીને રેડીંગપાર્ટીના સભ્યો અને પંચોની અંગ ઝડતી કરવા સમજ કરેલ અને તે અંગેનું સમજપત્ર તૈયાર કરી તેમાં બે પંચોની સહીઓ કરેલી અને આરોપીની સહી લેવામાં આવેલી અને રૂબરૂમાં તેઓએ સહી કરેલી જે આંક–૫૨ થી રજૂ છે જે તેઓએ ઓળખી બતાવેલ છે. ત્યારબાદ પંચનામા દરમિયાન આરોપી પાસેથી કબજે કરેલ મુદામાલનો સીઝરમેમો તેઓએ તૈયાર કરેલો અને તેમાં બન્ને પંચોની અને આરોપીની સહી લીધેલી અને રૂબરૂમાં તેઓએ સહી કરેલી. જે આંક–૪૮ થી રજૂ છે જે તેઓએ ઓળખી બતાવેલ છે. ત્યારબાદ આરોપીને નજરકેદમાં રાખેલ તે અંગેનું સમજપત્ર તેઓએ તૈયાર કરેલું અને તેમાં બન્ને પંચોની અને આરોપીની સહી લીધેલી અને રૂબરૂમાં તેઓએ સહી કરેલી જે આંક–૪૯ થી રજૂ છે જે તેઓએ ઓળખી બતાવેલ છે. ત્યારબાદ પંચનામા દરમિયાન મળેલ માદક પદાર્થ ચરસના જથ્થાનું વજન કરવા તેઓએ વેપારી મહાશયને આંક. ૭૬ વાળી યાદી કરેલી જે તેઓએ ઓળખી બતાવેલ છે. ત્યારબાદ સ્થાનિક એફ.એસ.એલ. ઓફીસર, પાલનપુરને નાર્કોટીકસના જથ્થાનું સ્થળ ઉપર પરીક્ષણ કરવા આંક. ૭૭ વાળી યાદી કરેલી જે તેઓએ ઓળખી બતાવેલ છે. ત્યારબાદ એન.ડી.પી.એસ.ની રેઈડ લગત સફળ રેઈડ અંગેની જાણ એસ.પી. બ.કાં. પાલનપુરને કરવા આંક. ૭૮ વાળી યાદી કરેલી જે તેઓએ ઓળખી બતાવેલ છે. ત્યારબાદ આ ગુનાના કામે તેઓએ સી.ડી.આર.મેળવવા નોડલ ઓફીસરશ્રીને આંક.૭૯ થી ૮૩ વાળી યાદી કરેલી જે તેઓએ ઓળખી બતાવેલ છે. તેઓએ આરોપીને કોર્ટ રૂબરૂ ઓળખી બતાવેલ છે.

તેઓને મુદામાલ બતાવતા મુદ્દામાલ આર્ટી. નં . ૨, ૫, ૮, ૧૧, ૧૪, ૧૭, ૨૦, ૨૩, ૨૬, ૨૯, ૩૨, ૩૫, ૩૮, ૪૧, ૪૪ તથા નં. ૩, ૬, ૯, ૧૨, ૧૫, ૧૮, ૨૧, ૨૪, ૨૭, ૩૦, ૩૩, ૩૬, ૩૯, ૪૨ તથા ૪૫ વાળા એફ.એસ.એલ. સેમ્પલવાળા ડબ્બાઓ છે જે પંચનામા સમયે લીધેલા. જે સેમ્પલો જોઇને તેઓ જણાવે છે કે, તે સમયે ૩૦ ગ્રામ માદક પદાર્થ ચરસના લીધેલ સેમ્પલ છે જે તમામ સેમ્પલો જોઈને તેઓએ ઓળખી બતાવેલ છે. મુદ્દામાલ આર્ટીકલ નં. ૪૬ જે હુન્ડાઈ આઈ ૨૦ ગાડી એચ.પી. ૩૪. ડી.૧૫૩૯ ની આર. સી. બુકની કલર ઝેરોક્ષ છે જે તેઓને બતાવતાં તે તેઓએ પંચો રૂબરૂ કબજે કરેલ તે તે જ છે. તેઓ મુદ્દામાલ આર્ટીકલ નં.૪૮ વાળો એક સેમસંગ ગેલેક્ષી એમ–૩૧ મોબાઈલ, મુદ્દામાલ આર્ટીકલ નં. ૪૯ વાળો એક સેમસંગ કંપનીનો કી–પેડ મોબાઈલ, મુદ્દામાલ આર્ટીકલ નં.૫૦ વાળો એક વીવો કંપની નો એન્ડ્રોઈડ મોબાઈલ, મુદ્દામાલ આર્ટીકલ નં.૫૧ વાળો એક સેમસંગ કંપનીનો કી–પેડ મોબાઈલ તથા મુદ્દામાલ આર્ટીકલ નં.૫૨ વાળો એક લાવા કંપનીનો કી–પેડ મોબાઈલ છે જે તેઓને બતાવતાં તે તેઓએ ઓળખી બતાવેલ છે. મુદ્દામાલ આર્ટીકલ નં.૪૭ વાળું આધાર કાર્ડ બતાવતાં તે આરોપી કિરણકુમાર અમરચંદ નેગીનું છે જે તેઓની રૂબરૂમાં કબજે લીધેલ હોઈ તેઓએ ઓળખી બતાવેલ છે. તેઓને આર્ટીકલ નં.૫૩ વાળું કિંમતી મુદ્દામાલનું કવર ખોલી તેમાંથી નીકળેલ ચલણી નોટો ૫૦૦ ના દરની ૬ નોટો, ૨૦૦ ના દર ની એક નોટ અને ૧૦૦ ના દર ની બે નોટો છે જે તેઓને બતાવવામાં આવતા તે તેઓની રૂબરૂ કબજે કરવામાં આવેલ તે જ છે. સાહેદ જણાવે છે કે તે સમયે રૂ.૨૦૦૦/– ના દર ની કુલ ૧૦ નોટો કબજે કરવામાં આવેલી જે નોટો કવરમાંથી મળી આવેલ નથી. તેઓને આંક–૭૦ બતાવતા તે નામ. બીજા એડી. સેશન્સ જજ સાહેબનો હુકમ તથા નામ. બીજા એડી. સેશન્સ જજ સાહેબના રૂ.૨૦૦૦/–ના દરની નોટો જમા કરાવવા અંગેનો હુકમ તથા સંલગ્ન

કાગળો (કુલ ૩ પાના) વાળા કુલ ૩ કાગળો છે. કવરમાંથી એક સી.ડી. મળી આવેલ છે. કવરમાંથી નીકળેલ સી.ડી. કવરમાં પરત મુકવામાં આવેલ છે. કવરમાંથી રૂ.૨૦૦૦/– ના દરની ૧૦ નોટો કાઢી બેંકમાં જમા કરાવેલ હોવાથી બાકીના રૂ.૩,૪૦૦/–કવરમાં પરત મુકવામાં આવેલ છે. આમ, આરોપી પાસેથી કુલ કબજે કરેલ રૂ.૨૩,૪૦૦/– પૈકી રૂ.૩,૪૦૦/– જુદાજુદા દરની નોટો જે તેઓની રૂબરૂ કબજે કરવામાં આવેલ તે જ છે જે તેઓએ ઓળખી બતાવેલ છે. મુદ્દામાલ આર્ટીકલ નં.૫૪ વાળું પાનકાર્ડ બતાવતાં તે આરોપી કિરણકુમાર અમરચંદ નેગીનું છે જે તેઓની રૂબરૂમાં કબજે લીધેલ હોઈ તેઓએ તે ઓળખી બતાવેલ છે. મુદ્દામાલ આર્ટીકલ નં. ૫૫, ૫૬, ૫૭, ૫૮ વાળા એ.ટી.એમ./ ડેબિટ કાર્ડ બતાવતાં તે આરોપી કિરણકુમાર અમરચંદ નેગી પાસેથી તેઓની રૂબરૂમાં કબજે લીધેલ હોય તેઓએ તે ઓળખી બતાવેલ છે. મુદ્દામાલ આર્ટીકલ નં.૫૯ થી જમા લીધેલ હુન્ડાઈ કાર જે અમીરગઢ પોલીસ સ્ટેશનમાં પડેલ છે જે તેઓની રૂબરૂ કબજે કરવામાં આવેલી. તેઓને આંક–૬૬ વાળી ફરીયાદ બતાવતાં તે તેઓની રૂબરૂ આપવામાં આવેલી ફરીયાદ છે જેમાં તેઓની સહી છે જે તેઓએ ઓળખી બતાવેલ છે. તેઓને આંક–૧૭ વાળું પંચનામું બતાવતાં તે પંચનામું રેઈડ વખતે પંચોની હાજરીમાં કરેલું તે તે જ છે જે પંચનામું પંચોના લખાવ્યા મુજબ લખેલું પંચનામું છે તેમાં બે પંચોની દરેક પાના ઉપર સહીઓ છે અને તેમાં રૂબરૂ તરીકે દરેક પાના ઉપર તેઓની સહી છે જે તેઓએ ઓળખી બતાવેલ છે. તેઓને આંક–૧૮ થી ૪૭ સુધીની પંચ સ્લીપો બતાવતાં તેમાં પંચોની તથા રૂબરૂ તરીકે તેઓની સહીઓ છે જે પંચોએ તેઓની રૂબરૂ સહીઓ કરેલ હોઈ તેમની સહીઓ તથા તેઓની સહીઓ તેઓએ ઓળખી બતાવેલ છે. તેઓને આંક–૫૫ વાળું પ્રમાણપત્ર બતાવતાં તેમાં વેપારી મહાશય મેળાપચંદ જીવાજી સોની રહે. અમીરગઢવાળાએ પંચનામા દરમિયાન મુદ્દામાલ કબજે કરેલ ચરસનું વજન કરી અને

આપેલું છે અને તેમાં તેણે તેઓની હાજરીમાં સહી કરેલી જે તેઓએ ઓળખી બતાવેલ છે. તેઓને આંક–૪૮ બતાવતાં તે પંચનામા દરમિયાન આરોપી પાસેથી મળેલ મુદ્દામાલ અંગેનો સીઝરમેમો તૈયાર કરેલો. તેમાં બે પંચોની સહીઓ લીધેલી અને આરોપીને સીઝરમેમો આપ્યા બદલ સહી લીધેલી અને રૂબરૂમાં તેઓએ તેમની સહી લીધેલી જે તેઓએ ઓળખી બતાવેલ છે. પંચનામાની કાર્યવાહી પુર્ણ થયા બાદ મુદામાલ અને આરોપી અમીરગઢ પો.સ્ટે. માં પી.એસ.ઓ.ને સોંપેલ.

ત્યારબાદ, આરોપીપક્ષે આ સાહેદની ઉલટ તપાસ કરવામાં આવેલ છે, જે ધ્યાને લેતાં, આરોપીપક્ષની ઉલટ તપાસમાં તેઓએ જણાવેલ છે કે, એ વાત ખરી છે કે અમને એન.ડી.પી.એસ. એકટને લગતા કેસોમાં તપાસની કામગીરી માટે અમારા ખાતા તરફથી ટ્રેનીંગ આપવામાં આવે છે. હું છેલ્લા ૧૦ થી ૧૧ વર્ષથી પોલીસ ખાતામાં ફરજ બજાવું છું અને મેં આ સમયગાળા દરમ્યાન ઘણા એન.ડી.પી.એસ. ના કેસોને લગતી કામગીરી કરેલ છે. એ વાત ખરી છે કે એસ.ઓ.જી. કચેરી પાલનપુર ખાતે આવેલ છે. એ વાત ખરી છે કે અમને અમીરગઢ પોલીસ સ્ટેશનના પી.એસ.ઓ. તરફથી આ ગુનાની આગળની કાર્યવાહી કરવા માટે એસ.ઓ.જી. કચેરીને જાણ કરેલી. એ વાત મને યાદ નથી કે એસ.ઓ.જી. કચેરીને ગુનાની આગળની કાર્યવાહી કરવા માટેની જાણ કરેલી તે સમયે આ બાબતની નોંધ એસ.ઓ.જી. કચેરીમાં કરેલી કે કેમ? મેં એન.ડી.પી.એસ. એકટનો અભ્યાસ કરેલ છે. એ વાત ખરી છે કે એન.ડી.પી.એસ. એકટની જોગવાઈઓ મુજબ અમને માહીતી મળે એટલે તે માહિતીની જાણ અમારા ઉપરી અધિકારીને કરવી પડે. તે સમયે એસ.ઓ.જી. ઓફીસ ધ્વારા ઉપરી અધિકારીને જાણ કરવામાં આવેલ નથી. એસ.ઓ.જી. કચેરીએથી અમીરગઢ ચેકપોસ્ટ જવા માટે અમો સવારના આશરે ૧૧ વાગ્યે નીકળેલા અને ચેકપોસ્ટ ઉપર રાત્રીના લગભગ આઠ થી નવ વાગ્યા

સુધી રોકાયેલા. એ વાત ખરી છે કે પંચોને બોલાવવાની કાર્યવાહી એસ.ઓ.જી. કચેરી ધ્વારા કરવામાં આવેલ નથી. સાહેદ જણાવે છે કે તેમની સુચનાથી પંચોને બોલાવવાની કાર્યવાહી અમીરગઢ પો.સ્ટે. ધ્વારા કરવામાં આવેલી. એ વાત ખરી છે કે સી.આર.પી.સી. કલમ ૧૦૦ મુજબ આવા પંચો નજીકની સરકારી કચેરીથી બોલાવવાના હોય છે. પંચો નજીકની સરકારી કચેરીથી જ બોલાવવામાં આવેલા કે કેમ તે અંગે તમે કોઈ તપાસ કરેલી? તેવા સવાલના જવાબમાં જણાવેલ છે કે પંચો નજીકની સરકારી કચેરીમાં હાજર હતા તેમને બોલાવવામાં આવેલા. એ વાત ખરી છે કે હું ચેકપોસ્ટ ઉપર પહોંચ્યો ત્યારે અમીરગઢ ચેકપોસ્ટના પોલીસ કર્મચારીઓ ધ્વારા ગાડી રોકી જે તે સ્થિતિમાં રાખવામાં આવેલ હતી. એ વાત ખરી છે કે લેપટોપ/ કમ્પ્યુટર કે પ્રિન્ટર પોલીસની ગાડીમાં લાવવામાં આવેલ નથી. એન.ડી.પી.એસ. એકટ અન્વયેના ઠરાવો પહેલા કરેલા કે પંચનામું પહેલાં કરેલું.? તેવા સવાલના જવાબમાં જણાવેલ છે કે એન.ડી.પી. એસ. એકટ અન્વયેના જે ઠરાવો કરવામાં આવેલા તે પંચનામાની કાર્યવાહી દરમ્યાન જ કરવામાં આવેલા. એ વાત ખરી નથી કે મેં એન.ડી.પી.એસ. એકટ અન્વયેના કોઈ ઠરાવો કરેલા નથી. એ વાત ખરી નથી કે એન.ડી.પી.એસ. એકટ અન્વયેના કોઈ ઠરાવો કરી મેં મેજીસ્ટ્રેટ સાહેબને મોકલી આપેલ નથી. એ વાત ખરી નથી કે એન.ડી.પી.એસ. એકટની કલમ ૪૨ તથા ૪૩ મુજબના જે ઠરાવો કરવામાં આવેલા તેની જાણ ઉપરી અધિકારીને કરેલી નથી. એ હું કહી શકું નહી કે જયારે કોઈ પણ પોલીસ કર્મચારી ટપાલ લઈ અન્ય કોઈ પોલીસ સ્ટેશનમાં જાય ત્યારે તે ટપાલ રીસીવ કરી નકલ (સ્થળપ્રત) માં સિકકો મારી પરત કરે છે. મને આંક–૫૦ બતાવવામાં આવે છે જે જોઈને કહું છું કે તે એન.ડી.પી.એસ. એકટ કલમ ૪૨ તથા ૪૩ મુજબનો ઠરાવ છે. એ વાત ખરી છે કે આરોપી કિરણભાઈને ગુજરાતી ભાષા આવડતી નથી. એ વાત ખરી છે કે મેં હાલના કેસમાં અન્ય કોઈ

ગેઝેટેડ ઓફીસર ધ્વારા ઝડતી તપાસ કરાવેલ નથી. એ વાત ખરી છે કે આંક–૫૧ તથા ૫૨ ના એન.ડી.પી.એસ. એકટ મુજબના કરાવો બંને ગુજરાતી ભાષામાં લખેલા છે. એ વાત ખરી છે કે આ બંને ઠરાવોમાં આરોપીને આ ઠરાવોની તેઓ જાણતા હોય તેવી ભાષા એટલ કે હિન્દી ભાષામાં સમજાવેલ હોય તેવી કોઈ નોંધ આ ઠરાવો ઉપર કરેલ નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે પંચનામામાં તેનો ઉલ્લેખ કરેલ હોવાથી અલગથી આ ઠરાવો ઉપર તેની કોઈ નોંધ કરવામાં આવેલ નથી. એ વાત ખરી નથી કે આક–૫૧ તથા ૫૨ ના ઠરાવો ઉપર કોરા કાગળમાં સહી મેળવી પાછળથી તેમાં લખાણ કરેલ છે. મને આંક ૭૮ બતાવવામાં આવે છે. તે જોઈને કહું છું કે તેમાં જીલ્લા પોલીસ અધિકારીને સદર પત્ર કઈ તારીખે મળેલ તેની ઓફીસ કોપીમાં કોઈ નોંધ નથી. એ વાત ખરી છે કે મેં મેઘરાજભાઈને વેપારી મહાશયને બોલાવવા માટે અને ત્રીસ પારદર્શક ડબ્બા વેચાતા લાવવા માટે મોકલેલા. આ ડબ્બા કયાંથી લાવેલા તે અંગેનો કોઈ ઉલ્લેખ કે ખર્ચ અંગેની વિગત પંચનામામાં નથી. એ વાત ખરી છે કે વેપારી મહાશય જે વજનકાંટો લઈને આવેલા તે વજનકાંટો ઈલેકટ્રીકથી ચાલતો હતો. એ વાત ખરી છે કે અમીરગઢ ચેકપોસ્ટ ઘણી મોટી જગ્યા છે. એ વાત ખરી છે કે વેપારી મહાશયે માદક પદાર્થનું વજન ચેકપોસ્ટ પર ચોકકસ કઈ જગ્યાએ કરેલું તેનો ઉલ્લેખ પંચનામામાં નથી. એ વાત ખરી છે કે વેપારી મહાશયે ઈલેકટ્રીક કાંટાથી જે વજન કરેલું તે ઇલેકટ્રીક વજનકાંટાનો પ્લગ કયાં હતો અને ઈલેકટ્રીસીટી કયાંથી મેળવેલી તેનો ઉલ્લેખ પંચનામામાં નથી. સાહેદ જણાવે છે કે અમીરગઢ ચેકપોસ્ટ પર ચોકી પર વજન કરવામાં આવેલું અને ત્યાં ઈલેકટ્રીક કનેકશન હોય જ છે જેથી તેનો ઉલ્લેખ પંચનામામાં કરેલ નથી. એ વાત ખરી છે કે ઈલેકટ્રીક કાંટાથી વજન કરતાં કેટલો સમય લાગેલો તેનો ઉલ્લેખ પંચનામામાં નથી. એ વાત ખરી નથી કે ચરસનું વજન કેટલું હતું તે હું કહી શકું નહિ. ચરસનું (ચોખ્ખા ચરસનું) વજન ૧૪.૬૪૩ કિ.ગ્રા.

હતું. વેપારી મહાશયને મહેનતાણાના નાણાં ચુકવવામાં આવેલા કે કેમ તેની મને ખબર નથી. એ વાત ખરી છે કે વેપારી મહાશયને તેની મહેનતના નાણાં ચુકવવામાં આવેલ હોય તેવો કોઈ ઉલ્લેખ પંચનામામાં નથી. એ વાત ખરી નથી કે સાઇન્ટીફીક ઓફીસરે પૃથકકરણની ક્રિયા કયાં કરેલી તેનો ઉલ્લેખ પંચનામામાં નથી. એ વાત ખરી નથી કે સાઈન્ટીફીક ઓફીસરે મુદામાલ માદક પદાર્થના પૃથકકરણની કોઈ પ્રક્રિયા કરેલ જ નથી. એ વાત ખરી નથી કે મુદ્દામાલમાં પંચોની સહીવાળી તેમજ આરોપીની સહીવાળી કાપલી અંદરના ભાગે મુકવામાં આવેલી. એ વાત ખરી નથી કે તેના ઉપર એસ.ઓ.જી.નું કોઈ સીલ મારવામાં આવેલ નથી. એ વાત સાથે હું સહમત નથી કે એસ.ઓ.જી.નું સીલ કોઈ ત્રાહિત વ્યકિતને આપવું જોઈએ. એ વાત ખરી છે કે મુદ્દામાલ સીઝ કરતાં પહેલાં મુદ્દામાલ વાળા પેકીંગ પરથી કોઈ ફીંગર પ્રીન્ટ લેવામાં આવેલ નથી. એ વાત ખરી છે કે બનાવવાળી જગ્યાનો કોઈ નકશો બનાવવામાં આવેલ નથી. સાહેદ જણાવે છે કે બનાવવાળી જગ્યાની ચતુઃસીમા દર્શાવેલ છે. એ વાત ખરી છે કે બનાવવાળી જગ્યાની કોઈ ફોટોગ્રાફી કે વિડીયોગ્રાફી કરવામાં આવેલ નથી. એ વાત ખરી નથી કે બનાવવાળી જગ્યાની આજુબાજુ દુકાનો આવેલી છે. એ વાત ખરી નથી કે આ તમામ પ્રક્રિયા પંચનામું, યાદી વિ. અમીરગઢ પો.સ્ટે. ખાતે લેપટોપ થી લખાયેલ તેમજ તેમાં કોપીઓ કાઢવામાં આવેલ તેમજ સીઝરમેમો પણ ત્યાં જ બેસી તૈયાર કરવામાં આવેલ છે. એ વાત ખરી નથી કે આરોપીની કારમાંથી કોઈ કહેવાતો કોઈ મુદ્દામાલ મળી આવેલ નથી. એ વાત ખરી નથી કે કહેવાતો મુદ્દામાલ બિનવારસી હાલતમાં મળી આવેલ હોવા છતાં ખોટો કેસ કરેલ છે. એ વાત ખરી નથી કે પોલીસની સારી કામગીરી બતાવવા માટે હું ખોટી જુબાની આપું છું.

આ સાહેદના પુરાવાનું મુલ્યાંકન કરતાં તેમને તા.૨૦/૦૧/૨૨ ના રોજ તેઓ એસ. ઓ. જી. કચેરી ખાતે હતા ત્યારે સવારે અગ્યિાર

વાગ્યાના સુમારે અમીરગઢ પી. એસ. ઓ. તરફથી તેમને કોલ આવેલ કે, અમીરગઢ ચેક પોસ્ટ ખાતે પોલીસના માણસોએ એક આઇ–૨૦ સફેદ કલરની ગાડીની અંદર બેઠેલ ઇસમે ગાડીની અંદર શંકાસ્પદ માલ રાખેલ છે જેથી તેઓ આગળની કાર્યવાહી કરવા માટે સ્થળ ઉપર ગયેલા ત્યાં અમીરગઢ પો. સ્ટે. ખાતેથી ચાદી ધ્વારા પંચો હાજર રાખવા જણાવેલું, પંચો હાજર રહેલા તેમની તથા હાજર પોલીસોની તેમજ ગાડીઓની અરસ–પરસ જડતી તપાસ કરવામાં આવેલ તેમ છતાં કંઇ ગુનાહિત વસ્તુઓ મળી આવેલ નહીં. ગાડીમાં એન. ડી. પી. એસ. ને લગતી કીટ જેમાં લાખ, દોરા, સફેદ દવાખાનાની પટ્ટી, સીલ વિગેરે હતા. ત્યારબાદ એન. ડી. પી. એસ. એકટ અન્વચે કાર્યવાહી કરવામાં આવેલી. જુદા જુદા ઠરાવો કરવામાં આવેલા તેની પ્રતો આરોપીને આપવામાં આવેલી તેમાં પંચોની તથા આરોપીની સહીઓ મેળવવામાં આવેલી, આરોપીને તેના અધિકાર બાબતે હિન્દી ભાષામાં સમજ કરવામાં આવેલી, તેની પાસેથી મળી આવેલ મુદામાલ માદક પદાર્થ તથા ત્રણ મોબાઇલો, રોકડ રકમ , આધારકાર્ડ, પાનકાર્ડ, ડેબીટકાર્ડ, આર. સી. બુકની નકલ વિગેરે કબજે કરેલું. એફ. એસ. એલ. અધિકારીને મળી આવેલ મુદામાલનું પ્રાથમીક પરીક્ષણ કરવા સ્થળ ઉપર બોલાવવામાં આવેલા. તેઓ આવેલા. સ્થળ ઉપર મુદામાલનો તેમણે પરીક્ષણ કરેલું. તે પરીક્ષણ કરતાં મુદામાલમાં કેનાબીશના સક્રિય ઘટકોની હાજરીની સકાત્મક પરીણામ મળી આવેલ છે. તેવો લેખિતમાં અભિપ્રાય આપેલો. સ્થળ ઉપર વેપારી મહાશ્ચને બોલાવી માદક પદાર્થનું વજન કરાવી તેની પાસેથી પણ પ્રમાણપત્ર મેળવેલું. એફ. એસ. એલ. અધિકારીશ્રીના માર્ગદર્શન મુજબ માદક પદાર્થના ૩૦–૩૦ ગ્રામના સેમ્પલો, એફ. એસ. એલ. સેમ્પલ માટે અને રીઝર્વ સેમ્પલ તૈયાર કરવામાં આવેલા તેને સીલ કરવામાં આવેલા. આરોપીની પૂછપરછ કરવામાં આવેલી. તેની પાસેથી કબજે કરેલા મુદામાલનો સીઝરમેમો તૈયાર કરવામાં આવેલો.

તેની એક પ્રત આરોપીને આપવામાં આવેલી. સમગ્ર કાર્યવાહીની પંચનામું કરવામાં આવેલું. તેમણે તેમને બતાવેલ મુદ્દામાલ તથા આરોપીને ઓળખી બતાવેલ છે. આમ તેમણે જે એન. ડી. પી. એસ. એકટ અન્વયે જરૂરી કાર્યવાહી, જરૂરી ઠરાવો, મુદ્દામાલનું સીલબંધ પેકીંગ તથા પંચનામું કરેલું તેઅંગેનું પુરાવો રજૂ કરેલ છે.

૨૫. તદઉપરાંત ફરીયાદપક્ષે આંક. ૯૨ થી સાહેદ નં. ૭ કૌશિક કિશનભાઇ પાટડીયાને સોગંદ ઉપર તપાસેલ છે. તેઓએ સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, તા.૨૦/૦૧/૨૦૨૨ ના રોજ અમીરગઢ ચેક પોસ્ટ પર આ ગુનાના આરોપી કિરણકુમાર અમીરચંદ નેગી, રહે. હિમાચલપ્રદેશવાળો પોતાના કબજા ભોગવટાની હુન્ડાઈ આઈ. ૨૦ ગાડીમાં બિનઅધિકૃત અને વગર પાસ પરમીટનો ચરસનો જથ્થો ૧૪.૬૪૩ કિ.ગ્રા.જેની કિંમત રૂા.૧,૪૬,૪૩૦૦૦/- તેમજ હુન્ડાઈ આઈ.૨૦ ગાડી જેની કિંમત રૂા. ૫,૦૦,૦૦૦/- તેમજ પાંચ મોબાઈલ ફોન જેની કિંમત રૂા.૨૩,૦૦૦/- તેમજ રોકડ રકમ રૂા.૨૩,૪૦૦/-, એક આધારકાર્ડ, એક પાનકાર્ડ તેમજ આર.સી.બુકની કલર ઝેરોક્ષ તેમ મળી કુલ મુદ્દામાલ રૂા.૧,૫૧,૮૯,૪૦૦/- નો મળી આવી ગુન્હો કરેલ હોય અમીરગઢ પો.સ્ટે. ખાતે ગુનો પી.એસ.ઓ.શ્રીએ દાખલ કરી તપાસ તેઓની તરફ મોકલી આપતાં તેઓએ તપાસ સંભાળી લીધેલી. તે સમયે તેઓની ફરજ પેરોલ ફર્લો સ્કોડ ખાતે બજાવતા હતા અને એસ.ઓ.જી.ના ઈન્ચાર્જ પી.એસ.આઈ.શ્રી તરીકે તેઓની ફરજ બજાવતા હતા. ત્યારબાદ પી.એસ.ઓ. પાસેથી ગુનાના તપાસના કાગળો અને આરોપી તેઓને સોંપતાં તેઓએ તે કાગળો અને આરોપી મેળવીને આગળની તપાસ શરૂ કરેલી. આરોપીને અટક કરતાં પહેલાં કોરોના રિપોર્ટ કરાવેલ જે નેગેટીવ આવતાં આરોપીને પાલનપુર મુકામે અટક કરેલ. તેની જાણ તેના ભાઈ મનોજ કુમારને કરેલ. તેમજ આરોપીને

અટક કર્યા અંગેની નોંધ સ્ટે.ડા.માં કરાવેલ. ત્યારબાદ પંચનામા દરમિયાન કબજે કરેલ ચરસનું સેમ્પલ એફ.એસ.એલ.ગાંધીનગર ખાતે મોકલવાના હોવાથી ઓન લાઈન રવાનગી ભરી ડી.વાય.એસ.પી. ડીસાનાઓની કચેરી તરફ મોકલી આપેલ. લાગતા વળગતા સાહેદોના નિવેદનો તેમના લખાવ્યા મુજબના નોંધી લીધેલા. તેમજ સરકારી ગાડીના લોગબુકના ઉતારાની નકલો લીધેલી. આરોપીના મોબાઈલની કોલ ડિટેઈલ્સ મંગાવવાની તજવીજ કરેલ. ત્યારબાદ આરોપીનો પોલીસ કસ્ટડીનો સમય પુર્ણ થતો હોય નિયત સમય મર્યાદામાં નામ.કોર્ટમાં રજૂ કરેલ અને તે સમયે નામ.કોર્ટમાં તેઓએ તપાસમાં આરોપીની કસ્ટડીની જરૂર હોય રીમાન્ડની માંગણી કરતા નામ.કોર્ટે તેઓની માગણી મંજુર કરી ૧૨ દિવસના રીમાન્ડ મંજુરી કરી કસ્ટડી સોંપેલ. ત્યારબાદ આરોપીને સાથે રાખી હિમાચલપ્રદેશમાં ચૌજ ગામે, સુરજબાગલ નામના વ્યકિતએ આ ચરસનો જથ્થો ભરાવી આપેલ હોવાથી ત્યાં જઈ પોલીસ મદદ લઈ તે જે ગેસ્ટ હાઉસમાં રહેતો હતો તેમના માલીક દુર્ગા દેવીનું નિવેદન તેમજ ગેસ્ટ હાઉસના રજીસ્ટરના ઉતારા લઈ તપાસના કામે સામેલ રાખેલ. તેમજ ગેસ્ટ હાઉસની આજુબાજુ રહેતા સાહેદોના નિવેદનો લીધેલ તેમજ આ સુરજબાગલની તપાસમાં રહેવા પો.સ્ટે. ખાતે યાદી આપી. ત્યારબાદ આરોપી કિરણકુમારના વતનમાં તેના નામે કોઈ સ્થાવર મિલ્કત છે કે કેમ તેની તપાસ કરતાં તેણે તેની જમીન અને વારસાઈ મકાન તેના ભાભી લાજવંતીબેનના નામે કરી દીધેલ હોય જે કાગળોની કોપી કાગળોમાં સામેલ રાખેલ. ત્યારબાદ તેના ભત્રીજા કાર્તિક અને લલીત નેગીના નિવેદનો લીધેલ. આરોપીનું મેડીકલ ચેકઅપ કરાવી સર્ટી.લીધેલ. આ આરોપીના સ્થાનિક પો.સ્ટે.ચેક કરાવતાં મારામારીનો ગુન્હો નોંધાયેલ તે તપાસના કામે સામેલ રાખેલ છે. હિમાચલપ્રદેશથી ગોવા જતાં રસ્તામાં જોધપુર બાદ રોટીલા ગામ પાસે રાજપુતાના હોટલમાં રોકાયા હતા. તેના મેનેજરનું નિવેદન લીધેલ તેમજ તે હોટલના રજીસ્ટરનો

ઉતારો તપાસના કામે સામેલ રાખેલ. ત્યારબાદ આ ચરસનો જથ્થો સુમિત સુદને ગોવા મુકામે આપવાનો હતો માટે ત્યાં જઈ તેની તપાસ કરતાં તે ભાડેથી રહેતો હોય તેના મકાન માલીક લક્ષ્મણભાઈ ગોવિંદભાઈનું નિવેદન લીધેલ. તેમણે ભાડે આપેલ રેન્ટ ફોર્મ તેમજ સુમિત સુદની આધારકાર્ડની કોપી તપાસના કામે સામેલ રાખેલ. તેમજ અંજુના પો.સ્ટે.ખાતે યાદી પાઠવેલ. ત્યારબાદ સુરજ બાગલેની તપાસ માટે મુંબઈ મુકામે જઈ ત્યાં તપાસ કરતાં તેના સરનામે તેના માસીનો દિકરો માનવ મળી આવતા તેણે સુરજનું ઘર બતાવતાં સુરજની માતા મનિષાબેનનું નિવેદન લીધેલ. તેમજ એમ.આઈ.ડી. સી. પો.સ્ટે. ખાતે સુરજની યાદી પાઠવેલી. ત્યારબાદ આરોપીના વિશેષ નિવેદન મુજબ અડધો જથ્થો મુંબઈમાં બીટસ નામના વ્યક્તિને આપવાનો હતો જેનો ફોટો કાઢી આપેલ જે તપાસના કામે સામેલ રાખેલ. આરોપીના રીમાન્ડ પુરા થતા હોય નામ. કોર્ટમાં રજૂ કરતાં તેનું જેલ વોરંટ ભરતાં પાલનપુર ખાતે જેલમાં મોકલી આપેલ. આરોપીના કોલ ડીટેલ્સની તપાસ કરવામાં આવેલ. ચરસનો જથ્થો એફ.એસ.એલ.ગાંધીનગરમાં જમા કરાવ્યા અંગેની પહોંચ અમીરગઢ રાઈટર હેડ નાઓએ તેઓને મોકલતા તપાસના કામે સામેલ રાખેલ. તેમજ અમીરગઢ પો.સ્ટે.ના ટેલીફોન વર્ધી રજીસ્ટર તેમજ સ્ટેશન ડાયરીનો ઉતારો તપાસના કામે સામેલ રાખેલ. આરોપીના બેન્ક એકાઉન્ટ સુરજબાગલેની માતા મનિષાબેનનું એકસીસ બેંકનું એકાઉન્ટ તેમજ ઈન્ડિયન બેંક એકાઉન્ટની તપાસ કરેલ. ત્યારબાદ તેઓની બદલી થતાં આગળની વધુ તપાસ બાકી હોવાથી એસ.ઓ.જી. પી.એસ.આઈ. શ્રી.એ.કે.દેસાઈનાઓને સોંપેલી અને તપાસના કાગળો પણ તેમને સુપરત કરેલા. તેઓ આરોપીને ઓળખે છે. આરોપીને આજરોજ નામ. કોર્ટમાં રજૂ કરેલ નથી પરંતુ ઓળખ અંગેની કોઈ તકરાર નથી. તેઓએ આંક. ૯૩ થી આરોપીની મેડીકલ તપાસણી કરવા સારૂ મેડીકલ ઓફીસર જનરલ હોસ્પીટલ પાલનપુરને

યાદી કરેલી. તે તે જ છે. જેમાં તેઓની સહી છે જે તેઓએ ઓળખી બતાવેલ છે. આંક–૯૪ ની યાદીના આધારે મેડીકલ ઓફીસર પાલનપુરે આરોપીનો કોવીડ–૧૯ ટેસ્ટ કરી અને રિપોર્ટ આપેલો જે તે જ છે. આ ગુનાના કામે આરોપી કિરણકુમાર અમરચંદ નેગી, રહે. રાંઘડી, પોસ્ટ.હરીપુર, તા.જી.કુલ્લુ, હિમાચલપ્રદેશ વાળાને અમીરગઢ પો.સ્ટે.ના પાર્ટ.બી.ગુ.ર.નં. .૨૯/૨૦૨૨, એન.ડી.પી.એસ.એકટની કલમ–૮(સી), ૨૦(બી)(II)(સી),૨૯ મુજબના ગુનામાં અટક કરી અને તેનો અટક મેમો તૈયાર કરેલો અને તેમાં આરોપીની સહી લીધેલી અને તેઓએ રૂબરૂમાં તેમની સહી કરેલી અને આરોપીના સગાને મોબાઈલ ફોનથી આરોપીની અટક અંગેની જાણ કરેલી જે અટક મેમો આંક. ૯૫ થી રજૂ છે. તેમાં આરોપીની સહી અને રૂબરૂ તરીકે તેઓની સહી છે. જે તેઓની સહી તેઓએ ઓળખી બતાવેલ છે. આંક. ૯૬ થી આ ગુનાના કામે આરોપીના મોબાઈલમાં રહેલા સીમ કાર્ડના નંબરોની કોલ ડિટેઈલ્સ મેળવવા નોડલ ઓફીસરશ્રીને જરૂરી પ્રોર્ફોમામાં અરજી કરેલી તેમાં તેઓની સહી છે જે તેઓએ ઓળખી બતાવેલ છે. આંક. ૯૭ થી આ ગુનાના કામે એસ.ઓ.જી.નું સરકારી વાહન ટાટા સુમો જેનો રજી. નં. જી.જે.૦૮. જી.એ. ૦૧૪૭ ના તા.૨૦/૦૧/૨૨ ના લોગબુકના ઉતારો જે આ કામે તેઓએ મેળવીને તપાસના કાગળોમાં સામેલ રાખેલ. જેમાં તેઓની સહી છે જે તેઓએ ઓળખી બતાવેલ છે. આંક. ૯૮ થી આરોપીની મેડીકલ તપાસણી કરવા સારૂ મેડીકલ ઓફીસર જનરલ હોસ્પીટલ પાલનપુરને યાદી કરેલી. તેના આધારે યાદીમાં મેડીકલ ઓફસરશ્રીએ આરોપીને મેડીકલ સર્ટી. આપેલું. આંક. ૯૯ થી ગુનાના કામે કબજે લેવામાં આવેલ મુદ્દામાલનુ પરીક્ષણ અમોએ એફ.એસ.એલ. અમદાવાદને મોકલવા માટે રવાનગી નોંધ તૈયાર કરેલી અને તેમાં તેઓએ સહી કરેલી અને સત્તા અંગેનું પ્રમાણપત્ર મેળવેલું. જેમાં તેઓની સહી છે જે તેઓએ ઓળખી બતાવેલ છે. આંક.૧૦૦ થી આ ગુનાના કામે બીજા વ્યકિત કે જે

ચરસ ભરાવનારના મોબાઈલમાં રહેલા સીમ કાર્ડના નંબરોની કોલ ડિટેઇલ્સ મેળવવા નોડલ ઓફીસર શ્રીને જરૂરી પ્રોર્ફોમામાં અરજી કરેલ જેમાં તેઓની સહી છે જે તેઓએ ઓળખી બતાવેલ છે. તેઓએ આંક.૧૦૧ થી એફ.એસ.એલ.માં મોકલાવેલ મુદામાલ મળ્યા બદલ એફ.એસ.એલ.એ પહોંચ ફાળવેલ. તેઓએ આંક. ૧૦૨ થી આરોપીનું કોવીડ–૧૯ નો ટેસ્ટ કરવા મેડીકલ ઓફીસરશ્રી જનરલ હોસ્પી. પાલનપુરને કરેલ યાદી છે. જેમાં તેઓની સહી છે. જે સહી તેઓએ ઓળખી બતાવેલ છે. આંક. ૧૦૩ થી આરોપીની મેડીકલ તપાસણી કરવા મેડીકલ ઓફીસર પાલનપુરે કરેલ યાદી છે. જેમાં તેઓની સહી છે. જે સહી તેઓએ ઓળખી બતાવેલ છે. આંક. ૧૦૪ થી આરોપીનો કોવીડ–૧૯ નો રિપોર્ટ છે. જે તે જ છે. આંક. ૧૦૫ થી આરોપીના કોલ ડિટેઇલ્સ મળેલા જે તપાસના કામમાં સામેલા રાખેલ તે તે જ છે. આંક.૧૦૬ થી આરોપીના કોલ ડિટેઇલ્સ મેળવવા માટે જરૂરી પ્રોર્ફોમામાં નોડલ ઓફીસરશ્રીને અરજી કરેલી. તે તે જ છે. તેમાં તેઓની સહી છે. જે તેઓની સહી તેઓએ ઓળખી બતાવેલ છે.

ત્યારબાદ, આરોપીપક્ષે આ સાહેદની ઉલટ તપાસ કરવામાં આવેલ છે, જે ધ્યાને લેતાં, આરોપીપક્ષની ઉલટ તપાસમાં તેઓએ જણાવેલ છે કે, તપાસ મને તા.૨૦/૧/૨૨ ના રોજ મળેલી. આરોપી ને મેં તા.૨૧/૧/૨૨ ના રોજ ક.૧૫:૧૫ વાગ્યે અટક કરેલા. એ વાત ખરી નથી કે મેં આરોપીને અટક કરેલ તેની જાણ ઉપરી અધિકારીને કરેલ નથી. એ વાત ખરી નથી કે મેં ઉપરી અધિકારીને જાણ કર્યા અંગેનો રિપોર્ટ તપાસના કાગળોમાં સામેલ રાખેલ નથી. એ વાત ખરી નથી કે મેં આરોપીની ધરપકડ અંગે કોઈ જાણ કરેલ નથી. સાહેદ જણાવે છે કે તેના ભાઈ મનોજકુમારને જાણ કરેલ છે. મેં એફ.એસ. એલ. માં મુદ્દામાલ તા.૨૪/૧/૨૨ ના રોજ મોકલી આપેલો. એ વાત ખરી નથી કે મેં મુદ્દામાલ સમયસર એફ.એસ.એલ. મોકલેલ નથી. સાહેદ જણાવે છે કે તા.૨૨/૧/૨૨ તથા ૨૩/૧/૨૨ ના રોજ જાહેર

રજાઓ હતી તેથી મુદ્દામાલ તા.૨૪/૧/૨૨ ના રોજ મોકલી આપેલ છે. મેં તપાસ કરી તે સમયે હું પેરોલ ફર્લો સ્કોડમાં ફરજ બજાવતો હતો. એ વાત ખરી છે કે મુદ્દામાલ અમીરગઢ પોલીસ સ્ટેશનમાં પડેલ હતો. એ વાત ખરી છે કે તા.૨૪/૧/૨૨ ના રોજ મુદ્દામાલ અમીરગઢ પો.સ્ટે. થી એફ.એસ.એલ. માં અમીરગઢ પોલીસ સ્ટાફના માણસો સાથે મોકલેલો. એ વાત ખરી છે કે આંક–૯૯ વાળું રવાનગી પત્રક તા.૨૦/૧/૨૨ ના રોજ તૈયાર કરવામાં આવેલ છે. એ વાત ખરી છે કે આંક–૯૯ વાળા રવાનગી પત્રકમાં સત્તા અંગેનું પ્રમાણ પત્ર ડો.કુશલ આર. ઓઝા સાહેબે તા.૨૧/૧/૨૨ ના રોજ આપેલ છે. એ વાત ખરી છે કે મુદ્દામાલ અમીરગઢ પો.સ્ટે.ના પી.એસ.ઓ. એ મોકલેલો. એ વાત ખરી છે કે મુદ્દામાલ રવાનગી પત્રકમાં દરેક પાના ઉપર સિકકા કરવામાં આવેલ નથી. સાહેદ જણાવે છે કે દરેક પાના ઉપર સહી છે પરંતુ સિકકો છેલ્લા પાના ઉપર કરવામાં આવેલ છે. એ વાત ખરી છે કે શીલ લગાવ્યા બાદ આ શીલ મે કોઈ સ્ટાફને આપેલ હોય તેવી કોઈ હકીકત રેકર્ડ ઉપર નથી. એ વાત ખરી છે કે આ કામે આરોપીના રીમાન્ડ માંગવામાં આવેલ અને તે રીમાન્ડ તા.૨૨/૧/૨૨ થી તા.૩/૨/૨૨ સુધીના આપવામાં આવેલા. એ વાત ખરી છે કે આ રીમાન્ડ સમય દરમ્યાન આરોપીના વતનમાં ગયેલા. એ વાત ખરી છે કે આ કામે આરોપીએ તેના વતનમાં વાવેતર કરેલ હોય કે તેના પાસેથી બીજ મળી આવેલ હોય તેવું બનેલ નથી. મે આરોપીના બેંક ખાતાની તપાસ કરેલી. એ વાત ખરી છે કે તેના બેંક ખાતામાં કોઈ મોટી રકમના વ્યવહારો મળી આવેલા નહીં. એ વાત ખરી છે કે આરોપી પાસેથી પાંચ મોબાઈલ પકડેલા. સાહેદ જણાવે છે કે તે પૈકી એક મોબાઈલ તેનો હતો બીજા ચાર મોબાઈલ કોના હતા હાલ ચોકકસ કહી શકું નહી. બાકીના ચાર મોબાઈલ કોના હતા તે બાબતે તપાસ કરેલી. એ વાત ખરી નથી કે માદક પદાર્થનો જથ્થો ગોવા મુકામે સુમિત સુદને આપવાનો હોય તે હકીકત હું ખોટી જણાવું છું. એ વાત

ખરી છે કે આ તપાસના કામે સુમિત સુદનું કોઈ નિવેદન લીધેલ નથી. સાહેદ જણાવે છે કે અમે સુમિત સુદના મકાનમાં જયાં તેઓ ભાડે રહેતા હતો તે મકાન ઉપર ગયેલ પરંતુ તે મકાન બંધ હોવાથી તેના મકાન માલિકનું નિવેદન લીધેલ અને તેના મકાન માલિક પાસેથી સુમિત સુદનું આધારકાર્ડ તથા તેનો ફોટો મેળવેલ તથા સ્થાનિક પોલીસને તેની તપાસમાં રહેવા માટે જાણ કરેલી. એ વાત ખરી નથી કે આરોપીને આ જથ્થો બીટ્ટુ નામના વ્યકિતને આપવાનો હોવાનું ખોટું જણાવું છું. એ વાત ખરી નથી કે મારી તપાસમાં એવું ખુલેલ નથી. કે આરોપી સાથે બીટ્ટુને સોદો થયેલો. એ વાત ખરી છે કે મારી તપાસમાં ગોવા તથા મુંબઈ મુકામેથી આરોપીને કોઈ નાણાકીય વ્યવહાર થયેલ હોય તેવું ખુલેલ નથી. એ વાત ખરી છે કે ચરસ એ ભાંગના છોડમાંથી બનાવવામાં આવે છે અને આ છોડ દોઢ ફુટનો છોડ હોય છે જેમાં પાંદડા તથા ફુલ આવે છે. એ વાત ખરી છે કે પાંદડા તથા ફુલને ભેગા કરી ચીકણો રસ બનાવવામાં આવે છે જેને ચરસ કહેવામાં આવે છે. એ વાત ખરી છે કે આ ચરસના રસમાંથી ગોળીઓ બનાવવામાં આવે છે. એ વાત ખરી છે કે ભાંગનું વાવેતર પાંચ થી સાત વિઘામાં કરવામાં આવે છે. એ વાત ખરી છે કે ગોળીઓ બનાવવા માટે ૧૫ થી ૧૭ મજુરોની જરૂરીયાત પડે છે. એ વાત ખરી છે કે ભાંગનું વાવેતર કરવા માટે બજારમાંથી બીજ લાવવા પડે છે. એ વાત ખરી છે કે ભાંગના વાવેતર માટે લાખો રૂપિયાનો ખર્ચ થાય છે. એ વાત ખરી છે કે મારી તપાસમાં આરોપી બીજ કયાંથી લાવેલ તે ખુલેલ નથી. એ વાત ખરી છે કે મારી તપાસમાં આરોપીએ કોઈ વાવેતર કરેલ હોય તેવું આવેલ નથી. સાહેદ જણાવે છે કે આરોપી વિરુધ્ધ કોઈ માદક પદાર્થનું વાવેતર કરવાનો આક્ષેપ નથી તેની વિરુધ્ધ તેની પાસેથી માદક પદાર્થ મળી આવ્યા અંગેનો આક્ષેપ છે. એ વાત ખરી છે કે આરોપીને જયાં પકડેલ છે તે જગ્યાના આજુબાજુના કોઈ ખેતરો વાળા ખેડુતોના કોઈ નિવેદન લેવામાં આવેલ નથી. એ વાત ખરી છે કે બનાવવાળી

જગ્યાનો કોઈ નકશો બનાવેલ નથી. એ વાત ખરી છે કે બનાવ સમયે કોઈ ગાડી કે તેની આસપાસની જગ્યાના કોઈ ફોટોગ્રાફ પણ લેવામાં આવેલ નથી. એ વાત ખરી છે કે રીઝર્વ મુદ્દામાલના કોઈ ફોટોગ્રાફી કે વિડીયોગ્રાફી કરવામાં આવેલ નથી. એ વાત ખરી નથી કે આરોપી પાસેથી કબજે કરેલ એ.ટી.એમ. કોની માલિકીના હતા તેની તપાસ કરેલ નથી. એ વાત ખરી નથી કે ગાડીની માલિકી બાબતે કોઈ તપાસ કરેલ નથી. એ વાત ખરી નથી કે ગાડીની માલિકી બાબતે તપાસ કરેલ હોય તેવો કોઈ પુરાવો રજૂ કરેલ નથી. એ વાત ખરી છે કે આરોપી પાસેથી કબજે લેવામાં આવેલ ડ્રાઈવિંગ લાયસન્સની નકલ હતી. એ વાત ખરી છે કે આ ડ્રાઈવિંગ સાચુ હતું કે કેમ તેની તપાસ સંબંધીત આર.ટી.ઓ. કચેરીમાં કરેલ નથી. એ વાત ખરી છે કે તપાસના કામે એસ.ઓ.જી. પોલીસના અધિકારીઓના નિવેદનો લીધેલા. એ વાત ખરી છે કે તેમાં ધનરાજભાઈ નવલસિંહ, હીતેન્દ્રકુમાર કેવળભાઈ તથા હસમુખભાઈ ફુલચંદભાઈ ના નિવેદનો લીધેલ. એ વાત ખરી છે કે આ ત્રણેય એસ.ઓ.જી. કચેરીમાં ફરજ બજાવતા હતા. એ વાત ખરી છે કે મે ગાડીના ડ્રાઈવરનું નિવેદન લીધેલ. એ વાત ખરી છે કે આ નિવેદનો કયા સ્થળે લીધેલ તેવું નિવેદનોમાં દર્શાવેલ નથી. એ વાત ખરી નથી કે ઉપરોકત જણાવેલ સાહેદોના નિવેદનો અમીરગઢ પોલીસ સ્ટેશનના કમ્પ્યુટરમાં તૈયાર કરી પાના નં.૧ થી ૮ કોપી પેસ્ટ કરેલ છે. એ વાત ખરી છે કે મે બનાવ વખતે હાજર જમાદારના નિવેદનો લીધેલા. એ વાત ખરી છે કે ચેકપોસ્ટ ઉપર હાજર હતા તેઓના નિવેદનો નોંધેલા. તેમાં મેઘરાજભાઈ સોમાભાઈ, મહેન્દુભાઈ કરણ સિંહ, વિરાભાઈ ધર્માભાઈ, બાબુભાઈ મહોબતભાઈ વિગેરે ના નિવેદનો નોંધેલા. એ વાત ખરી છે કે આ નિવેદનો કયાં નોંધેલા તે તેઓના નિવેદનોમાં નોંધેલ નથી. એ વાત ખરી નથી કે આ નિવેદનો ફરીયાદ મુજબ કોપી પેસ્ટ કરેલ છે. એ વાત ખરી છે કે અમીરગઢ ચેકપોસ્ટ હાજર કર્મચારીઓની હાજરી બાબતે કોઈ હાજરી પત્રક તપાસના કામે લીધેલ

નથી. એ વાત ખરી નથી કે સરકારી વાહન સરદારભાઈ જેઠાભાઈ કયાંથી કયાં લઈ ગયેલ તે લોગબુકમાં લખેલ નથી. એ વાત ખરી નથી કે સરકારી વાહન જેના ચાલક કમલેશભાઈ રણછોડભાઈ ચલાવતા હતા તે ગાડીની લોગબુક તપાસના કામે કબજે લીધેલ નથી. એ વાત ખરી છે કે પંચોના અલગથી તપાસના કામે અલગથી નિવેદનો નોંધવામાં આવેલ છે. એ વાત ખરી નથી કે પંચોને બોલાવ્યા વગર પંચનામા મુજબ પંચોના નિવેદનો કોપી પેસ્ટ કરેલ છે. એ વાત ખરી નથી કે હું આરોપીના ઘરે તપાસમાં ગયેલ ત્યારે તેના ઘરની આજુબાજુ સફરજનની વાડીઓ હતી. એ વાત ખરી છે કે કહેવાતો ચરસનો જથ્થો પકડેલો તેની બજાર કીમત એક કરોડ છેતાલીસ લાખ તેતાલીસ હજારની ગણેલ છે. એ વાત ખરી નથી કે આવો મોટો જથ્થો પકડાય અને તે કામગીરી માટે સરકાર તરફથી પ્રોત્હાસન આપવામાં આવે છે. એ વાત ખરી છે કે મારી તપાસમાં આરોપીના ખાતામાં કોઈ મોટી રકમ મળી આવેલ નથી. સાહેદ જણાવે છે કે આરોપી તમામ વ્યવહાર રોકડમાં કરતો હતો. એ વાત ખરી છે કે આરોપી રોકડમાં વ્યવહાર કરતો હોય તેવો કોઈ પુરાવો તપાસ દરમ્યાન મળી આવેલ નથી. એ વાત ખરી નથી કે તપાસના કામે કબજે લીધેલ ગાડીના નંબર બાબતે મે આર.ટી.ઓ. કચેરીમાં કોઈ તપાસ કરેલ નથી. એ વાત ખરી નથી કે મુદ્દામાલ જથ્થો આપનાર સુરજ બાગલે ના હિમાચલ પ્રદેશ રાજ્યના રહેણાંકના સરનામે કોઈ તપાસ કરેલ નથી. એ વાત ખરી નથી કે તેના મુંબઈના સરનામે પણ તપાસ કરેલ નથી. એ વાત ખરી નથી કે હું તે સુરજ બાગલ હિમાચલ પ્રદેશમાં કે મુંબઈમાં રહે છે તે બાબતે ચોકકસ જણાવી શકેલ નહી. એ વાતની મને ખબર નથી કે રવિન્દ્રસિંહ જશપાલસિંહ જાટ ગુડગાંવ હરીયાણાના રહેવાસી છે કે કેમ. સાહેદ જણાવે છે કે આગળની તપાસ એ.કે.દેસાઈ પાસે હોય તેની મને જાણ નથી. મેં હાલના આરોપી તથા સુરજ બાગલે તથા સુમિત સુદની તપાસ કરેલ છે તે સિવાયના અન્ય આરોપીઓની તપાસ મેં કરેલ

નથી. એ વાત ખરી છે કે અન્ય આરોપીઓ સાથે હાલના આરોપીને કોઈ નાણાંકીય વ્યવહાર થયેલ હોય તેવો કોઈ પુરાવો મારી તપાસમાં આવેલ નથી. એ વાત ખરી નથી કે બિનવારસી મુદ્દામાલ મળેલ હોઈ અને તેના માલિક બનાવવા માટે આરોપી સામે ખોટો કેસ કરેલ છે.

આ સાહેદના પુરાવાનું મુલ્યાંકન કરતાં તેઓ ત. ક. અ. છે. તેમને તપાસ દરમ્યાન જે કાર્યવાહી કરવી પડે તે કાર્યવાહી કરેલ છે અને જે ઉપર નોંધવામાં આવેલ છે.

૨૬. તદઉપરાંત ફરીયાદપક્ષે આંક. ૧૦૭ થી સાહેદ નં. ૮ અંકુરભાઇ કરમશીભાઇ દેસાઇને સોગંદ ઉપર તપાસેલ છે. તેઓએ સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ તા.૧૮/૨/૨૨ ના રોજ એસ.ઓ.જી. કચેરી પાલનપુર ખાતે પી.એસ.આઈ. તરીકે તેઓની ફરજ ઉપર હાજર હતા ત્યારે આ ગુનાની તપાસ તેઓને પી. એસ. આઈ. શ્રી કે. કે.પાટડીયા તરફથી મળેલ. તેઓએ આ કામે એફ. એસ. એલ. સર્ટી. આવેલ ન હોઈ એફ.એસ.એલ. સર્ટી. મેળવવા માટે તજવીજ કરેલ. આ ગુનાના આરોપીના મોબાઈલ નંબરના સી. ડી. આર. ફોર્મનું સર્ટી. મંગાવવા તજવીજ કરેલ. તથા નાસતા ફરતા આરોપીની તપાસમાં રહેલ. તપાસના કાગળોનો અભ્યાસ કરી હાલના આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો હોઈ તેઓની વિરૂધ્ધ નામ. કોર્ટમાં ચાર્જશીટ કરી મોકલી આપેલ. તેઓ આરોપીને ઓળખે છે. તેઓને મુદ્દામાલ બતાવવામાં આવે તો તેઓ ઓળખી શકે. આંક.૧૦૮ થી આરોપીને મેડીકલ તપાસણી કરવાની યાદી છે તેઓના એસ.ઓ.જી. શાખાના જે તે સમયના પી.એસ.આઈ.શ્રી પાટડીયાઓએ કરેલ છે અને તે તેમના સાથી કર્મચારી હોઈ તેઓએ તેમની સહી ઓળખી બતાવેલ છે. આંક. ૧૦૯ થી પી.આઈ.શ્રી અમીરગઢ શ્રી એમ. આર. બારોટનાઓએ આ ગુનાનો મુદ્દામાલનો નાશ કરવા મહે. ચોથા એડી. સેશન્સ જજ સાહેબશ્રીને રિપોર્ટ કરેલો જે રિપોર્ટમાં તેમની સહી છે જે

તેમના સાથી કર્મચારી હોઈ તેઓએ તેમની સહી ઓળખી બતાવેલ છે. આંક.૧૧૦ તથા ૧૧૧ થી આ ગુનાના કામ ડી.એફ. એસ. અહેવાલ તથા પત્ર તેઓએ તપાસના કાગળોમાં મળેલ તે જ છે. આંક. ૧૧૨ થી મુદ્ધામાલ નાશ કરવા બાબતે ડ્રગ ડીસ્પોઝલના સભ્ય શ્રી બી. કે. ચૌધરી પી.આઈ. એસ.ઓ.જી. પાલનપુર તથા ડ્રગ ડીસ્પોઝલ કમીટી ના સભ્યો અને ના.પો.અધિ. બ.કાં. શ્રી એમ.બી. વ્યાસ તથા ડ્રગ ડીસ્પોઝલ કમીટીના સભ્ય પોલીસ અધિ.બ.કાં. પાલનપુર નાઓની રૂબરૂ થયેલો તેનું રોજકામ રજૂ કરેલ છે જેમાં આ ત્રણેય અધિકારીઓની સહીઓ છે જે તેઓના ઉપરી અધિકારીઓ હોઈ તેમની સહીઓ તેઓએ ઓળખી બતાવેલ છે. તેમજ ડ્રગ ડીસ્પોઝલના સભ્ય શ્રી બી.કે.ચૌધરી પી. આઈ. એસ.ઓ.જી. પાલનપુર તથા ડ્રગ ડીસ્પોઝલ કમીટીના સભ્યો અને ના. પો. અધિ. બ.કાં. શ્રી એમ. બી. વ્યાસ તથા ડ્રગ ડીસ્પોઝલ કમીટીના સભ્ય પોલીસ અધિ.બ.કાં. પાલનપુરની હાજરીમાં રમેશભાઈ દલજીભાઈ ધુણીયા તથા યોગેશકુમાર શાંતીલાલ તરબદાની હાજરીમાં મુદ્ધામાલનું નાશ કરવાનું પંચનામું વિગતવારનું કરવામાં આવેલું અને તેમાં રૂબરૂ તરીકે તેઓના ત્રણેય ઉપરી અધિકારીઓની સહીઓ છે જે તેમના ઉપરી અધિકારીઓ હોઈ તેઓની સહીઓ તેઓએ ઓળખી બતાવેલ છે. આંક. ૧૧૪ થી બેલ ઈન્ફ્રા. લી. તરફથી બનાસકાંઠા પોલીસ અધિ.શ્રીને ગુનામાં સંડોવાયેલ મુદ્ધામાલ નાશ કરવા બાબતે જાણ કરેલ તે પત્ર છે. જેમાં કંપનીના અધિકૃત કર્મચારીની સહી છે. આંક. ૧૧૫ થી મુદ્ધામાલ નાશ કર્યા અંગેનું સર્ટી. છે જેમાં ડ્રગ ડીસ્પોઝલના સભ્ય શ્રી બી. કે. ચૌધરી પી.આઈ. એસ.ઓ.જી. પાલનપુર તથા ડ્રગ ડીસ્પોઝલ કમીટીના સભ્યો અને ના. પો. અધિ. બ.કાં. શ્રી એમ. બી. વ્યાસ તથા ડ્રગ ડીસ્પોઝલ કમીટીના સભ્ય પોલીસ અધિ.બ.કાં. પાલનપુરની સહીઓ છે જે તેમના ઉપરી અધિકારીઓ હોઈ તેઓની સહીઓ તેઓએ ઓળખી બતાવેલ છે. આંક. ૧૧૬ થી ડી.એફ.એસ.

તરફથી અમીરગઢ પો.સ.ઈ.શ્રી ને પરીક્ષણ બાબતે મોકલાવેલ પત્ર છે તેમજ આંક. ૧૧૭ થી પોલીસ અધિ. શ્રી બ. કાં. એ તેમના ઉપરી અધિકારીઓને મુદ્દામાલના નિકાલ કર્યા અંગેની જાણ કરવા અંગે લખેલ પત્ર છે અને તેમાં તેમની સહી છે જે તેઓએ ઓળખી બતાવેલ છે. આંક. ૧૧૮ થી ડ્રગ ડીસ્પોઝલના સભ્ય શ્રી બી. કે. ચૌધરી પી.આઈ. એસ.ઓ.જી. પાલનપુરનાઓએ ગુનાના મુદ્દામાલ નિકાલ કર્યા બાબતે વિડીયોગ્રાફીનું સર્ટી. તથા તે વિડીયોગ્રાફી મેળવી લેવા અમીરગઢ પોલીસ સ્ટેશનને પત્રથી જાણ કરેલ તે પત્ર છે તેમાં તેમની સહી છે જે તેઓએ ઓળખી બતાવેલ છે. ડી. એફ. એસ. ના અહેવાલ મુજબ પકડાયેલ મુદ્દામાલનું ભૌતિક પરીક્ષણ તથા રાસાયણીક તથા ઉપકરણીય પૃથ્થકરણ તથા બોટોનિકલ પૃથ્થકરણ કરતાં પકડાયેલ પદાર્થ એન.ડી.પી.એસ. એકટમાં વ્યાખ્યાયીત કરેલ ચરસ હોવાનું શોધાયેલ છે. તેઓને મુદ્દામાલ આર્ટી. નં. ૨, ૫, ૮, ૧૧, ૧૪, ૧૭, ૨૦, ૨૩, ૨૬, ૨૯, ૩૨, ૩૫, ૩૮, ૪૧ તથા ૪૪ વાળા એફ.એસ.એલ. સેમ્પલવાળા ડબ્બાઓ બતાવતાં તે તેઓને તપાસના કાગળો સાથે તપાસમાં મળેલ તે છે જે તમામ સેમ્પલો જોઈને તેઓએ ઓળખી બતાવેલ છે તેમજ મુદ્દામાલ આર્ટી. નં. ૩, ૬, ૯, ૧૨, ૧૫, ૧૮, ૨૧, ૨૪, ૨૭, ૩૦, ૩૩, ૩૬, ૩૯, ૪૨ તથા ૪૫ વાળા રીઝર્વ સેમ્પલવાળા ડબ્બાઓ બતાવતાં તે તેઓને તપાસના કાગળો સાથે તપાસમાં મળેલ તે છે જે તમામ સેમ્પલો જોઈને તેઓએ ઓળખી બતાવેલ છે. તેમજ મુદ્દામાલ આર્ટીકલ નં.૪૬ જે હુન્ડાઈ આઈ ૨૦ ગાડી એચ.પી.૩૪. ડી.૧૫૩૯ ની આર.સી. બુકની કલર ઝેરોક્ષ છે જે તેઓને બતાવતાં તે તેઓને તપાસના કાગળોમાં મુદ્દામાલ તરીકે મળેલ તે જ છે. તેમજ મુદ્દામાલ આર્ટીકલ નં.૪૮ વાળો એક સેમસંગ ગેલેક્ષી એમ–૩૧ મોબાઈલ, મુદ્દામાલ આર્ટીકલ નં. ૪૯ વાળો એક સેમસંગ કંપનીનો કી–પેડ મોબાઈલ, મુદ્દામાલ આર્ટીકલ નં.૫૦ વાળો એક વીવી કંપની નો એન્ડ્રોઈડ મોબાઈલ, મુદ્દામાલ આર્ટીકલ

નં.૫૧ વાળો એક સેમસંગ કંપનીનો કી–પેડ મોબાઈલ, મદામાલ આર્ટીકલ નં. ૫ર વાળો એક લાવા કંપનીનો કી–પેડ મોબાઈલ છે જે તેઓને બતાવતાં તે તેઓને તપાસમાં મુદ્દામાલ તરીકે મળેલ તે જ મુદ્દામાલ છે જે તેઓએ ઓળખી બતાવેલ છે. તેઓને મુદ્દામાલ આર્ટીકલ નં.૪૭ વાળું આધાર કાર્ડ બતાવવામાં આવે છે જે આરોપી કિરણ કુમાર અમરચંદ નેગીનું છે જે તેઓને તપાસમાં મુદ્દામાલ તરીકે મળેલ તે જ છે જે તેઓએ ઓળખી બતાવેલ છે. તેઓને આર્ટીકલ નં.૫૩ વાળું કિંમતી મુદ્દામાલનું કવર ખોલી તેમાંથી નીકળેલ ચલણી નોટો ૫૦૦ ના દરની ૬ નોટો, ૨૦૦ ના દર ની એક નોટ અને ૧૦૦ ના દર ની બે નોટો છે જે તેઓને તપાસના કામે મુદ્દમાલ તરીકે મળેલ તે જ છે. સાહેદ જણાવે છે કે તે સમયે રૂ.૨૦૦૦/– ના દર ની કુલ ૧૦ નોટો કબજે કરવામાં આવેલી જે નોટો કવરમાંથી મળી આવેલ નથી. તેઓને આંક–૭૦ બતાવતા તે જોઈને તેઓ કહે છે કે, નામ. બીજા એડી. સેશન્સ જજ સાહેબનો હુકમ તથા નામ. બીજા એડી. સેશન્સ જજ સાહેબના રૂ.૨૦૦૦/– ના દરની નોટો જમા કરાવવા અંગેનો હુકમ તથા સંલગ્ન કાગળો (કુલ ૩ પાના) વાળા કુલ ૩ કાગળો છે. કવરમાંથી એક સી.ડી. મળી આવેલ છે. કવરમાંથી નીકળેલ સી.ડી. કવરમાં પરત મુકવામાં આવેલ છે. કવરમાંથી રૂ.૨૦૦૦/– ના દરની ૧૦ નોટો કાઢી બેંક માં જમા કરાવેલ હોવાથી બાકીના રૂ.૩,૪૦૦/– કવરમાં પરત મુકવામાં આવેલ છે. આમ, આરોપી પાસેથી કુલ કબજે કરેલ રૂ. ૨૩,૪૦૦/– પૈકી રૂ. ૩,૪૦૦/– જુદાજુદા દરની નોટો જે તેઓને મુદ્દામાલ તરીકે મળેલ તે જ છે જે તેઓએ ઓળખી બતાવેલ છે. તેઓને મુદ્દામાલ આર્ટીકલ નં.૫૪ વાળું પાનકાર્ડ બતાવવામાં આવે છે જે આરોપી કિરણ કુમાર અમરચંદ નેગીનું છે જે તેઓને તપાસમાં મુદ્દામાલ તરીકે મળેલ તે જ છે જે તેઓએ ઓળખી બતાવેલ છે. તેઓને મુદ્દામાલ આર્ટીકલ નં. ૫૫, ૫૬,૫૭, ૫૮ વાળા એ.ટી.એમ./ડેબિટ કાર્ડ બતાવવામાં આવે

છે જે આરોપી કિરણકુમાર અમરચંદ નેગીના છે અને તે તેઓને તપાસના કામે મુદ્દામાલ તરીકે મળેલ તે જ છે. તેઓને મુદ્દામાલ આર્ટીકલ નં.૫૯ થી જમા લીધેલ હુન્ડાઈ કાર જે અમીરગઢ પોલીસ સ્ટેશનમાં પડેલ છે અને તે તેઓને તપાસ દરમ્યાન તેની જાણ હતી.

ત્યારબાદ, આરોપીપક્ષે આ સાહેદની ઉલટ તપાસ કરવામાં આવેલ છે, જે ધ્યાને લેતાં, આરોપીપક્ષની ઉલટ તપાસમાં તેઓએ જણાવેલ છે કે, એ વાત ખરી છે કે મેં કોઈ સાહેદોના નિવેદન લીધેલ નથી. એ વાત ખરી છે કે આ ગુનાના કામે મેં કોઈ પંચનામા કરેલ નથી. એ વાત ખરી છે કે આ ગુનાના કામે મેં કોઈ મુદ્દામાલ કબજે કરેલ નથી. એ વાત ખરી છે કે આ કામે મેં માત્ર ચાર્જશીટ કર્યા સિવાય અન્ય કોઈ તપાસ કરેલ નથી. એ વાત ખરી છે કે આંક–૬૪ વાળા દસ્તાવેજો બાબતે મને કોઈ જાત માહીતી નથી. એ વાત ખરી છે કે ચાર્જશીટ સમયે મને આવા કોઈ દસ્તાવેજો મળેલ નથી.

આ સાહેદના પુરાવાનું મુલ્યાંકન કરતાં તેઓ ત. ક. અ. છે. તેમને તપાસ દરમ્યાન જે કાર્યવાહી કરવી પડે તે કાર્યવાહી કરેલ છે અને જે ઉપર નોંધવામાં આવેલ છે.

૨૭. ફરીયાદપક્ષના મૌખિક અને દસ્તાવેજી પુરાવાનું વિશ્લેષણ કરતાં અગાઉ અત્રે એ રેકર્ડ ઉપરની હકીકત છે કે, ફરીયાદપક્ષના કેસ મુજબની અમીરગઢ ચેક પોસ્ટ ઉપર અમીરગઢ પોલીસ સ્ટેશનના પોલીસ કર્મચારીઓ વાહન ચેકીંગમાં હતા તે દરમ્યાન આબુરોડ તરફથી આવતી એક સફેદ કલરની આઇ–૨૦ ગાડી નંબર એચપી. ૩૪. ડી. ૧૫૩૯ ની તપાસ કરતાં ગાડીની પાછળની સીટના પાછળના ભાગે તથા પાછળની સીટના નીચેના ભાગે કાળા તથા બદામી કલરના એડહેસીપ ટેપ વીંટાળેલા શંકાસ્પદ પેકેટો મળી આવેલા જેથી તે બાબતે એ. એસ. આઇ. બાબુદાને અમીરગઢ પોલીસના પી. એસ. ઓ. ભરતભાઇને જાણ કરેલી. ભરતભાઇએ તે

જાણ અમીરગઢ પોલીસ સ્ટેશનના ઇ/ચા. પી.આઇ. તરીકે ફરજ બજાવતાં એમ. કે. ઝાલાને ટેલીફોનીક જાણ કરેલી તેઓએ પી. એસ. ઓ.ને આ બાબતે કાયદેસરની કાર્યવાહી કરવા સારૂ એસ.ઓ.જી. પી.આઇ.શ્રી ડી. આર. ગઢવીને ટેલીફોનીક જાણ કરવા સુચના કરેલી. તેઓશ્રી ધ્વારા સમગ્ર એન. ડી. પી. એસ. એકટ લગત આગળની કાર્યવાહી કરવામાં આવેલ છે. જેઓશ્રી ગેઝેટેડ ઓફીસર છે. તેઓશ્રી ધ્વારા કરવામાં આવેલ કાર્યવાહી અન્વયે એસ.ઓ.જી. પી.આઇ. શ્રી ડી.આર. ગઢવીને પી.આઇ. શ્રી એમ. કે. ઝાલા અમીરગઢ પો.સ્ટે. નાઓએ તેમના રૂબરૂ તા. ૨૦/૦૧/૨૦૨૨ ના રોજ ફરીયાદ આપતાં, તેઓશ્રીએ ગુનો જાહેર કરેલો. તેઓએ સ્થળ ઉપર કરેલ પંચનામું, કબજે લેવાયેલ માદક પદાર્થ ચરસનો જથ્થો અને ફરીયાદ સાથે ગુનો રજીસ્ટર કરવા રિપોર્ટ કરેલ છે, અને તે અન્વયે ગુનાની તપાસ આ કામના ત.ક.અધિકારીશ્રીઓ, એસ.ઓ.જી. પી.આઇ.શ્રી પાલનપુર નાઓએ સંભાળેલ અને તપાસ દરમિયાન આરોપી કિરનકુમાર સ/ઓ. અમરચંદ નેગી (રાજપૂત) રહે. રાંઘડી પો. હરીપુર, તા. જિલ્લો. કુલ્લુ હિમાચલપ્રદેશવાળાને પકડાયેલ ચરસનો જથ્થો કયાંથી લાવેલ અને કોને, કયાં આપવાનો હતો તે બાબતે પૂછતાં તેણે જણાવેલ છે કે, સદરહું ચરસનો જથ્થો તેણે પોતે પોતાના ઘર નજીક આવેલ જંગલમાં ગાંજાના છોડવાઓ છોડમાંથી એકત્રીત કરી જાતે બનાવેલ છે અને જથ્થો ગોવા મુકામે ત્રણ થી ચાર મહિના રોકાઇને ત્યાં છુટકથી ગ્રાહકોને વેચાણ કરવા સારૂ લઇ જતાં હતા તે સમય દરમ્યાન પકડાઇ જતાં તપાસના અંતે આરોપી વિધ્ધ ચાર્જશીટ કરેલ. આ સંજોગોમાં ફરીયાદપક્ષે સોગંદ ઉપર તપાસેલ ઉપરોકત ફરીયાદ પક્ષના સાહેદોની જુબાનીઓ ઉપરથી હાલના કેસમાં આરોપીએ તહોમતનામા મુજબનો આક્ષેપિત ગુનો આચરેલ છે કે કેમ? તે નકકી કરવા માટે ધી એન.ડી.પી.એસ. એક્ટની જોગવાઇઓનું પાલન થયેલ છે કે કેમ ? અને ફરીયાદપક્ષે આરોપી આક્ષેપિત ચરસના કોન્સીયશ

પઝેશનમાં હતા કે કેમ ? અને તે પુરવાર કરેલ છે કે કેમ, તે નકકી કરવાનું રહે છે.

૨૮. આરોપી તરફે ફરીયાદપક્ષના સાહેદોની જે ઉલટ તપાસ કરવામાં આવેલ છે તેમાં કબજે લેવાયેલ મુદ્દામાલ ચરસનું સીલીંગ અને સેમ્પલીંગ યોગ્ય રીતે થયેલ નહીં હોવા સંબંધે અને એ. એસ. આઇ. બાબુદાન મહોબતદાન અમીરગઢ બોર્ડર ચેક પોસ્ટ ઉપર વાહન ચેકીંગમાં હતા તે દરમ્યાન ચરસના પેકેટ બિનવારસી મળી આવેલ હોવા છતાં રાજસ્થાન તરફથી એક સફેદ કલરની આઇ–૨૦ ગાડી નં. એચ.પી. ૩૪. ડી. ૩૧૩૯ની આવેલી જેમાં તેઓ ચેક કરતાં તેમના કહેવા મુજબ આરોપીની આઇ–૨૦ ગાડી નંબર એચ.પી. ૩૪. ડી. ૧૫૩૯ ની પાછળની સીટના પાછળના ભાગે ચરસ હોવાનું જણાઇ આવતાં તેઓએ તેમના ઉપરી અધિકારીશ્રીને જાણ કરેલ છે ત્યારબાદ સમગ્ર રેઇડ દરમ્યાનની જે કામગીરી કરેલ છે તે નિયમ મુજબ થયેલ ન હોવાનું ઉલટતપાસ સવાલો કરી પોલીસને ચરસના પેકેટ બિનવારસી મળી આવેલ હોવા છતાં આરોપીને ખોટી રીતે રોકી, બિનવારસી મુદ્દામાલ આરોપી પાસેથી મળી આવેલ મુદ્દામાલ તરીકે કાર્યવાહી કરેલ છે અને ફરીયાદ તથા પંચનામાની કાર્યવાહી કરેલ હોવાનું ફરીયાદપક્ષના સાહેદોની ઉલટ તપાસ દરમ્યાન બચાવ મુકેલ છે અને તે મુજબ તેની સામે ખોટો કેસ કર્યાની હકીકત આરોપીએ સી. આર. પી. સી. કલમ ૩૧૩ મુજબના પોતાના વિશેષ નિવેદનમાં જણાવેલ છે.

૨૯. હાલના કામમાં પડેલ મૌખિક પુરાવો તેમજ દસ્તાવેજી પુરાવાનું પૃથ્થકરણ તથા વિશ્લેષણ કરતાં પહેલાં, હાલના કામમાં બચાવપક્ષે જે દલીલો રજૂ કરવામાં આવેલ છે તે લક્ષમાં લેવી જરૂરી છે, અને તેઓશ્રીની દલીલો તેમજ બચાવ મુજબ પડેલ પુરાવામાં તેમને કોઈ

સમર્થન મળે છે કે કેમ ? તે હકીકત લક્ષમાં લેવી જરૂરી છે. હાલના કામમાં બચાવપક્ષે (લીગલ એઇડ કાઉન્સેલર) વિ. સીનીયર વકીલ શ્રી પી. કે. પઢિયારે આંક. ૧૧૨ થી લેખિત દલીલો રજૂ કરેલ છે તેમજ મેરેથોન મૌખિક દલીલો પણ કરેલ છે, જે દલીલોના મુખ્ય મુદ્દાઓ જોતાં, મુખ્યત્વે ફરીયાદપક્ષનો કેસ ખોટો તેમજ કામગીરી દેખાડવા માટે ગોઠવીને કરવામાં આવેલ હોય તેવું જણાવેલ છે. વધુમાં, એન. ડી. પી.એસ. એકટની કલમ–૪૨ સાથે વાંચતાં કલમ–૪૯ હેઠળ ખાનગી વાહન આઇ–૨૦ માંથી ચરસના પેકેટ મળેલ તેવો ફરીયાદ પક્ષનો કેસ હોઈ જેથી કલમ–૫૦ હેઠળ વ્યકિતની પર્શનલ સર્ચનો કેસ નથી તેવી ભારપૂર્વક દલીલ બચાવપક્ષે કરેલ છે. ફરીયાદપક્ષનો પુરાવો જોતાં ગાડીની સીટના પાછળના ભાગનો સર્ચનો કેસ છે અને ગાડીની સીટના પાછળના ભાગમાં આવેલ કવરમાંથી મુદ્દામાલ માદક પદાર્થ બહાર કાઢેલ છે અને ગાડીએ CONVEYANCE (VEHICLE) માં આવે છે, અને જયારે ગાડી માંથી જ મુદ્દામાલ જપ્ત થયેલ હોય ત્યારે શા માટે ગેઝેટેડ ઓફીસરને બોલાવવાની જરૂર પડેલ અને શા માટે વધુ સમય પસાર કરવાની જરૂર પડેલ. આમ, ઉપરોકત હકીકત મુજબ આ કેસમાં ખુબજ તૃટીઓ છે અને કેસ ખોટી રીતે ઉભો કરેલ છે તે તરફ દોરી જાય છે. તપાસ એજન્સીએ જે કાર્યવાહી કરેલ છે તે જાણી જોઈ ડીલે કરી અને પોતે ગેઝેટેડ ઓફીસર ધ્વારા તપાસ કરાવેલ છે તેવું ચિત્ર ઉભુ કરેલ છે. પરંતુ હકીકતમાં પોલીસે પોતાનો ખોટો કેસ ગોઠવણી કરવા માટે કલાકો સુધી બિનજરૂરી કાર્યવાહી કરેલ છે. વધુમાં, વિ. (લીગલ એઇડ કાઉન્સેલર) સીનીયર એડવોકેટ શ્રી પઢિયારે એવી પણ દલીલ કરેલ છે કે, સીલીંગ તેમજ સેમ્પલીંગની કાર્યવાહી શંકાસ્પદ છે. પંચોની સહી વાળી કાપલીઓ પંચનામું કરતી વખતે અને એફ.એસ.એલ.માં પૃથ્થકરણ કરતી વખતે પુરાવામાં સામ્યતા જણાઈ આવતી નથી. વધુમાં સીલ અંગે પણ સામ્યતા જણાઈ આવતી નથી. મુદ્દામાલ જપ્ત કરવાથી લઈ અને મુદ્દામાલને

પોલીસ સ્ટેશનથી એફ.એસ.એલ. મોકલતી વખતે કરેલ તમામ કાર્યવાહીમાં તૃટીઓ રહેલ છે અને તેનો લાભ આરોપીને મળવાપાત્ર છે. વધુમાં, તપાસ અધિકારી ધ્વારા કલમ–પર(એ) ની જોગવાઈનું પાલન પણ થયેલ ન હોય ફરીયાદપક્ષનો કેસ શંકાથી પર સાબિત થતો નથી તેવી દલીલ કરેલ છે. વધુમાં વિ. (લીગલ એઈડ કાઉન્સેલર) સીનીયર એડવોકેટશ્રી પઢિયારે એવી ભારપૂર્વક દલીલ કરેલ છે કે, હાલના કામમાં પ્રોસીકયુશન પોતાની ફન્ડામેન્ટલ થીયરી જ સાબિત કરી શકેલ નથી. એટલે એન. ડી. પી. એસ. માં જોગવાઈ કરેલ કલમ ૩પ તેમજ પપ નો લાભ મળવાપાત્ર નથી. આરોપીપક્ષે તેઓની દલીલોના સમર્થનમાં નીચે મુજબની ઓથોરીટી ઉપર આધાર રાખેલ છે.

૧. ૨૦૦૭(૨) જી.એલ.એચ. ૨૧૬
પટેલ બાબુભાઈ ઈશ્વરલાલ અને બીજાઓ વિ. સ્ટેટ ઓફ ગુજરાત.

૨. સુપ્રિમ કોર્ટ ઓફ ઈન્ડીયા
કિશનચંદ વિ. સ્ટેટ ઓફ હરિયાણા (કિ.અ.નં.૧૩૭૫/૦૮)

૩. સુપ્રિમ કોર્ટ ઓફ ઈન્ડીયા
ગુરૂજંતસીંગ વિ. સ્ટેટ ઓફ પંજાબ (કિ.અ.નં.૧૮૬૮/૧૩)

૪. સુપ્રિમ કોર્ટ ઓફ ઈન્ડીયા
મખનસીંગ વિ. સ્ટેટ ઓફ હરિયાણા (કિ.અ.નં.૬૮૨/૧૫)

૫. સુપ્રિમ કોર્ટ ઓફ ઈન્ડીયા
દલપતસીંગ વિ. સ્ટેટ ઓફ પંજાબ (કિ.અ.નં.૧૦૯૬/૧૬)

૬. સુપ્રિમ કોર્ટ ઓફ ઈન્ડીયા
સ્ટેટ ઓફ ગુજરાત વિ. અબ્દુલગની ગુલામરસુલ ભટ્ટ
(કિ.અ.નં.૧૨૬૧/૨૦૦૬)

૭. ગુજરાત હાઈકોર્ટ
ધરમવીર પ્રસાદ ઉર્ફે ધર્મબીર પ્રસાદ વિ. સ્ટેટ ઓફ બિહાર
(કિ.અ.નં.૧૩૨૮/૨૦૧૨)

૮. ગુજરાત હાઈકોર્ટ
સ્ટેટ ઓફ ગુજરાત વિ. ઈબ્રાહીમ (કિ.અ.નં.૨૩૬૭/૨૦૦૬)

૯. ગુજરાત હાઈકોર્ટ
સ્ટેટ ઓફ ગુજરાત વિ. સોનીબેન મોગજીભાઈ મકનભાઈ
તંબોલીયાના (કિ.અ.નં.૧૩૭૫/૨૦૦૮)

૧૦. સુપ્રિમ કોર્ટ ઓફ ઇન્ડીયા
સુરેશ અને બીજાઓ વિ. સ્ટેટ ઓફ મધ્યપ્રદેશ
(કિ.અ.નં.૩૦૦/૨૦૦૯)

૧૧. ગુજરાત હાઈકોર્ટ
સ્ટેટ ઓફ ગુજરાત વિ. અબ્દુલ ગફાર કાદરમીયા ઉર્ફે
રાજપુતબાપુ સૈયદ અને બીજાઓ (કિ.અ.નં.૨૧૧૪/૦૬)

૧૨. સુપ્રિમ કોર્ટ ઓફ ઈન્ડીયા
મીનાપુન વિ. સ્ટેટ ઓફ યુ.પી.

૧૩. સુપ્રિમકોર્ટ ઓફ ઈન્ડીયા
ગોરખનાથપ્રસાદ વિ. સ્ટેટ ઓફ બિહાર
(કિ.અ.નં.૨૧૦૪/૧૭)

૧૪. સુપ્રિમ કોર્ટ ઓફ ઈન્ડીયા ૨૦૧૦ (૦) જીએલએચઈએલ
સેક્રેટરી અને યુરેટર. વિકટોરિયા મેમોરિયલ હોલ વિ.
હાવડા ગણ તાંત્રિક નાગરિક સમિતિ
(સી.અ.નં.૨૨૨૫/૨૦૧૦)

૧૫. ૧૯૯૨(૧) જીએલએચ ૫૦૯ અશોક શંકર વિ. સ્ટેટ ઓફ
ગુજરાત (કિ.અ.નં.૫૩૮/૧૯૮૯)

૧૬. ગુજરાત હાઈકોર્ટ
સ્ટેટ ઓફ ગુજરાત વિ. પ્રદિપ જયંતિલાલ પંડયા અને

બીજાઓ કિ.અ.નં.૧૦૮૫/૧૯૯૫)

૧૭. એઆઈઆર ૨૦૧૧ એસસી ૪૯૨૦
મુસ્કાન વિ. રાજસ્થાન

૧૮. ૨૦૦૧ ક્રિમી.લો.જ. ૧૩૫૬ સાયન્ટીશ ઓફીસરનો રિપોર્ટ
ઓફએચ.પી. વિ. ઈ.એસ.

૧૯. ક્રિમી.લો.જ. ૧૫૬૬
બોમ્બે કુબલે વિ. સ્ટેટ ઓફ માહરાષ્ટ્રા

૨૦. ગુજરાત હાઈકોર્ટ
સ્ટેટ ઓફ ગુજરાત વિ. પી.જે.પંડયા.

હવે ઉપરોકત આરોપીના વિ. (લીગલ એઈડ કાઉન્સેલર) વકીલશ્રીની દલીલો તેમજ રજૂ થયેલ ચુકાદાઓમાં પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંતો અત્રેની કોર્ટે માનસહ ધ્યાને લીધેલ છે. હાલના કામમાં ઉપરોકત દલીલો સાથે હવે કોર્ટ રૂબરૂ જે મૌખિક સોગંદ ઉપરનો પુરાવો તેમજ દસ્તાવેજી પુરાવો રજૂ થયેલ છે તેને ચકાસવો જરૂરી છે, અને તે પુરાવામાં આરોપીપક્ષને કોઈ મદદ મળે છે કે કેમ ? તેનું વિશ્લેષણ કરવું ખુબજ જરૂરી છે.

૩૦. એલ.એ.ડી.સી. તરફે વિ. વ. શ્રી પી. કે. પઢિયારનાઓએ જે જુદા જુદા ચૂકાદાઓ ઉપર આધાર રાખેલ છે તે અંગેની ચર્ચા અત્રે કરવી ઉલ્લેખનીય છે અને તે ચૂકાદાઓનો રેસીયો હાલના કેસમાં લાગુ પડે છે કે કેમ, તે અંગેની ચર્ચા કરવી યોગ્ય જણાય છે.

આ કામે એલ.એ.ડી.સી. તરફે વિ. વ. શ્રી પી. કે. પઢિયારે સુરેશ અને બીજાઓ વિ. સ્ટેટ ઓફ મધ્યપ્રદેશ (૨૦૧૩) એઆઈઆર (એસસી) ક્રિમીનલ ૪૩૪ ના ચૂકાદા ઉપર આધાર રાખેલ છે જે કેસની હકીકત ધ્યાનમાં લેતાં તે કેસમાં એન. ડી. પી. એસ. એકટની કલમ ૫૦ નું પાલન કરવામાં આવેલું ન હતું તે વિગતે નામદાર

સુપ્રિમકોર્ટે જે ટ્રાયલ દરમ્યાન પંચનામું રજૂ થયેલ તે પંચનામાનો પણ ઉલ્લેખ કરેલ છે અને તે પંચનામામાં આરોપીને માત્ર પર્સનલ સર્ચનો જ વિકલ્પ આપેલો તેને કોઇ ગેઝેટેડ ઓફીસર કે મેજીસ્ટ્રેટ સમક્ષ પોતાની સર્ચ કરાવવી છે તેવો વિકલ્પ આપેલ નહીં. તેથી કાયદાની આદેશાત્મક જોગવાઇનો ભંગ થયેલ હોવાથી નામદાર સુપ્રિમકોર્ટે આરોપીની અપીલ મંજૂર કરેલી. પરંતુ આ કામે મુદ્દામાલ માદક પદાર્થ આરોપીની પર્સનલ સર્ચ દરમ્યાન મળી આવેલ નથી પરંતુ માદક પદાર્થ મુદ્દામાલ ચરસ તેની ગાડીમાંથી મળી આવેલ છે જેથી હાલના કેસમાં એન. ડી. પી. એસ. એકટની કલમ ૫૦ નો કોઇ ભંગ થયેલ નથી. જેથી ઉપરોકત જજમેન્ટ હાલના કેસમાં લાગુ પડતું નથી.

ત્યારબાદ આ કામે એલ.એ.ડી.સી. તરફે વિ. વ. શ્રી પી. કે. પઢિયારે સુરેપલી શ્રીનિવાસ વિ. સ્ટેટ ઓફ આંધ્રપ્રદેશ હવે સ્ટેટ ઓફ તેલાંગણા (૨૦૨૫) આઇએનએસસી ૪૧૪ ના ચુકાદા ઉપર આધાર રાખેલ છે. નામદાર સુપ્રિમકોર્ટ સમક્ષના તે ચુકાદામાં મુદ્દામાલ ૧૫–દિવસ સુધી અલગ રૂમમાં રાખવામાં આવેલો તેનો કોઇ ખુલાસો કરેલ નહીં જે સેશન્સ જજે તેના ચૂકાદામાં નોંધેલું તેમ છતાં તેને તકસીરવાન ઠરાવેલો અને આરોપીને સજા કરેલ અને તે સજા નામદાર હાઇકોર્ટે પણ માન્ય રાખેલી ત્યારબાદ તે હુકમ વિરૂધ્ધ આરોપીઓએ નામદાર સુપ્રિમકોર્ટ સમક્ષ અપીલ કરેલી તેમાં નામદાર સુપ્રિમકોર્ટે તેટલા લાંબા સમય સુધી એટલે કે, ૧૫–દિવસ જેટલાં લાંબા સમય સુધી મુદ્દામાલ અલગ રૂમમાં રાખેલ તેનો ખુલાસો ન હોવાથી આરોપીઓની અપીલ મંજૂર કરેલી. જયારે હાલના કેસમાં માદક પદાર્થ મુદ્દામાલ એફ. એસ. એલ. માં મોકલવામાં વિલંબ કરવામાં આવેલ નથી. હાલના કેસમાં ત્વરીત કાર્યવાહી થયેલ છે. તારીખ ૨૦ મી રેઇડ પડેલ છે અને તારીખ ૨૧ મી એ મુદ્દામાલ પી. એસ. ઓ. સમક્ષ જમા કરાવવામાં આવેલો છે. ત્યારબાદ વચ્ચે તારીખ ૨૨ અને ૨૩ ની જાહેર રજાઓ આવતી

હોવાથી મુદામાલ એફ. એસ. એલ. માં મોકલેલ નહીં અને ખુલતા દિવસે એટલે કે, તારીખ ૨૪ ના રોજ તુર્તજ મુદ્ધામાલ માદક પદાર્થ પરીક્ષણ અર્થે એફ. એસ. એલ. માં મોકલવામાં આવેલ છે અને રજૂ થયેલ દસ્તાવેજો જોતાં એફ. એસ. એલ. માં જે સીલ મારેલ હતું તે જ સીલ સાથેનો સીલબંધ હાલતમાં મુદામાલ એફ. એસ. એલ. માં મળેલ છે. આ કામે ત. ક. અ. શ્રીએ પણ તેની ઉલટતપાસ દરમ્યાન ખુલાસા માં તારીખ ૨૨ અને ૨૩ જાહેર રજા હોવાથી એફ. એસ. એલ. કચેરી બંધ હોવાથી તુર્તજ તારીખ ૨૪ મી એ મુદ્ધામાલ પરીક્ષણ અર્થે મોકલી આપેલો તેવું સ્પષ્ટપણે જણાવેલ છે જેથી ઉપરોકત જજમેન્ટ પણ આરોપીને મદદરૂપ થતું નથી.

ત્યારબાદ આ કામે એલ.એ. ડી. સી. તરફે વિ. વ. શ્રી પી. કે. પઢિયારે શ્રી શંકર ડોંગરીસાહેબ ભોંસલે વિ. સ્ટેટ ઓફ કર્ણાટક ક્રિમી. અ. નં. ૧૨૨૧/૨૦૧૭ ચૂકાદા તા. ૦૯/૦૧/૨૦૨૫ ના ચૂકાદા ઉપર આધાર રાખેલ છે તે ચૂકાદામાં આરોપી ટેક્ષી ડ્રાઇવર હતો. મુદામાલ ટેક્ષીમાંથી મળી આવેલો તે ટેક્ષીને ઉભી રખાવતાં તેમાંથી પેસેન્જર ભાગી ગયેલો અને ત્યારબાદ પેસેન્જર મળી આવેલ નહીં. મુદ્ધામાલ ગાડીમાં દેખાય તે રીતનો હતો. ટેક્ષી ડ્રાઇવર ભાગેલો નહીં તે માત્ર પેસેન્જરનું નામ જાણતો ન હતો અને તેણે પેસેન્જરનું નામ જણાવેલ ન હોવાથી તેને સજા થયેલી અને તે ચૂકાદો નામદાર સુપ્રિમકોર્ટ સમક્ષ પહોંચેલો જેથી નામદાર સુપ્રિમકોર્ટે સજા રદ કરેલી કારણ કે ટેક્ષી ડ્રાઇવર પેસેન્જરનું નામ ન પણ જાણતો હોય અને ટેક્ષી ડ્રાઇવર તથા પેસેન્જર વચ્ચે કોઇ ડાયરેકટ લીંક મળી આવેલ નહીં. જયારે હાલના કેસમાં તેવા કોઇ સંજોગો નથી. હાલના કેસમાં કારમાં માત્ર આરોપી એકલો જ હતો અને પોલીસે વાહન ચેકીંગ દરમ્યાન તેને ઉભો રખાવેલો અને તેની કારમાંથી પાછળની સીટ માંથી મુદ્ધામાલ માદક પદાર્થ ચરસ મળી આવેલ છે. આમ તે કેસના સંજોગો અને

હાલના કેસના સંજોગો અલગ હોવાથી ઉપરોકત ચુકાદો આરોપીને મદદરૂપ થતો નથી.

ત્યારબાદ આ કામે એલ.એ. ડી. સી. તરફે વિ. વ. શ્રી પી. કે. પઢિયારે સ્ટેટ ઓફ ગુજરાત વિ. પ્રદિપ જયંતિલાલ પંડયા અને બીજાઓ ૨૦૨૫ જીયુજેએચસી ૨૧૪૬૪–ડીબી ના ચૂકાદા ઉપર આધાર રાખેલ છે. તે કેસ બાતમીનો કેસ હતો. તે કેસમાં બાતમી લખી લેવામાં આવેલ નહીં અને તે કેસમાં પંચો, તોલાટ વિગેરે સાહેદો ફરીયાદપક્ષના કેસને મદદરૂપ થયેલા નહીં અને હોસ્ટાઇલ થયેલ હતા. તે સંજોગો હાલના કેસમાં નથી. હાલના કેસમાં પંચોએ પણ પૂરતો પુરાવો રજૂ કરેલ છે. તોલાટ તથા સાયન્ટીફીક ઓફીસર કે જેઓને સ્થળ ઉપર કાર્યવાહી કરવા માટે બોલાવવામાં આવેલ છે અને તેમણે પણ ફરીયાદપક્ષના કેસને સમર્થન આપેલ છે જેથી ઉપરોકત ચુકાદો પણ આરોપીને મદદરૂપ થતો નથી.

ત્યારબાદ આ કામે એલ.એ.ડી.સી. તરફે વિ. વ. શ્રી પી. કે. પઢિયારે મીનાપુન વિ. સ્ટેટ ઓફ ઉત્તરપ્રદેશ (૨૦૨૩)(૩) એપેક્ષ કોર્ટ જજમેન્ટ સુપ્રિમકોર્ટ ૫૬૦ ના ચૂકાદા ઉપર આધાર રાખેલ છે. નામદાર સુપ્રિમકોર્ટ સમક્ષ તે કેસ બોડી સર્ચનો કેસ હતો. સર્ચ કરતાં પહેલાં જે ઠરાવ કરવામાં આવેલો તે ઠરાવમાં મેજીસ્ટ્રેટ રૂબરૂ કે ગેઝેટેડ ઓફીસર રૂબરૂ સર્ચ કરવા માંગે છે તેવો કોઇ વિકલ્પ રાખેલ ન હતો જેથી નામદાર સુપ્રિમકોર્ટે આરોપીને કાયદા મુજબ તેના અધિકારની સમજ આપેલ ન હોવાથી તે કેસમાં તેને નિર્દોષ ઠરાવેલો પરંતુ તેવા કોઇ સંજોગો હાલના કેસમાં લાગુ પડતા નથી કારણ કે હાલના કેસમાં માદક પદાર્થ મુદ્દામાલ આરોપીના શરીર ઉપરથી નહીં પરંતુ તેની કારમાંથી મળી આવેલ છે જેથી ઉપરોકત ચુકાદો પણ આરોપીને મદદરૂપ થતો નથી.

ત્યારબાદ આ કામે એલ.એ.ડી.સી. તરફે વિ. વ. શ્રી પી. કે. પઢિયારે સ્ટેટ ઓફ ગુજરાત વિ. અબ્દુલ ગફાર કાદરમીયાં અને રાજપૂતબાપુ સૈયદ અને અન્ય ક્રિ.અ. નં. ૨૧૧૪/૨૦૦૬ ચૂકાદા તા. ૨૮/૦૨/૨૦૨૨ ના ચૂકાદા ઉપર આધાર રાખેલ છે. નામદાર ગુજરાત હાઇકોર્ટ સમક્ષનો ઉપરોકત કેસ બાતમીનો હતો. સેશન્સ કોર્ટે તેમાં આરોપીને નિર્દોષ ઠરાવેલો અને શ્રી સરકારે તે આરોપીને નિર્દોષ ઠરાવેલ ચૂકાદા સામે એકવીટલ અપીલ કરેલ હતી તેમાં અગાઉ બધી આદેશાત્મક જોગવાઇનો ભંગ થયેલ હોવાથી તે ટ્રાયલ કોર્ટે આદેશાત્મક જોગવાઇઓનો ભંગ નોંધી આરોપીને નિર્દોષ ઠરાવેલ અને તે સામેની અપીલ નામદાર ગુજરાત હાઇકોર્ટે નામંજૂર કરેલી. જયારે હાલનો કેસ એ કોઇ બાતમીનો કેસ નથી અને કઇ કઇ આદેશાત્મક જોગવાઇઓનો ભંગ થાય છે તેવું આરોપીના વિ. વ. શ્રી આ કામે દર્શાવી શકેલ નથી અને હાલના કેસમાં સમગ્ર પુરાવો ફરીયાદપક્ષે જે નોંધાવેલો છે અને આરોપી તરફે ઉલટતપાસ કરેલ છે તે ઉપર જણાવ્યા પ્રમાણે સંપૂર્ણ નોંધવામાં આવેલ છે તેમાં કોઇ આદેશાત્મક જોગવાઇઓનો ભંગ થતો ન હોવાથી હાલના કેસમાં ઉપરોકત ચૂકાદો આરોપીને મદદરૂપ થતો નથી.

ત્યારબાદ આ કામે એલ.એ.ડી.સી. તરફે વિ. વ. શ્રી પી. કે. પઢિયારે સ્ટેટ ઓફ ગુજરાત વિ. સોનીબેન વા/ઓ. મોગજીભાઇ મકનભાઇ તંબોલીયા ક્રિ.અ. નં. ૫૩૯/૦૮ ચૂકાદા તા.૧૩/૬/૧૯ ના ચૂકાદા ઉપર આધાર રાખેલ છે. ઉપરોકત કેસમાં ફરીયાદી એક પોલીસ કોન્સ્ટેબલ સાથે સંતરામપુર એસ. ટી. સ્ટેન્ડ પાસે પેટ્રોલીંગમાં હતા ત્યારે તેમને માહિતી મળેલી કે એસ. ટી. સ્ટેન્ડમાં બેઠેલી એક સ્ત્રી પાસે અફીણ છે તેથી તેઓ ત્યાં ગયેલા અને પૂછપરછ કરેલી અને તેની પાસેના બાસ્કેટમાં ૧. ૪૦૦ કિ.ગ્રા. અફીણ રાખેલાનું જણાયેલું. ટ્રાયલ કોર્ટ સમક્ષના પુરાવામાં તે માહિતી તેમણે

લખી લીધેલાનું કે ઉપરી અધિકારીને પહોંચાડેલાનું રેકર્ડ ઉપર આવેલ નહીં. પોલીસ કોન્સ્ટેબલને એન.ડી.પી.એસ. લગત કાર્યવાહી કરવાની સત્તા ન હતી. પંચો હોસ્ટાઇલ હતા. ઉપરોકત સંજોગોમાં ટ્રાયલ કોર્ટે આરોપીને નિર્દોષ ઠરાવેલ અને તેની અપીલ નામદાર હાઇકોર્ટે એન. ડી. પી. એસ. એકટની કલમો નોંધીને નામંજૂર કરેલી. આમ ઉપર મુજબના સંજોગો હાલના કેસમાં નથી. આ કામે ઉપર જણાવ્યા પ્રમાણે કઇ આદેશાત્ક જોગવાઇઓનો ભંગ થયેલ છે તેવી કોઇ હકીકત રેકર્ડ ઉપર આવતી નથી જેથી આ ચૂકાદો પણ આરોપીને મદદરૂપ થતો નથી.

ત્યારબાદ આ કામે એલ.એ.ડી.સી. તરફે વિ. વ. શ્રી પી. કે. પઢિયારે સ્ટેટ ઓફ ગુજરાત વિ. ઇબ્રાહીમ ઉર્ફે ધાફો ઇસ્માઇલ તારકવાડીયા ક્રિ.અ.નં. ૨૩૬૭/૨૦૨૬ ચૂકાદા તા. ૨૯/૧૧/૧૮ ના ચૂકાદા ઉપર આધાર રાખેલ છે. નામદાર ગુજરાત હાઇકોર્ટ સમક્ષનો ઉપરોકત કેસ ખાનગી બાતમીનો હતો તેમાં પંચો હોસ્ટાઇલ થયેલ હતા અને તે કેસમાં આદેશાત્મક જોગવાઇનું પાલન કરવામાં આવેલ ન હતું તેમજ રેઇડ રાત્રીના સમય દરમ્યાન કરવામાં આવેલી જે આદેશાત્મક જોગવાઇઓનો ભંગ કરીને કરવામાં આવેલી તેથી નામદાર ટ્રાયલ કોર્ટે આરોપીને નિર્દોષ ઠરાવેલો જેની સામે શ્રી સરકારે એકવીટલ અપીલ કરેલી જે નામદાર ટ્રાયલ કોર્ટે આરોપીને નિર્દોષ ઠરાવેલ હુકમ આદેશાત્મક જોગવાઇઓનો ભંગ થયેલ હોવાથી તે ચુકાદો યોગ્ય હોવાથી શ્રી સરકારની અપીલ નામદાર ગુજરાત હાઇકોર્ટે નામંજૂર કરેલી. આમ તે કેસના સંજોગો હાલના કેસમાં લાગુ પડતા ન હોવાથી ઉપરોકત ચૂકાદો પણ આરોપીને મદદરૂપ થતો નથી.

ત્યારબાદ આ કામે એલ.એ.ડી.સી. તરફે વિ. વ. શ્રી પી. કે. પઢિયારે ધરમવીર પ્રસાદ ઉર્ફે ધર્મબીર પ્રસાદ વિ. સ્ટેટ ઓફ બિહાર

અને બીજાઓ (૨૦૧૮) ક્રિ.લો. રીપોર્ટ(એસસી)૧૨૧૦ ના ચૂકાદા ઉપર આધાર રાખેલ છે. નામદાર સુપ્રિમકોર્ટ સમક્ષનો ઉપરોકત ચૂકાદો ધ્યાનમાં લેતાં તે ખાનગી બાતમીનો કેસ હતો. બાતમી નોંધેલ નહીં. નામદાર સુપ્રિમકોર્ટે તે ચૂકાદામાં એવું પણ નોંધેલ છે કે, એક વખત તે પોલીસ અધિકારીને ભારત–નેપાળ બોર્ડર પર પહોંચવું જરૂરી હોવાનું માનવામાં આવે તો પણ તેઓનો પુરાવો ધ્યાનમાં લેતાં રેઈડ માટે સ્વતંત્ર પંચોને સાથે લઈ ગયેલાની હકીકત રેકર્ડ ઉપર આવેલી તેમ છતાં સમગ્ર ટ્રાયલ દરમ્યાન કોઈ સ્વતંત્ર પંચો/ સાહેદોનો પુરાવો ફરીયાદપક્ષે નોંધાવેલ નહીં તેમજ બાતમી પણ નોંધેલ નહીં. આમ આ બધી ખામીઓ નોંધી નામદાર સુપ્રિમકોર્ટે આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરેલો તે હકીકત હાલના કેસના સંજોગોને લાગુ પડતી નથી. હાલનો કેસ એ કોઈ બાતમીનો કેસ નથી. હાલના કેસમાં ફરિયાદપક્ષે સ્વતંત્ર સાહેદ/પંચનો પુરાવો નોંધાવેલ છે અને તેમણે ફરીયાદપક્ષના કેસને મદદ કરેલ છે. ત્યારબાદ પણ કાર્યવાહી દરમ્યાન તોલાટ તથા સાયન્ટીફીક ઓફીસર એ બંને સ્વતંત્ર સાહેદો હાજર હતા તેમનો પુરાવો પણ નોંધવામાં આવેલ છે તેથી નામદાર સુપ્રિમકોર્ટ સમક્ષના કેસની હકીકતો અને હાલના કેસની હકીકતો અલગ હોવાથી નામદાર સુપ્રિમકોર્ટ સમક્ષનો ઉપરોકત ચૂકાદો પણ આરોપીને મદદરૂપ થતો નથી.

ત્યારબાદ આ કામે એલ.એ.ડી.સી. તરફે વિ. વ. શ્રી પી. કે. પઢિયારે સ્ટેટ ઓફ ગુજરાત વિ. અબ્દુલગની ગુલામરસુલ ભટ્ટ (૨૦૧૮) ૩ જીએલઆર ૨૦૧૫ ના ચૂકાદા ઉપર આધાર રાખેલ છે. નામદાર ગુજરાત હાઈકોર્ટ સમક્ષનો ઉપરોકત કેસ પણ ખાનગી બાતમીનો કેસ હતો. બાતમી પ્રમાણે ફ્લેટમાં માદક પદાર્થ રાખવા બાબતની બાતમી હતી. બંધ ફ્લેટમાં રેઈડ કરવાની હતી તેમ છતાં પણ મેજીસ્ટ્રેટની પરવાનગી લીધેલ નહીં. તે બાતમીની માહિતી

સીલબંધ કવરમાં ઉપરી અધિકારીને મોકલાવેલ નહીં. આમ રેઈડ દરમ્યાનની કાર્યવાહીમાં આદેશાત્મક જોગવાઇઓનો ભંગ કરેલ હતો જેથી નામદાર ટ્રાયલ કોર્ટે આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકેલ. તેની વિરૂધ્ધ એકવીટલ અપીલ શ્રી સરકારે કરેલી જે નામદાર ટ્રાયલ કોર્ટનો હુકમ નામદાર ગુજરાત હાઈકોર્ટે ઘણા બધા કેસના ચૂકાદાઓ ટાંકીને શ્રી સરકારની અપીલ નામંજૂર કરેલી. આમ આ હકીકત હાલના કેસ પ્રમાણેની નથી. હાલનો કેસ કોઈ બાતમી આધારેનો નથી અને કોઈ રેઈડ કરવામાં આવેલ નથી કે આ કામે પોલીસ વાહન ચેકીંગમાં હતી તે દરમ્યાન જાહેર રોડ ઉપર સવારના ૧૦–૩૦ કલાકે ચેકીંગ દરમ્યાન માદક પદાર્થ મળી આવેલ છે અને અગાળની કાર્યવાહી એન. ડી. પી. એસ. એકટની કલમ ૪૧ માં જણાવ્યા પ્રમાણેના અધિકારીએ કરેલ છે. આમ આ કામે કોઈ આદેશાત્મક જોગવાઇઓનો ભંગ થયેલ નથી તેથી આ ચૂકાદો પણ આરોપીને મદદરૂપ થતો નથી.

ત્યારબાદ આ કામે એલ.એ.ડી.સી. તરફે વિ. વ. શ્રી પી. કે. પઢિયારે ગોરખનાથ પ્રસાદ વિ. સ્ટેટ ઓફ બિહાર (૨૦૧૮) એ.આઈ. આર. (એસસીડબલ્યુ) ૭૦૪ ના ચૂકાદા ઉપર આધાર રાખેલ છે. તે ચૂકાદામાં નામદાર સુપ્રિમકોર્ટે નોંધેલ છે કે, સર્ચ અને સીઝર દરમ્યાન સ્વતંત્ર પંચો હોસ્ટાઈલ થયેલા અને તેમણે તેમની જુબાનીમાં તેમની સહીઓ માત્ર કોરા કાગળમાં લેવામાં આવેલાનો પુરાવો રજૂ કરેલો. પકડાયેલ મુદ્દામાલ ગાંજો પણ ટ્રાયલ કોર્ટ સમક્ષ રજૂ રાખવામાં આવેલ ન હતો અને તે કેમ રજૂ રાખવામાં આવેલ નથી તેની કોઈ સ્પષ્ટતા પણ સમગ્ર ટ્રાયલ દરમ્યાન કરવામાં આવેલ નહીં તે બધી ખામીના કારણે નામદાર સુપ્રિમકોર્ટે આરોપીને નિર્દોષ ઠરાવેલ છે. હાલના કેસમાં પંચ ફરીયાદપક્ષના કેસને મદદરૂપ થાય તે રીતનો પુરાવો આપેલ છે તે હોસ્ટાઈલ થયેલ નથી. તેમની રૂબરૂ કાર્યવાહી થયેલી તે બાબતનો તેમણે પુરાવો રજૂ કરેલ છે. આ કામે મુદ્દામાલની

ઈન્વેન્ટ્રી પણ થયેલ છે અને કઈ આદેશાત્મક જોગવાઈઓનો ભંગ થયેલ છે તે ઉપર જણાવ્યા પ્રમાણે આરોપીના વિ. વ. શ્રી બતાવી શકેલ નથી તે સંજોગોમાં પણ ઉપરોકત ચૂકાદો આરોપીને મદદરૂપ થતો નથી.

ત્યારબાદ આ કામે એલ.એ.ડી.સી. તરફે વિ. વ. શ્રી પી. કે. પઢિયારે માખણસીંગ વિ. સ્ટેટ ઓફ હરીયાણા (૨૦૧૫) ક્રિ.લો. જ. ૩૨૮૨ નામદાર સુપ્રિમકોર્ટ સમક્ષના ચૂકાદા ઉપર આધાર રાખેલ છે. ઉપરોકત કેસમાં ફરીયાદપક્ષે ટ્રાયલ દરમ્યાન સ્વતંત્ર સાહેદોને તપાસેલ હોવા છતાં સ્વતંત્ર સાહેદોએ ફરીયાદપક્ષના કેસને સમર્થન કરેલ નથી. અલબત્ત નામદાર સુપ્રિમકોર્ટે પકડાયેલ મુદ્દામાલ બેગમાંથી મળી આવેલ હોવાથી એન. ડી. પી. એસ. એકટની કલમ ૫૦ ની જોગવાઈનું પાલન કરવું જરૂરી નથી તેવું સ્ટેટ ઓફ હિમાચલપ્રદેશ વિ. પવનકુમાર એ.આઈ. આર. ૨૦૦૫ સુપ્રિમકોર્ટ ૨૨૬૫ ના ચૂકાદાના આધારે માનેલ પરંતુ સ્વતંત્ર સાહેદોથી કેસને સમર્થન મળેલ ન હોવાથી આરોપીને નિર્દોષ ઠરાવેલ. હાલના કેસમાં સ્વતંત્ર સાહેદો/પંચો, તોલાટ તથા સાયન્ટીફીક ઓફીસરનો પુરાવો રેકર્ડ ઉપર છે અને તેમણે ફરીયાદપક્ષના કેસને સમર્થન કરેલ છે તે સંજોગોમાં ઉપરોકત ચૂકાદો પણ આરોપીને મદદરૂપ થતો નથી.

ત્યારબાદ આ કામે એલ.એ.ડી.સી. તરફે વિ. વ. શ્રી પી. કે. પઢિયારે ગુર્જન્ટસિંઘ ઉર્ફે જનતા વિ. સ્ટેટ ઓફ પંજાબ (૨૦૧૩) એ. આઈ. આર. (એસસીડબલ્યુ) ૬૦૭૪ ના ચૂકાદા ઉપર આધાર રાખેલ છે. ઉપરોકત નામદાર સુપ્રિમકોર્ટ સમક્ષના કેસમાં ટ્રાયલ કોર્ટે એન. ડી. પી. એસ. એકટની કલમ ૪૨ અને ૫૦ ની જોગવાઈઓનું પાલન કરવું જરૂરી નથી તેમ માનેલું. નામદાર હાઈકોર્ટે પણ નામદાર ટ્રાયલ કોર્ટનો ચૂકાદો માન્ય રાખેલો તે સજાના હુકમ સામે આરોપીએ નામદાર

સુપ્રિમકોર્ટમાં અપીલ કરેલી અને નામદાર સુપ્રિમકોર્ટે તે ચૂકાદામાં એવું ઠરાવેલ કે, એન. ડી. પી. એસ. એકટની કલમ ૫૦ નો વિકલ્પ આપેલ હોય અને તેણે ગેઝેટેડ ઓફીસર સમક્ષ સર્ચ કરવાનો વિકલ્પ પસંદ કર્યો હોય અને તે આધારે મેજીસ્ટ્રેટ ઓફીસરને જયારે બોલાવેલ હોય ત્યારે તે અધિકારી ગેઝેટેડ ઓફીસર હોવા જ જોઇએ. તે કેસમાં તે અધિકારી ડી. એસ. પી. ની પોષ્ટ પર હતા પરંતુ તેઓ ચાર્જમાં હતા. તેઓને ડી. એસ. પી. તરીકેનું રેગ્યુલર પોસ્ટીંગ મળેલ ન હતું અને પગાર પણ ઇન્સ્પેકટરનો મેળવતા હતા. આમ તે ગેઝેટેડ ઓફીસર ન હતા કે જેમની સમક્ષ સર્ચનો વિકલ્પ આરોપીએ સ્વીકારેલો અને તેમને બોલાવવામાં આવેલા. આમ તેઓ ગેઝેટેડ ઓફીસર ન હોવાથી અને આરોપી તરફે બચાવના સાહેદો તપાસેલ હોવા છતાં તેમણે (ટ્રાયલ કોર્ટે અને નામદાર હાઇકોર્ટે) તે બાબતની કોઇ જ નોંધ લીધેલ ન હોવાથી નામદાર ટ્રાયલ કોર્ટનો અને નામદાર હાઇકોર્ટનો આરોપીને સજાનો ચુકાદો રદ કરી નામદાર સુપ્રીમ કોર્ટે આરોપીને નિર્દોષ છોડેલ હતો. આ કામે જે ઓફીસરે કાર્યવાહી કરેલ છે તે ગેઝેટેડ ઓફીસર છે તે ગેઝેટેડ ઓફીસર ન હતા તેવો કોઇ પુરાવો રેકર્ડ ઉપર નથી અને તેવી કોઇ દલીલ કે ઉલટતપાસમાં આરોપી તરફે પ્રશ્ન પણ પૂછવામાં આવેલ નથી કે આ કામે બચાવપક્ષે કોઇ સાહેદોને પણ તપાસેલા નથી તે સંજોગોમાં ઉપરોકત ચૂકાદો પણ આરોપને મદદરૂપ થતો નથી.

ત્યારબાદ આ કામે એલ.એ.ડી.સી. તરફે વિ. વ. શ્રી પી. કે. પઢિયારે કિશનચંદ વિ. સ્ટેટ ઓફ હરિયાણા (૨૦૧૩) એઆઇઆર (એસસી)૩૫૭ ના ચૂકાદા ઉપર આધાર રાખેલ છે. નામદાર સુપ્રિમકોર્ટ સમક્ષ તે કેસમાં ખાનગી બાતમીના આધારે આરોપીના સ્કુટરની સર્ચ કરવામાં આવેલી. આરોપીએ ગેઝેટેડ ઓફીસર સમક્ષ સર્ચ કરવાનો વિકલ્પ સ્વીકારેલ જેથી તહેસીલદાર કમ એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ, ગુહલાને સ્થળ પર બોલાવવામાં આવેલા અને તેમની

હાજરીમાં સર્ચ કરવામાં આવેલી. નામદાર ટ્રાયલ કોર્ટે આરોપીને સજા કરેલ. હાઈકોર્ટે પણ તે હુકમ કાયમ રાખેલો. નામદાર સુપ્રિમકોર્ટે તે બાતમી લખી લીધેલ ન હોવાથી, તે બાતમીની જાણ ઉપરી અધિકારીને ન કરેલ હોવાથી તે ઉપરાંત બચાવપક્ષે પોતાના સાહેદ તરીકે મેજીસ્ટ્રેટની જીપના ડ્રાઈવરને તે દિવસની લોગબુકના ઉતારા સાથે તપાસેલ અને તેમાં તેણે તે દિવસે મેજીસ્ટ્રેટની સાથે તે ડ્રાઈવર તરીકે હતો અને તે દિવસે ૧૧૭ કિ.મી. જયાં જયાં ફરેલા તે બાબતે લોગબુક ના ઉતારા સાથે પોતાનો પુરાવો આપેલ હતો અને તેના પુરાવામાં બનાવવાળી જગ્યાએ તેઓ ગયેલ હોય કે જીપ પણ ગયેલ હોય તેવો કોઈ પુરાવો રજુ થયેલ નહીં તે બચાવપક્ષના ડ્રાઈવર સાહેદની ઉલટતપાસ કરવામાં આવેલી પરંતુ તેમાંથી પણ કોઈ વિરૂધ્ધની હકીકત બહાર આવેલ નહીં. આમ નામદાર સુપ્રિમકોર્ટે મેજીસ્ટ્રેટનો પુરાવો માનેલો નહીં અને મેજીસ્ટ્રેટની હાજરી પણ બનાવવાળા સ્થળે માનેલ નહીં અને ડ્રાઈવરનો પુરાવો કે જે લોગબુકના આધાર સાથે રજૂ થયેલો તેને માની આદેશાત્મક જોગવાઈનો ભંગ થયેલ છે અને આરોપીએ ગેઝેટેડ ઓફીસર સમક્ષ સર્ચનો વિકલ્પ પંસદ કરેલ હોવા છતાં તેની સર્ચ ગેઝેટેડ ઓફીસર સમક્ષ કરવામાં આવેલ નથી તેવું માની આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકેલ. હાલના કેસમાં તે સંજોગો નથી. હાલનો કેસ કોઈ બાતમીનો કેસ નથી. આ કામે વાહન ચેકીંગ દરમ્યાન માદક પદાર્થ મળી આવતાં જે ઓફીસરને બોલાવેલા તે ઓફીસર ગેઝેટેડ ઓફીસર હતા જે સ્થળ ઉપર ગયેલા અને તે જે ગાડી સ્થળ ઉપર લઈને ગયેલા તે ગાડીના લોગબુકના ઉતારા પણ આ કામે ફરિયાદપક્ષે રજૂ કરેલ છે અને "એન. ડી. પી. એસ. એકટ અન્વયેની કાર્યવાહી" તેવું લોગબુકમાં પણ સ્પષ્ટ લખેલ છે. આરોપી તરફે તેવો કોઈ પુરાવો રજૂ થયેલ નથી કે ઉલટતપાસમાં લોગબુક ખોટી રજૂ કરેલ છે તેવો કોઈ બચાવ લીધેલ નથી તે સંજોગોમાં નામદાર સુપ્રિમકોર્ટ સમક્ષના કેસની હકીકતો અને

હાલના કેસની હકીકત અલગ પડતી હોવાથી ઉપરોકત ચૂકાદો પણ આરોપીને મદદરૂપ થતો નથી.

૩૧. હવે, ફરીયાદપક્ષનો ઉપર ચર્ચા કર્યા મુજબનો સમગ્ર મૌખિક પુરાવો અને ખાસ કરીને એન. ડી. પી. એસ. એકટ અન્વયે કાર્યવાહી કરવામાં આવી ત્યારે હાજર સાહેદો ફરીયાદ પક્ષના સાહેદ નંબર–૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭ અને ૮ પૈકી ફરીયાદ પક્ષના સાહેદ નંબર–૧ પંચ સાહેદ તથા સાહેદ નંબર–૨ મેલાપચંદ મુદ્દામાલ જથ્થાનું વજન કરનાર તથા સાહેદ નં. ૩ સાયન્ટેફીક ઓફીસર એ સ્વતંત્ર સાક્ષી છે અને આવા તમામ સાહેદોની જુબાની ઉપરથી ફરીયાદપક્ષના સાહેદ નંબર–૫ ફરિયાદી મહાવીરસિંહ કાળુસિંહ ઝાલા તા.૨૦/ ૦૧/ ૨૨ ના રોજ અમીરગઢ પોલીસ સ્ટેશન ખાતે ઈ./ચા.પી.આઈ. તરીકે ફરજ ઉપર હાજર હતા. તે દરમિયાન ફરજ ઉપરના પી.એસ.ઓ. એ. એસ. આઈ. ભરતભાઈનાઓએ કલાક ૧૦–૫૫ વાગે તેઓને જાણ કરેલ કે અમીરગઢ ચેકપોસ્ટ ઉપર ફરજ પરના એ.એસ.આઈ. બાબુદાન નાઓએ ટેલીફોનીક જાણ કરેલ છે કે અમીરગઢ ચેકપોસ્ટ ખાતે તેઓ વાહન ચેકીંગમાં હતા તે દરમિયાન આબુરોડ તરફથી આવતી એક સફેદ કલરની આઈ–૨૦ ગાડી નં. એચ.પી. ૩૪. ડી. ૧૫૩૯ નાઓની તપાસ કરતાં ગાડીની પાછળની સીટના નીચેના ભાગે કાળા તથા બદામી કલરના એડહેશીવ ટેપ વીંટાળેલ શંકાસ્પદ પેકેટ મળી આવેલ છે તે બાબતે તેના ચાલકને પુછતાં તેમાં ચરસ હોવાનું જણાવેલ જેથી તેઓએ એટલે કે, એ. એસ. આઈ. બાબુદાન મહોબતદાનનાઓએ તેમના થાણા અધિકારીશ્રી એમ. કે. ઝાલાને જાણ કરેલી અને તેમણે તેઓને જણાવેલ કે, તેઓ એસ. ઓ. જી. શાખામાં ફોન કરી આ બાબતની વર્ધી લખાવી તેમણે તુર્તજ ઉપરોકત બાબતેની એસ. ઓ. જી. શાખામાં જાણ કરવા જણાવી આ બાબતે કાયદેસરની કાર્યવાહી કરવા સારૂ એસ.ઓ.જી. પી.આઈ.શ્રી

ડી.આર.ગઢવીનાઓને ટેલિફોનીક જાણ કરતાં પી.આઇ. શ્રી ડી. આર. ગઢવીએ, પી.એસ.ઓ.શ્રીને સરકારી પંચો બોલાવવા માટે તેઓને જાણ કરવાનું કહેતાં તેઓ સરકારી ગાડી નં.જી.જે.૦૮. જી.એ. ૧૨૭૭ માં ડ્રાઈવર કમલેશભાઈનાઓ સાથે અમીરગઢ ચેક પોસ્ટ જવા રવાના થયેલ અને ચેકપોસ્ટ ખાતે પહોંચી સરકારી પંચો બોલાવવા સારૂ યાદી લખી હેડ કોન્સ. મહેન્દ્રસિંહનાઓને અમીરગઢ પો.સ્ટે.ના સરકારી પોલીસ વાહનમાં મોકલી આપેલ. ત્યારબાદ ક. ૧૨:૦૦ વાગ્યે એસ.ઓ.જી. પી.આઈ.શ્રી ડી.આર.ગઢવીનાઓ સરકારી વાહનો જી.જે. ૦૮. જી.એ. ૦૧૪૭ તથા જી.જે. ૧૮. જી.એ. ૨૬૭૬ માં એસ.ઓ.જી. પોલીસ સ્ટાફના માણસો સાથે ચેકપોસ્ટ ખાતે આવી પહોંચેલ અને તે દરમિયાન હેડ કોન્સ. મહેન્દ્રસિંહનાઓ પણ સરકારી પંચોને લઈ ચેકપોસ્ટ ખાતે આવી પહોંચેલ. શ્રી.ડી.આર. ગઢવીનાઓ એ પોતાનો પરીચય આપી પંચોને તેઓનો પરીચય પુછતાં પંચ નં.૧ હસમુખભાઈ મોદી તથા પંચ નં.ર રમેશજી ઠાકોર બન્ને નોકરી રેન્જ ફોરેસ્ટ ઓફીસની કચેરી અમીરગઢનાનો આપેલ અને પી.આઈ.શ્રી. નાઓએ તેઓનો તથા પોલીસ સ્ટાફના માણસોનો પરીચય આપી હકિકતથી વાકેફ કરી કાયદેસર કરવા સારૂ સમજ કરતાં પંચોએ સ્વખુશી દર્શાવતા પી.આઈ. સાહેબનાઓએ એન.ડી.પી.એસ. લગત કાયદેસરની કાર્યવાહી કરવા પોલીસ સ્ટાફને પણ સમજ કરી પંચો તથા પોલીસ સ્ટાફની અરસ–પરસ અંગઝડતી કરવાની સુચના કરતાં પંચોએ પોલીસની તથા પંચોની પોલીસે અંગઝડતી કરતાં કોઈ માદક પદાર્થ કે ગુનાહિત વાંધાજનક વસ્તુ મળી આવેલ નહીં. ત્યારબાદ એસ.ઓ.જી. પી.આઈ.શ્રી.ની સરકારી ગાડી નં.જી.જે. ૦૮. જી.એ. ૦૧૪૭ ની ઝડતી તપાસ કરતાં ગાડીમાંથી કંઈ ગુનાહિત કે વાંધાજનક વસ્તુ મળી આવેલ નહીં પરંતુ ગાડીની પાછળની સીટમાં એક એન.ડી.પી.એસ. લગત સીલકીટ બોક્ષ પડેલ જેની અંદર લાખ, દવાખાનાની સફેદ પટ્ટી વિગેરે પડેલ હતું. સદરહું ગાડીને ડ્રાઈવીંગ

સીટ ઉપર બેઠેલ ચાલકનું નામ બેચરભાઈ જણાવેલ તેઓની પણ અંગઝડતી કરતાં કોઈ ગુનાહિત કે વાંધાજનક ચીજવસ્તુ મળી આવેલ નહીં. ત્યારબાદ સદરહુ ગાડીની બાજુમાં એસ.ઓ.જી.ની બીજી એક સરકારી ગાડી જી.જે. ૧૮. જી.એ. ૨૬૭૬ નંબરવાળી પડેલ જેની ઝડતી કરતાં કોઈ ગુનાહિત કે વાંધાજનક ચીજવસ્તુ મળી આવેલ નહીં. તેમજ સદરહું ગાડીની ડ્રાઈવીંગ સીટ ઉપર બેઠેલ ચાલકનું નામ સરદારભાઈ જણાવેલ તેઓની પણ અંગઝડતી કરતાં કોઈ ગુનાહિત કે વાંધાજનક ચીજવસ્તુ મળી આવેલ નહીં. તેમજ સદરહુ ગાડીની બાજુમાં અમીરગઢ પો.સ્ટે.ની સરકારી ગાડી નં. જી.જે. ૦૮. જી.એ. ૧૨૭૭ નંબરવાળી પડેલ જેની ઝડતી કરતાં કોઈ ગુનાહિત કે વાંધાજનક ચીજવસ્તુ મળી આવેલ નહીં. તેમજ સદરહુ ગાડીની ડ્રાઈવીંગ સીટ ઉપર બેઠેલ ચાલકનું નામ કમલેશભાઈ જણાવેલ તેઓની પણ અંગઝડતી કરતાં કોઈ ગુનાહિત કે વાંધાજનક ચીજવસ્તુ મળી આવેલ નહીં. ત્યારબાદ એસ.ઓ.જી. પી.આઈ.શ્રીનાઓએ એન.ડી.પી.એસ. રેઈડ આયોજન અંગે લેખિત રિપોર્ટ તૈયાર કરી કવરમાં મુકી કવર બંધ કરી પોલીસ અધિક્ષકશ્રી બનાસકાંઠાનાઓને મોકલી આપવા સારૂ પો.કો. વિનોદભાઈને ખાનગી વાહનમાં રવાના કરેલ અને મુદામાલનુ એફ. એસ.એલ. પરીક્ષણ કરવા સારૂ એફ. એસ.એલ. અધિકારીશ્રીને બોલાવવા સારૂ એસ.ઓ.જી. પી.આઈ. શ્રીનાઓએ કલાક ૧૨:૪૦ વાગ્યે પી.એસ.ઓ. ભરતભાઈનાઓને કંટ્રોલ રૂમને જાણ કરવા વર્ધી લખાવેલી. ત્યારબાદ ચેકપોસ્ટના મકાનના આગળના કંપાઉન્ડના પુર્વ બાજુએ સેડની સાઈડમાં ચેકપોસ્ટના બેરીયરની આગળ આઈ–૨૦ ગાડી નં. એચ.પી. ૩૪. ડી. ૧૫૩૯ નાઓને ચેકપોસ્ટના પોલીસના માણસોએ કોર્ડન કરી ઉભી રખાવેલ હોય એસ.ઓ.જી. પી.આઈ. શ્રીનાઓ તથા પંચો તથા તથા પોલીસ સ્ટાફના માણસો ચાલતા સદરહું ગાડી પાસે ગયેલ અને સદરહું ગાડીને કોર્ડન કરીને ઉભેલ પોલીસના માણસોનો પી.આઈ.

સાહેબે પરીચય પંચોને કરાવેલ. જેમાં એ.એસ.આઈ. બાબુદાન, હેડ. કોન્સ. વીરાભાઈ, હેડ.કોન્સ. યાકુબખાન તથા પો.કો. મેઘરાજભાઈ નાઓનો પરીચય કરાવેલો અને તેઓની પણ અરસ-પરસ અંગઝડતી કરતાં કંઈ ગુનાહિત કે વાંધાજનક ચીજવસ્તુઓ મળી આવેલ નહીં. ત્યારબાદ કોર્ડન કરેલ ગાડીના ચાલકને ગાડીમાંથી ઉતારી તેઓનું નામઠામ પંચો રૂબરૂ પુછતાં તેણે પોતાનું નામ કિરણકુમાર અમરચંદ નેગી રહે. રાંઘડી, તા.જી. કુલ્લુ, હિમાચલપ્રદેશના હોવાનું તેણે હિન્દી ભાષમાં જણાવેલ. ત્યારબાદ પી.આઈ.શ્રી.નાઓએ કિરણકુમાર અમરચંદ નેગીની તથા તેમની સાથેની ગાડીની ઝડતી કરવા સારૂ એન.ડી.પી. એસ. ક. ૪૨/૪૩ મુજબનો ઠરાવ કરી જયુ.મેજી.ફ.ક. સાહેબશ્રી અમીરગઢનાઓ તરફ નકલ રવાના કરેલ. ત્યારબાદ એસ.ઓ.જી. પી.આઈ.શ્રીનાઓએ મજકુર કિરણકુમાર અમરચંદ નેગીને જણાવેલ કે અમો એક ગેઝેટેડ અમલદાર છીએ તેમ છતાં તમો અન્ય કોઈ ગેઝેટેડ અમલદાર કે અન્ય મેજીસ્ટ્રેટશ્રીનાઓ સમક્ષ તમારી ઝડતી કરાવવી હોય તો તમારો કાનુની અધિકાર છે. જેથી મજકુર કિરણકુમાર અમરચંદ નેગીનાઓએ હિન્દી ભાષામાં જણાવેલ કે આપ અમારી ઝડતી કરી શકો છો મને કાંઈ વાંધો નથી. જે બાબતે એસ. ઓ. જી. પી. આઈ. શ્રીનાઓએ એન.ડી.પી.એસ. એકટની કલમ-૫૦ મુજબનો ઠરાવ કરી તેમાં તેઓની, મજકર ઈસમની તથા પંચોની સહીઓ મેળવી અસલપ્રત તેઓને અદા કરેલ અને મજકુર કિરણકુમારનાઓને પી.આઈ. સાહેબે જણાવેલ કે તમે અમો પોલીસ તથા પંચોની માદક પદાર્થ સબંધે અંગઝડતી કરવી હોય તો કરી શકો છો, પરંતુ મજકુર ઈસમે હિન્દી ભાષામાં તેવું કરવાનો ઈન્કાર કરેલ. ત્યારબાદ સદરહું ગાડીની આગળ-પાછળ નંબર પ્લેટ જોતાં ગાડી નં. એચ.પી. ૩૪. ડી.૧૫૩૯ લખેલ જોવા મળેલ. જે ગાડીના દરવાજા ખોલી જોતાં બન્ને સીટો ઉપર કોઈ ગુનાહિત ચીજવસ્તુ મળી આવેલ નહીં. ત્યારબાદ સદરહુ ગાડીની પાછળ ડેકી ખોલીને જોતાં તેમાં એક

સ્પેર વ્હીલ પડેલ હતું. ત્યારબાદ સદરહુ ગાડીની પાછળની સીટના પાછળના ભાગે કવર ઉંચુ કરીને જોતાં તેમાં કાળા તથા બદામી કલરના એડહેશીવ ટેપ વીંટાળેલ પેકેટ ફીટ કરેલ હતું. તેમજ પાછળની સીટના નીચેના ભાગે કવરની નીચે બદામી કલરના એડહેશીવ ટેપ વીંટાળેલ પેકેટ ફીટ કરેલ હતા જે પેકેટો બાબતે મજકુર ઈસમને પંચો રૂબરૂ પુછતાં તેમાં ચરસ હોવાનું જણાવેલ. જેથી સદરહું ગાડીને મજકુર ઈસમ સાથે અમીરગઢ ચેકપોસ્ટના મકાન આગળ લાવેલ અને ગાડીની પાછળની સીટના પાછળના ભાગેથી કાળા તથા બદામી રંગના એડેહેસીવ ટેપ વીંટાળેલ પેકેટ બહાર કાઢી ગણી જોતાં કુલ–૧૧ હતા. તેમજ પાછળની સીટના નીચેના ભાગેથી બદામી રંગના એડહેશીવ ટેપ વીંટાળેલ પેકેટ બહાર કાઢી જોતાં કુલ–૪ હતા. એમ કુલ–૧૫ પેકેટ મળી આવેલ. ત્યારબાદ મળી આવેલ મુદ્દામાલનું વજન કરવા સારૂ વેપારી મહાશયને લેવા માટે તેમજ પ્લાસ્ટીકના પારદર્શક ડબ્બાઓ લેવા માટે પો.કો. મેઘરાજભાઈનાઓને અમીરગઢ પો.સ્ટે.ના સરકારી વાહનમાં રવાના કરેલ. ત્યારબાદ મજકુર કિરણકુમારના શરીરે જોતાં આછા વાદળી કલરનું શર્ટ તથા આછા ક્રીમ કલરનું પેન્ટ પહેરેલ અને બ્લેક કલરનું ગરમ જેકેટ પહેરેલ. મજકુર ઈસમની અંગજડતી કરતાં પહેરેલ શર્ટના ખિસ્સામાંથી સદર કિરણકુમારના નામનું આધાર કાર્ડ મળી આવેલ. તેમજ ગાડીની આર.સી. બુકની કલર ઝેરોક્ષ મળી આવેલ તેમજ સેમસંગ કંપનીનો એન્ડ્રોઈડ ફોન મળી આવેલ. તેમજ મજકુર ઈસમના જેકેટના ડાબી બાજુના ખિસ્સામાંથી એક વિવો કંપનીનો એન્ડ્રોઈડ ફોન તથા સેમસંગ કંપનીનો કિ–પેડ મોબાઈલ સીમકાર્ડ વગરનો મળી આવેલ. તેમજ જેકેટના જમણી બાજુના ખિસ્સામાંથી બે કિ–પેડ મોબાઈલ મળી આવેલ જેમાં પ્રથમ સેમસંગ કંપનીનો તથા બીજો લાવા કંપનીનો કી–પેડ મોબાઈલ મળી આવેલ. તથા પેન્ટના પાછળના ખિસ્સામાંથી એક પોકેટ મળી આવેલ જે પોકેટની અંદર રોકડા રૂ.૨૩,૪૦૦/–

(અંકે રૂપિયા ત્રેવિસ હજાર ચારસો પુરા) તથા મજકુર કિરણકુમારના નામનું પાનકાર્ડ તથા એક્ષિસ બેંકના બે ડેબીટ કાર્ડ તથા એચ.ડી.એફ.સી. બેંકનું ઈન્ટરનેશનલ ડેબિટ કાર્ડ તથા પંજાબ નેશનલ બેંકનું એ.ટી.એમ. કાર્ડ એમ કુલ ૪ એ.ટી.એમ./ ડેબીટ કાર્ડ મળી આવેલ. દરમ્યાન ક.૧૪:૨૫ વાગ્યે એફ.એસ.એલ. અધિકારીશ્રીનાઓ અમીરગઢ ચેકપોસ્ટ ખાતે આવતાં તેઓએ પોતાનો પરીચય ડી.એમ.પટેલ, એફ.એસ.એલ. અધિકારીશ્રી પાલનપુરનાઓ નો આપતાં પી.આઈ.શ્રી ડી.આર.ગઢવી સાહેબનાઓએ પોતાનો તથા પોલીસ સ્ટાફનો તથા પંચોનો તથા મજકુર પકડાયેલ ઈસમનો પરીચય કરાવી મળી આવેલ શંકાસ્પદ માદક પદાર્થના પરીક્ષણ કરવા સારૂ લેખિત યાદી આપેલ. ત્યારબાદ એફ.એસ.એલ. અધિકારીશ્રીની સુચના મુજબ કાતરથી તમામ પેકેટો વારાફરતી કાપીને તેમાંથી જરૂરી નમુનાઓ લઈ એફ.એસ.એલ. અધિકારીશ્રીનાઓએ તેઓની પાસે રહેલ રાસાયણીક પરીક્ષણ કરવાની કીટથી પરીક્ષણ કરતાં તેમાં કેનાબીજના સક્રીય ઘટકોની હાજરી જણાઈ આવેલ અને સદરહું પદાર્થ ચરસ હોવાનું જણાવેલ. તેમજ મળી આવેલ ચરસનું વધુ પરીક્ષણ કરવા સારૂં ડી.એફ.એસ. કચેરી ગાંધીનગર ખાતે પરીક્ષણ માટે મોકલવા સારૂ સેમ્પલ કબજે કરવા સુચના કરેલ. તેમજ તેઓએ કરેલ પ્રાથમિક પરીક્ષણનો અહેવાલ આપેલ. ત્યારબાદ પો.કો. મેઘરાજભાઈ નાઓ વેપારી મહાશયને તથા પ્લાસ્ટીકના પારદર્શક ડબ્બાઓ લઈને આવેલ અને વેપારી મહાશયને પી.આઈ.શ્રીનાઓએ પોતાનો તથા પંચોનો તથા પોલીસ સ્ટાફનો તથા એફ.એસ.એલ. અધિકારીશ્રીનો તથા મજકુર પકડાયેલ ઈસમનો પરીચય કરાવેલ. વેપારી મહાશયનું નામઠામ પુછતાં તેઓએ પોતાનું નામ મેલાપચંદ સોની, રહે. અમીરગઢવાળા હોવાનું જણાવતાં તેઓને મળી આવેલ માદક પદાર્થ ચરસનું વજન કરવા બાબતે લેખિત યાદી આપેલ. અને તેઓએ સહમતી દર્શાવતાં તેમજ તેઓની સાથે લાવેલ ઈલેકટ્રીક વજન કાંટો

તિરૂપતી ડીઝીટલ સ્કેલ કંપનીનો હતો જે ૦.૦૧ ગ્રામ થી ૧૫ કીલોના વજન સુધીની ક્ષમતા વાળો હતો જેને અમીરગઢ ચેકપોસ્ટમાં આવેલ ઈલેકટ્રીક સ્વીચબોર્ડ સાથે જોડાણ કરી ચાલુ કરી ચેક કરી શુન્ય-શુન્ય કરી વેપારી મહાશયે મજકુર ઈસમ પાસેથી પકડાયેલ માદક પદાર્થનું વજન કરતાં જે કુલ ૧૫ પેકેટ હતા દરેક પેકેટનું વારાફરતી વજન કરી ચેક કરતાં ચરસનું કુલ ચોખ્ખું વજન ૧૪.૬૪૩ કી.ગ્રામ (એડેસિવ ટેપ તથા પેકેટના વજન સિવાય) થયેલ. ચરસ સિવાયના એડેસિવ ટેપ તથા પેકેટના વજન કરતાં તે વજનનો ઉલ્લેખ ફરીયાદ તથા પંચનામામાં કરવામાં આવેલ. ત્યારબાદ એફ.એસ.એલ. અધિકારીશ્રીની સુચના મુજબ એફ.એસ.એલ. સેમ્પલ તથા રીઝર્વ સેમ્પલ માટે ૩૦-૩૦ ગ્રામના માદક પદાર્થ ચરસનું વજન કરી દરેક પેકેટમાંથી લઈ પ્લાસ્ટીકના પારદર્શક ડબ્બાઓમાં મુકી તે બંધ કરી તેની ઉપર એસ.ઓ.જી. પી.આઈ. તથા પંચો તથા મજકુર પકડાયેલ ઈસમની સહીઓ વાળી કાપલીઓ દરેક ડબ્બા ઉપર મુકી તેને દવાખાનાની સફેદ ગુંદર પટ્ટીથી ચારેય બાજુથી શીલબંધ કરી તેની ઉપર પી.આઈ. એસ.ઓ.જી. બી.કે. ના અંગ્રેજી માર્કા વાળું શીલ મારી તપાસ અર્થે કબજે કરેલ. જેમાં એફ.એસ.એલ. સેમ્પલોને માર્ક એફ-૧ થી એફ-૧૫ સુધીના આપેલ તથા રીઝર્વ સેમ્પલને માર્ક આર-૧ થી આર-૧૫ સુધીના આપેલ તથા બાકી વધેલ મુળ મુદ્દામાલ તથા એડેસિવ ટેપ વાળા પેકેટ જે તે મુદ્દામાલ સાથે કુલ ૧૫ પ્લાસ્ટીકના પારદર્શક ડબ્બાઓમાં મુકી તે બંધ કરી તેની ઉપર એસ.ઓ.જી. પી.આઈ. તથા પંચો તથા મજકુર પકડાયેલ ઈસમની સહીઓ વાળી કાપલીઓ દરેક ડબ્બા ઉપર મુકી તેને દવાખાનાની સફેદ ગુંદર પટ્ટીથી ચારેય બાજુથી શીલબંધ કરી તેની ઉપર પી.આઈ. એસ.ઓ.જી. બી.કે. ના અંગ્રેજી માર્કા વાળું શીલ મારી તપાસ અર્થે કબજે કરેલ. જે ડબ્બાઓને માર્ક એ-૧ થી એ-૧૫ સુધીના આપેલ. આમ, ચરસનું કુલ ચોખ્ખું વજન ૧૪.૬૪૩ કી.ગ્રામ થયેલ જેની આંતરરાષ્ટ્રીય બજાર

કિંમત એક કિલોના રૂ.૧૦,૦૦,૦૦૦/- લેખે કુલ ચરસની કિંમત રૂપિયા એક કરોડ છેતાલીસ લાખ તેતાલીસ હજાર પુરા ગણી તપાસ અર્થે કબજે કરેલ અને વેપારી મહાશયે વજન કર્યા અંગેનું પ્રમાણપત્ર ત્યાં એસ.ઓ.જી. પી.આઈ. શ્રી ગઢવી સાહેબને આપેલ. તેમજ મજકુર ઈસમની આઈ-૨૦ ગાડીની કિંમત રૂ.૫,૦૦,૦૦૦ - તથા રોકડા - રૂપિયા ૨૩,૪૦૦/- તથા મળી આવેલ પાંચ મોબાઈલની કિંમત રૂ.૨૩,૦૦૦/- તથા આધાર કાર્ડ, પાનકાર્ડ, અલગ અલગ બેંકના ચાર એ.ટી.એમ./ડેબિટ કાર્ડ તથા આર.સી.બુકની કલર ઝેરોક્ષ ની કિ.રૂ.૦૦/-ગણી તપાસ અર્થે તમામ મુદ્દામાલ આરોપી પાસેથી પંચો રૂબરૂ કબજે કરેલ અને જે બાબતેનો સિઝરમેમો તૈયાર કરી તેમાં એસ.ઓ.જી. પી.આઈ.શ્રી તથા પંચો-તથા પકડાયેલ મજકુર ઈસમની સહીઓ મેળવી પકડાયેલ ઈસમને હિન્દી ભાષામાં સમજ કરેલ અને અસલપ્રત તેને અદા કરેલ અને સફળ રેડ અંગેની જાણ એસ.ઓ.જી. પી.આઈ.શ્રી એ પોલીસ અધિક્ષકશ્રી બ.કાં ને લેખિતમાં જાણ કરેલ છે. આ તમામ મૌખિક અને દસ્તાવેજી પુરાવા નજરે અમીરગઢ બોર્ડર ચેકપોસ્ટ ઉપર સ્થળ ઉપર ઉપરોક્ત તમામ કાર્યવાહી થયેલાનું સ્પષ્ટ થાય છે. બચાવ પક્ષ તરફે ફરીયાદપક્ષના ઉપરોકત સાહેદ નંબર-૧ થી ૮ ની ઉલટ તપાસ દરમ્યાન કોઈ વિરૂધ્ધની હકીકત બહાર લાવી શકેલ નથી. ફરીયાદ પક્ષના કેસ મુજબ અમીરગઢ ચેક પોસ્ટ ઉપર ફરજ ઉપરના પોલીસ કર્મચારીઓ ધ્વારા આઇ-૨૦ ગાડી ઉભી રાખવી ચેકીંગ કરવા ઉભી રખાવેલ અને ત્યારબાદ સ્થળ ઉપરથી કાયદેસર કાર્યવાહી કરવા માટે મળી આવેલ પ્રતિબંધીત પદાર્થનું વજન, સીલીંગ, સેમ્પલીંગની કાર્યવાહી થયેલ છે. અત્રે પુનરાવર્તનના દોષ સાથે નોંધવું જરૂરી જણાય છે કે, આ કામે આરોપી જયારે તા. ૨૦/૦૧/૨૦૨૨ ના રોજ આબુરોડ તરફથી આવી રહેલ હતો ત્યારે અમીરગઢ પો. સ્ટે. ના કર્મચારીઓ વાહન ચેકીંગમાં હતા તે દરમ્યાન આરોપીના કબજા ભોગવટાની સફેદ કલરની

હ્યુન્ડાઇ કંપનીની આઇ–૨૦ ગાડી નંબર એચપી. ૩૪. બી. ૧૫૩૯ માંથી માદક પદાર્થ ચરસનો જથ્થો કુલ વજન ૧૪. ૬૪૩ કિ. ગ્રા. કિંમત રૂા. ૧, ૪૬, ૪૩, ૦૦૦/– નો રાખી તેણે હેરાફેરી કરેલ છે. આ કામે તે વાહન ચેકીંગ દરમ્યાન રોડ ઉપર એટલે કે, જાહેર જગ્યાએ સવારના ૧૦–૩૦ કલાકના સમયે પકડાયેલ હોવાથી હાલનો કેસ એન. ડી. પી. એસ. એકટની કલમ ૪૩ મુજબનો ગણાય અને તે સંજોગોમાં જયારે ચાન્સ રીકવરી હોય અને તે જાહેર જગ્યાએ પકડાયેલ હોય ત્યારે કલમ ૪૨ કે ૫૦ લાગુ પડતી નથી પરંતુ ચાન્સ રીકવરી દરમ્યાન જો સીઝર અને એરેસ્ટની કાર્યવાહી દરમ્યાન કર્મચારીએ અને. ડી. પી. એસ. એકટની જોગવાઇઓ પ્રમાણેના તે કક્ષાના કર્મચારી ન હોય ત્યારે આગળની કાર્યવાહી એન. ડી. પી. એસ. એકટ માં જે અધિકારીઓને કાર્યવાહી કરવાની સત્તા આપેલ છે તે અધિકારીઓ એ કરવાની હોય છે. આમ હાલના કામે પણ તેની ગાડી રોકાવી તેમાં શંકાસ્પદ માદક પદાર્થની જાણ થતાં આગળની કાર્યવાહી માટે પોલીસ કર્મચારીઓએ એન. ડી. પી. એસ. એકટ અન્વયે સત્તા ધરાવતા કર્મચારીને બોલાવી કાર્યવાહી કરાવેલ છે. આમ એન. ડી. પી. એસ. એકટ અન્વયેની જોગવાઇઓનું પાલન થયેલ છે. સાહેદોના પુરાવાથી તે હકીકત ફરીયાદપક્ષે પુરવાર કરેલ છે.

૩૨. આ કામે આરોપી સામે ધી નાર્કોટિકસ ડ્રગ્સ એન્ડ સાઇકોટ્રોપીક સબસ્ટેન્સ એકટ, ૧૯૮૫ ની જોગવાઈઓના ભંગ સંબંધે કાર્યવાહી છે. કાયદાનો હેતુ જોતાં કાયદાની જોગવાઈઓનો ભંગ કરનાર વ્યકિતએ સામે ગુનો પુરવાર થાય તેથી સખત કેદ તથા દંડની સજાની જોગવાઈ કરવામાં આવેલ છે. જેથી તે કાયદા અન્વયેની તપાસની કાર્યવાહીમાં ખાસ કરીને આરોપીની ઝડતી, મુદ્દામાલની જપ્તી અને સીલીંગ બાબતે કાયદાની જોગવાઈઓનું ચુસ્તપણે પાલન કરવાનું કાયદાથી ઠરાવવામાં આવેલ છે. વધુમાં, કાયદામાં તેવી આદેશાત્મક

જોગવાઈઓનો ભંગ કરવામાં આવે તો તે કારણે આરોપીના બચાવને વિપરીત અસર થયેલ હોવાનું માનવામાં આવે છે. જ્યારે આરોપી પાસેથી કાયદા અન્વયેના પ્રતિબંધીત પદાર્થો મળી આવેલ હોવાનો કેસ હોય ત્યારે તેવો પદાર્થ આરોપીના સભાન કબજામાંથી મળી આવેલ હોવાનું ફરીયાદપક્ષે સબળ પુરાવાથી પુરવાર કરવું જોઈએ, તથા તેઓ તે રીતે પુરવાર કર્યા બાદ તેવો પ્રતિબંધીત પદાર્થ આરોપીનો નથી તે અંગેના અનુમાનનું ખંડન આરોપીએ કરવું જોઈએ અન્યથા આરોપી સામે તેવા પ્રતિબંધીત પદાર્થના કબજા અંગેની તથા નાર્કોટિક્સ ડ્રગ્સ એન્ડ સાઈકોટ્રોપિક સબસ્ટન્સ એકટ કલમ ૩પ તથા પ૪ અન્વયેનું કાયદાકીય અનુમાન કરવાની જોગવાઈ કરવામાં આવેલ છે, તેવી કાયદાકીય પરિસ્થિતિ નજર સમક્ષ રાખીને ફરીયાદ પક્ષે રજૂ કરેલ પુરાવાનું મૂલ્યાંકન કરવાનું રહે છે.

"Section 35 Presumption of culpable mental state. (1) In any prosecution for an offence under this Act which requires a culpable mental state of the accused, the court shall presume the existence of such mental state but it shall be a defence for the accused to prove the fact that he had no such mental state with respect to the act charged as an offence in that prosecution.

Explanation. In this section "culpable mental state" includes intention, motive, knowledge of a fact and belief in, or reason to believe, a fact. (2) For the purpose of this section a fact is said to be proved only when the court believes it to exist beyond a

reasonable doubt and not merely when its existence is established by a preponderance of probability."

"Section 54. Presumption from possession of illicit articles.–

In trials under this Act, it may be presumed, unless and until the contrary is proved, that the accused has committed an offence under this Act in respect of–

(a)any narcotic drug or psychotropic substance or controlled substance;

(b)any opium poppy, cannabis plant or coca plant growing on any land which he has cultivated;

(c)any apparatus specially designed or any group of utensils specially adopted for the manufacture of any narcotic drug or psychotropic substance or controlled substance; or

(d)any materials which have undergone any process towards the manufacture of a narcotic drug or psychotropic substance or controlled substance, or any residue left of the materials from which any narcotic drug or psychotropic substance or controlled substance has been manufactured, for the possession of which he fails to account satisfactorily."

૩૩. આરોપી વિરુધ્ધ ફરમાવવામાં આવેલ તહોમત મુજબનો ગુનો આરોપી એ કરેલ છે કે કેમ ? અને તે માટે આરોપીને તકસીરવાન ઠરાવી શકાય છે કે કેમ ? તેનો નિર્ણય ફરીયાદપક્ષે રજૂ કરેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાના આધારે કરવાનો રહે છે. આ કામે ઉપસ્થિત પુરાવો ધ્યાને લેતાં, તેમજ ફરીયાદપક્ષ તરફે રજૂ પુરાવો ધ્યાને લેતાં, આંક. ૧૬ થી પંચ સાહેદ હસમુખકુમાર નાથાલાલ મોદીને તપાસતાં, તેઓએ આંક. ૧૭ ના જડતી પંચનામામાં પોતાની સહી ઓળખી બતાવેલ છે તથા પંચનામાં દરમિયાન કબજે થયેલ મુદ્દામાલ પદાર્થ બતાવેલ હોવાની હકીકતને સમર્થન આપેલ છે. સદર પંચ સાહેદે આરોપી કિરણકુમાર અમરચંદ નેગી (રાજપૂત) પોતાના કબજા ભોગવટાની સફેદ કલરની હયુન્ડાઇ કંપનીની આઇ–૨૦ ગાડી નંબર એચપી. ૩૪. ડી. ૧૫૩૯ માંથી માદક પદાર્થ ચરસ ૧૪.૬૪૩ કિલોગ્રામ મળી આવેલ હોવાની હકીકતને સમર્થન આપેલ છે, અને આરોપી કિરણકુમાર અમરચંદ નેગી (રાજપૂત) પોતાના કબજા ભોગવટાની સફેદ કલરની હયુન્ડાઇ કંપનીની આઇ–૨૦ ગાડી નંબર એચ.પી. ૩૪. ડી. ૧૫૩૯ની આર. સી. બુકની કલર ઝેરોક્ષ, આધાર કાર્ડ, પાન કાર્ડ, જુદી જુદી બેંકોના એ. ટી. એમ. કાર્ડ, મોબાઇલ ફોન તથા રોકડ રકમ રૂા. ૨૩,૪૦૦/– મળી આવેલ હોવાની હકીકતને સમર્થન આપેલ છે. તેઓએ સર્ચ, સીઝર અને સીલીંગની તમામ પ્રક્રિયાને સમર્થન આપી આંક–૫૦ થી આરોપી કિરણકુમાર અમરચંદ નેગી (રાજપૂત) નો એન.ડી.પી.એસ. એકટની કલમ–૪૨ અને ૪૩ અન્વયે જડતી ઠરાવ, આંક. ૫૧ થી એન.ડી.પી.એસ. એકટની કલમ મુજબ સમજ કર્યા અંગેનો પત્ર તથા આંક. ૫૨ થી સમજ પત્ર, આંક. ૪૮ થી સીઝર મેમોમાં પોતાની સહીઓ ઓળખી બતાવેલ છે. સદર પંચ સાહેદે કોર્ટ રૂબરૂ મુદ્દામાલ તેઓને જુબાની દરમ્યાન બતાવતાં ઓળખી બતાવેલ છે તેમજ આરોપી કિરણકુમાર અમરચંદ નેગી (રાજપૂત) તથા પોલીસ સ્ટાફના માણસોના તથા વજન કરનાર

વેપારી મહાશયને ઓળખી બતાવેલ છે તથા સર્ચ, સીઝર અને સીલીંગની કાર્યવાહીને સમર્થન આપેલ છે.

૩૪. આ કામે આંક. ૬૫ થી રેઈડીંગ પાર્ટીના સભ્ય ફરિયાદી મહાવિરસિંહ કાળુસિંહ ઝાલા તથા આંક. ૫૯ થી ભરતકુમાર નાથાલાલ પટેલ, આંક. ૭૩ થી દિલીપકુમાર રામસિંહ ગઢવી, આંક.૯૨ થી કૌશિક કિશનલાલ પાટડીયા તથા આંક. ૧૦૭ થી અંકુરભાઈ કરમશીભાઈ દેસાઈ નાઓને તપાસવામાં આવેલ છે, જેઓએ ઉપરોકત પેરા નં. ૩૦માં જણાવ્યા મુજબની રેઇડની હકીકતો તથા પંચનામાં, સર્ચ, સીઝર અને સીલીંગ કાર્યવાહીને સંપુર્ણપણે સમર્થન આપેલ છે. તેમજ આ કામે ફરિયાદી મહાવિરસિંહ કાળુસિંહ ઝાલાને આંક. ૬૫ થી તપાસતાં તેઓએ આંક. ૬૬ થી ફરીયાદ રજૂ કરેલ છે અને તેમાં પોતાની સહી ઓળખી બતાવેલ છે તથા ફરીયાદની હકીકતને તથા સર્ચ, સીઝર અને સીલીંગની કાર્યવાહીને સંપૂર્ણપણે સમર્થન આપેલ છે. સદર સાહેદોએ પોતાની જુબાની દરમ્યાન આરોપી કિરણકુમાર અમરચંદ નેગી (રાજપૂત)ઓના કબજા વાળી આઇ–૨૦ ગાડીમાંથી કેનાબીસ છોડના વાનસ્પતિક ભાગો – રોમ (ચરસ) ૧૪.૬૪૩ કિલોગ્રામ મળી આવેલ હોવાની હકીકતને સમર્થન આપેલ છે, તેમજ આધાર કાર્ડ, પાન કાર્ડ, જુદી જુદી બેંકોના એ. ટી. એમ. કાર્ડ, મોબાઇલ ફોન તથા રોકડ રકમ રૂા. ૨૩,૪૦૦/– મળી આવેલ હોવાની હકીકતને સમર્થન આપેલ છે. સદર સાહેદોને કોર્ટ રૂબરૂ મુદ્દામાલ તેઓની જુબાની દરમ્યાન બતાવતાં ઓળખી બતાવેલ છે તથા આરોપીને જુબાની દરમ્યાન સાહેદોએ ઓળખી બતાવેલ છે તથા સર્ચ, સીઝર અને સીલીંગની કાર્યવાહીને સમર્થન આપેલ છે.

૩૫. વધુમાં, આ કામે ફરીયાદપક્ષે આંક.૯૨ થી ત. ક. અધિકારીશ્રી કૌશિક કિશનભાઇ પાટડીયાના પુરાવામાં આંક. ૧૦૧ થી એફ.એસ.એલ.

પહોંચ તથા આંક. ૧૦૪ થી આરોપીની કોલ ડિટેઇલ્સ રજૂ કરેલ છે તે તથા આંક.૧૦૭ થી ત. ક. અધિકારીશ્રી અંકુરભાઇ કરમશીભાઇ દેસાઇના પુરાવામાં આંક.૧૧૦ એફ.એસ.એલ. પત્ર તથા આંક. ૧૧૧ એફ.એસ.એલ. અહેવાલ અને એફ.એસ.એલ. નાર્કોટીકસ વિભાગનો અહેવાલ રજૂ કરેલ છે. જે આંક.૧૧૧ થી રજૂ થયેલ ડી.એફ.એસ.એલ. ગાંધીનગર નાર્કોટીક વિભાગનો અહેવાલ ધ્યાને લેતાં, નમુના માર્ક– –એફ–૧ થી એફ–૧૫ ના પદાર્થ એન. ડી. પી. એસ. એકટમાં વ્યાખ્યાયિત "ચરસ" હોવાનું શોધાયેલ છે અને આંક.૧૧૦ થી રજૂ થયેલ માઇક્રોસીપીક પરીક્ષણ અહેવાલ જોતાં નમુના માર્ક–એફ–૧ થી એફ–૧૫ માં  કેનાબીસ છોડના વાનસ્પતિક ભાગો– રોમ જોવા મળેલ હતાં. જેનો સમાવેશ એન. ડી. પી. એસ. એકટમાં કરવામાં આવેલ છે તે મુજબનો અહેવાલ આ કામે ફરીયાદપક્ષે તપાસવામાં આવેલ આંક. ૫૪ વાળા સાહેદ દીપ મનહરકુમાર પટેલ સાયન્ટિફિક ઓફીસરનો પુરાવામાં આંક. ૫૭ થી રજૂ થયેલ  સાયન્ટિફિક ઓફીસર કમ આસીસ્ટન્ટ કેમીકલ એનાસાઈઝર ટુ ગર્વનમેન્ટ ઓફ ગુજરાત, ગાંધીનગરનો અહેવાલ રજૂ કરવામાં આવેલ છે. રજૂ કરવામાં આવેલ પુરાવો ધ્યાને લેતાં, આરોપી કિરણકુમાર અમરચંદ નેગી (રાજપૂત) ઓના કબજા વાળી આઇ–૨૦ ગાડીમાંથી નારકોટિક મુદ્દામાલ કેનાબીસ છોડના વાનસ્પતિક ભાગો – રોમ (ચરસ) મળી આવેલ હોવાનો પુરાવો રજૂ કરવામાં આવેલ છે, પરંતુ આરોપી તરફે સદરહું મુદ્દામાલ કેનાબીસ છોડના વાનસ્પતિક ભાગો – રોમ (ચરસ) નથી તેવો કોઈ બચાવ પક્ષનો આક્ષેપ કરવામાં આવેલ નથી.

૩૬. આમ, ઉપરોકત પડેલ પુરાવાનું મૂલ્યાંકન કરતાં, હાલના કામમાં અત્રેની કોર્ટ આરોપીપક્ષની દલીલો સાથે સહમત થતી નથી. હાલના કામમાં જે મેન્ડેટરી જોગવાઈ છે તેનું સંપૂર્ણ પાલન થયેલ છે. વધુમાં, ઉપરોકત ચુકાદાઓમાં પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંતો મુજબ માયનોર

કોન્ટ્રાડીકશન છે તે કેસ ફેટલ ન હોય તો આરોપીને મદદરૂપ બનતા નથી. વધુમાં, હાલના કામમાં સમગ્ર પુરાવાનું વિશ્લેષણ કરતાં નિ:શંક પણે આરોપીની અમીરગઢ બોર્ડર પોલીસ ચેકપોસ્ટ પાસે તેમની હાજરી સાબિત થાય છે અને તેઓના કબજા ભોગવટા વાળા વાહન માંથી માદક પદાર્થ ચરસનો જથ્થો મળી આવેલ છે તે પણ સાબિત થાય છે. હાલના કામમાં બચાવપક્ષના કેસ મુજબ કેસ ખોટો છે કે ઉભો કરેલ છે તેવી પ્રોબેબીલીટી બચાવપક્ષ સાબિત કરી શકેલ નથી. વધુમાં, આરોપી રાંઘણી, પો. હરીપુર, તા.જિલ્લો. કુલ્લુ (હિમાચાલ પ્રદેશ) તરફના વતની હોઈ સ્થાનિક પોલીસને તેમની સાથે શું વેરવૃત્તી છે કે શું દુશ્મનાવટ છે કે તેઓની સામે ખોટો કેસ ઉભો કરી તેઓની સંડોવણી કરે તેવો કોઈ પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી. વધુમાં આરોપી પાસેથી મળી આવેલ અલગ અલગ આઈ.ડી. પ્રુફ મળી આવેલ છે જેમાં આધારકાર્ડ, પાનકાર્ડ, જુદી જુદી બેંકોના એ.ટી. એમ. કાર્ડ તેમજ મોબાઈલ ફોનો મળી આવેલ છે જે તમામ મળી આવેલ દસ્તાવેજોમાં પણ આરોપીનું નામ દર્શાવેલ છે. જેથી હાલના કામમાં ફરીયાદપક્ષે પોતાનો કેસ નિ:શંક પણે સાબિત કરેલ છે તેવું જણાય આવે છે.

વધુમાં, અત્રે એ નોંધનીય છે કે, ગુજરાત સરકાર અને ભારત સરકાર એન.ડી.પી.એસ. ના કેસો માટે મોટા બજેટો ફાળવે છે અને સ્પેશ્યલ યુનીટો ઉભા કરે છે અને કોઈપણ રીતે સમાજમાંથી નાર્કોટિક્સ ના ગુના કંન્ટ્રોલમાં આવે તે માટે સતત પ્રયત્નશીલ રહે છે. અત્રે એ પણ નોંધનીય છે કે, હાલના સમાજમાં, ખાસ કરીને મોટા મોટા ડ્રગ્સ ડીલરો અને ડ્રગ્સ માફીયાઓ યંગ જનરેશનને અને વ્યકિતઓને ડ્રગ પેડરલ મેળવી ઉપયોગ કરે છે. હાલના કામમાં પણ તેજ રીતે ઉપયોગ થયેલ હોવાનું ચોકકસપણે જણાય છે.

૩૭. આમ, હાથ પરના કેસની હકીકતો અને હાલના કેસનું રેકર્ડ જોતાં

તેમજ ઉપરોકત પુરાવાનું મૂલ્યાંકન કરતાં, આંક. ૧૧૧ થી ડી.એફ.એસ.એલ. ગાંધીનગરનો મુદ્દામાલ પરીક્ષણ અહેવાલ ધ્યાને લેતાં, કબજે લેવામાં આવેલ મુદ્દામાલના સેમ્પલ વાળો પદાર્થ કેનાબીસ છોડના વાનસ્પતિક ભાગો રોમ (ચરસ) હોવાનો અભિપ્રાય આપવામાં આવેલ છે. વધુમાં, મુદ્દામાલ સાથે ચેડાં થયેલ હોય તેવો કોઈ પુરાવો રેકર્ડ પર રજૂ નથી અને એન. ડી. પી. એસ. એકટની કલમ–૩૫ તથા ૫૪ ના અનુમાનનું ખંડન બચાવપક્ષ તરફે કરવામાં આવેલ નથી. ફરીયાદપક્ષ એ હકીકત નિ:શંકપણે પુરવાર કરેલ છે કે, તા.૨૦/૧/૨૦૨૨ના રોજ અમીરગઢ પો.સ્ટાફના માણસો અમીરગઢ બોર્ડર પોલીસ ચેકપોસ્ટ ઉપર વાહન ચેકીંગમાં હતાં તે દરમ્યાન આરોપી કિરણકુમાર અમરચંદ નેગી (રાજપુત) પોતાના કબજા ભોગવટાની સફેદ કલરની હયુન્ડાઈ કંપનીની આઇ–૨૦ ગાડી નંબર એચપી. ૩૪. ડી. ૧૫૩૯ માં ગેરકાયદેસર અને બિનઅધિકૃત માદક પદાર્થ ચરસના જથ્થો જેનું કુલ વજન–૧૪.૬૪૩ કિ.ગ્રામ, કિંમત રૂા.૧,૪૬,૪૩,૦૦૦/–નો રાખી વાહન ચેકીંગ દરમ્યાન પકડાઈ જઈ માદક પદાર્થ ચરસનો જથ્થો અન્ય ભાગતા ફરતા સહ આરોપીને આપવા સારૂ પોતાના કબજામાં રાખી ગોવા તથા મુંબઈ પહોંચી મોબાઈલ ફોનથી સંપર્ક કરી, આ પકડાયેલ ચરસનો જથ્થો પહોંચાડવાનો હતો અને ચરસનો જથ્થો પહોંચાડવા પેટે એક કિલો ચરસ દીઠ રૂા. ૪૦,૦૦૦/– નકકી કરેલ હતા અને જે રૂપિયા ગોવા તથા મુંબઈ મુકામેથી અન્ય નાસતા ફરતા સહ આરોપીઓ પાસેથી લેવાના હતા અને સદરહું આરોપી કિરણકુમાર અને અન્ય નાસતાફરતા આરોપીઓ એકબીજા સાથે સંપર્કમાં રહી હેરાફેરી દરમ્યાન પણ મોબાઈલથી સંપર્કમાં રહી આંતરરાજય હેરાફેરી કરી ગુનો કરવામાં એકબીજાને મદદગારી કરી, પોલીસ નાકાબંધી દરમ્યાન મળી આવી, પકડાઈ જઈ ધી એન. ડી. પી. એસ એકટની કલમ–૮(સી), ૨૦(બી) (ii) (સી) તથા ૨૯ મુજબનો ગુનો આ અદાલતની

હકુમતમાં કરેલ છે, જેથી મુદ્દા નં. ૨ નો નિર્ણય ''હકાર'' માં આપું છું.

**મુદ્દા નંબર ૩ :–**

૩૮. ઉપરોકત મુદ્દા નં. ૧ અને ૨ માં ઠરાવ્યા અનુસાર ફરીયાદપક્ષ આરોપી સામે આંક. ૧૧ ના તહોમતનામાં અનુસાર નાર્કોટિકસ ડ્રગ્સ એન્ડ સાયકોટ્રોપિક સબસ્ટન્સ એકટની કલમ–૮(સી),૨૦ (બી),(II), (સી) અને ૨૯ મુજબના શિક્ષાપાત્ર ગુના પુરવાર કરવામાં સફળ રહેલ હોય, આરોપીઓને નારકોટિક ડ્રગ્સ એન્ડ સાઈકોટ્રોપિક સબસ્ટન્સ એકટની કલમ –૮(સી),૨૦ (બી),(II),(સી) અને ૨૯ મુજબના શિક્ષાપાત્ર ગુના અંગે કિ.પ્રો.કોડની કલમ – ૨૩૫(૨) અન્વયે તકસીરવાર કરાવવામાં આવે છે. આ કામે આરોપીને સજા કરતાં પહેલાં, ફરિયાદપક્ષ તથા બચાવપક્ષને સાંભળવા જરૂરી હોય તેમજ આરોપીને સજા અંગે સાંભળવા જરૂરી હોય, આરોપીને સજા અંગે સાંભળવા માટે ચુકાદો મુલત્વી રાખવા હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી, જાહેર કર્યો.

સ્થળ : પાલનપુર.
તારીખ ૦૭– ૦૪–૨૦૨૬

**(પીયૂષકુમાર અશોકભાઇ પટેલ )**
ત્રીજા એડિશન સેશન્સ જજ,
બનાસકાંઠા–પાલનપુર
કોડ નં.જી.જે.૦૦૮૦૩

**સજા અંગે સાંભળ્યા :–**

૩૯. પી. પી. શ્રી આર. પી. વૈષ્ણવ તેમની રજૂઆતમાં જણાવે છે કે, આ કામના અરજદાર હિમાચલ પ્રદેશના વતની છે. તેમણે મોટી માત્રામાં એટલે કે, કોમર્શીયલ કવોન્ટીટીમાં ૧૪. ૬૪૩ કિ.ગ્રા. જેટલો ચરસનો જથ્થો પોતાની ગાડીમાં રાખી પોતાના સભાન કબજામાંથી પકડાઇ ગયેલ છે. આ કામે આટલો મોટો જથ્થો તેઓ મુંબઇ, ગોવા વિગેરે જેવી જગ્યાએ પહોંચાડવાના હતા. માદક પદાર્થથી ઘણા લોકોની જિંદગી બરબાદ થાય છે. યુવાધન પણ તેનાથી બરબાદ થાય છે અને છેવટે દેશને પણ આર્થીક નુકસાન પહોંચે છે. તેના માટે ખાસ કાયદાની જોગવાઇ કરવામાં આવેલી છે અને સજા અંગે પણ વધુ સજાની જોગવાઇ કરવામાં આવેલી છે. તેઓ વધુમાં રજૂઆત કરતાં જણાવે છે કે, તેની પાસેથી વિવિધ બેંકોના એટીએમ કાર્ડ મળી આવેલા છે તે કોઇ ગરીબ વ્યકિત નથી. તેની પાસેથી વધારે મોબાઇલ પણ મળી આવેલા છે. આમ આરોપી કિરણકુમાર અમરચંદ નેગી (રાજપૂત) કોમર્શીયલ કવોન્ટીટીમાં ચરસ પોતાના સભાન કબજામાં રાખી પકડાઇ ગયેલ હોવાથી તેને કાયદામાં દર્શાવેલ કરેલ પૂરેપુરી એટલે કે, ૨૦–વર્ષ સુધીની સજા અને રૂપિયા બે લાખનો દંડ કરવા માટે તેમણે રજૂઆત કરેલ છે.

૪૦. આરોપી હાજર છે. આરોપીને સાંભળ્યા તથા આરોપી તરફે (લીગલ એઇડ કાઉન્સેલ) વિ. વ.શ્રી પી. કે. પઢિયારને સાંભળ્યા. આરોપી તેની રજૂઆતમાં જણાવે છે કે, તે ગરીબ છે. તે સતત જયુડી. કસ્ટડીમાં રહેલ છે. તેની પાસે નાણાંકીય સધ્ધરતા ન હોવાથી તેણે કાનુની સહાય પણ મેળવેલ છે. તેનો કોઇ ગુનાહિત ઈતિહાસ નથી. આરોપી તરફે (લીગલ એઇડ કાઉન્સેલ) વિ. વ.શ્રી પી. કે. પઢિયાર જણાવે છે કે, આરોપી ગરીબ છે. પી. પી. શ્રીએ આરોપી પાસેથી

વિવિધ બેંકોના એડીએમ કાર્ડ મળી આવેલાનું જણાવેલ છે પરંતુ તે બેંકોમાં કોઇ બેંક બેલેન્સ તેના ખાતામાં છે કે નહીં તે બાબતનો પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી. તે જો ધનવાન જ હોત તો તેણે સ્વખર્ચે સારામાં સારો વકીલ કરી પોતાનો કેસ લડેલ હોત. તેનો કોઇ ગુનાહિત ઇતિહાસ નથી. આ કામે અન્ય ગુનેગાર પકડાયેલ ન હોવાથી સાચી હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી. તેમણે તેને ઓછામાં ઓછી સજા કરવા તથા ઓછામાં ઓછો દંડ કરવા માટે રજૂઆત કરેલ છે.

૪૧. બંનેની રજૂઆતો ધ્યાને લીધી. કાયદાકીય જોગવાઇઓ ધ્યાને લીધી. આ કામે કાયદાકીય જોગવાઇઓ ધ્યાનમાં લેતાં, એન. ડી. પી. એસ. એકટની કલમ ૨૦(બી)(૨)(સી) મુજબ ઓછામાં ઓછી ૧૦ વર્ષ તથા ૨૦ વર્ષ સુધીની તેમજ ઓછામાં ઓછો રૂપિયા એક લાખનો દંડ તથા રૂપિયા બે લાખના દંડ સુધીની જોગવાઇ છે. આરોપી ગરીબ છે તે સમગ્ર ટ્રાયલ દરમ્યાન જયુડી. કસ્ટડીમાં રહેલ છે. તેણે પોતાના બચાવ અર્થે જિલ્લા કાનુની સેવા સત્તા મંડળમાંથી સહાય મેળવેલ છે. તેની પાસેથી અલબત્ત એટીએમ કાર્ડ મળી આવેલ છે પરંતુ તેના બેંક ખાતાની કોઇ વિગતો રજૂ થયેલ ન હોવાથી તે બેંક ખાતામાં શું બેલેન્સ છે તે અંગેની કોઇ માહિતી રેકર્ડ ઉપર નથી. તેનો કોર્ટ સમક્ષ ટ્રાયલ દરમ્યાનનો વ્યવહાર પણ ધ્યાને લેતાં તે ગરીબ હોવાનું જણાઇ આવે છે. આમ તેને કાયદામાં દર્શાવેલ પૂરેપુરી સજા નહીં પરંતુ એન. ડી. પી. એસ. એકટની કલમ ૨૦(બી)(૨)(સી) સાથે વાંચતા કલમ ૮(સી) મુજબના ગુના સબબ ૧૦-વર્ષની સખત કેદની સજા તથા રૂા.૧,૦૦,૦૦૦/-(અંકે રૂપિયા એક લાખ પુરા)નો દંડ ફરમાવવો યોગ્ય જણાતું હોય નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**– :: હુકમ : : –**

(૧) આ કામના આરોપી કિરણકુમાર અમરચંદ નેગી (રાજપૂત) રહે. રાંઘડી, પોસ્ટ– હરીપુર, તા.જિલ્લો. કુલ્લુ (હિમાચાલ પ્રદેશ) નાઓને ક્રિ. પ્રો. કોડની કલમ ૨૩૫ (૨) અન્વયે ધી એન. ડી. પી. એસ. એકટની કલમ– ૨૦ (બી) (૨) (સી) સાથે વાંચતા કલમ ૮ (સી) મુજબના શિક્ષાપાત્ર ગુના સબબ ૧૦ (દસ) વર્ષની સખત કેદની સજા ભોગવવાનો તથા આરોપીને રૂા. ૧,૦૦,૦૦૦/– (અંકે રૂપિયા એક લાખ પુરા) પુરાનો દંડનો હુકમ કરવામાં આવે છે.

(૨) આરોપી જો દંડની રકમ ભરવામાં નિષ્ફળ જાય તો તેણે વધુ એક વર્ષની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૪૨૮ મુજબ આરોપીએ કાચા કામના કેદી તરીકે ભોગવેલ સજા મજરે આપવાનો આથી હુકમ કરવામાં આવે છે.

(૪) આ કામે જે મુદ્દામાલ છે તે મુદ્દામાલ પૈકી મુખ્ય મુદ્દામાલ એન. ડી. પી. એસ. એકટની કલમ ૫૨(૨) મુજબ નાશ કરેલ હોવાથી તે અંગે કોઇ હુકમ કરવામાં આવતો નથી. જયારે મુદ્દામાલ તરીકે જે સેમ્પલો લીધેલા છે તે સેમ્પલો ચાર્જશીટ ધ્યાનમાં લેતાં બાકીના ત્રણ– આરોપીઓ પકડાયેલ ન હોવાથી તેઓ જયારે પકડાય ત્યારે તે મુદ્દામાલની જરૂર પડે તેમ હોવાથી તે મુદ્દામાલ લગત કોઇ હુકમ કરવામાં આવતો નથી.

(૫) આ કામે જે ભારતીય ચલણી નોટો રૂા. ૨૩,૪૦૦/–(અંકે રૂપિયા ત્રેવીસ હજાર ચારસો પુરા) હાલના આરોપી પાસેથી મળી આવેલ છે તે શ્રી સરકાર ખાતે જમા લઇ આરોપી અંડર ટ્રાયલ હોવાથી તેને કરેલ

દંડની રકમ પેટે જમા ગણવી.

(૬) મુદામાલ મોબાઈલો તથા અન્ય મુદામાલ વિશે ઉપર જણાવ્યું તેમ અન્ય નહીં પકડાયેલ આરોપીઓ વિરૂધ્ધનો કેસ બાકી હોવાથી તે અંગે હાલ કોઇ હુકમ કરવામાં આવતો નથી.

(૭) આ કામે આરોપીની હયુન્ડાઇ કંપનીની આઇ–૨૦ ગાડી નંબર એચપી. ૩૪. ડી. ૧૫૩૯ કે જેનો એન્જીન નંબર જી ૪ એલએઇએમ ૩૭૪૯૭૧ તથા ચેસીસ નંબર એમએએલબીએમ ૫૧ બીએલઇએમ૦ ૧૦૪૪૨ ની છે તે એન. ડી. પી. એસ. એકટની કલમ ૫૨ (એ) તથા તે અંતર્ગત જે નિયમો ઘડવામાં આવેલા છે તે નિયમોનુસાર પોલીસે કોન્ફીસકેટ કરી, તેની હરાજી કરી તે નાણાં શ્રી સરકારમાં ખાલસા કરવા અને તે અંગેનો અદાલતને રિપોર્ટ કરવો.

(૮) સદરહું મુદામાલ અંગેના હુકમનો અમલ અપીલ પીરીયડ બાદ અપીલ થયેલ છે કે નહીં તેનો અહેવાલ મેળવી અમલ કરવો.

(૯) ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૬૩ મુજબ આરોપીને આ ચૂકાદાની એક નકલ વિના મુલ્યે પૂરી પાડવી.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી, જાહેર કર્યો.

સ્થળ : પાલનપુર.
તારીખ ૦૮/૦૪/૨૦૨૬

**(પીયૂષકુમાર અશોકભાઇ પટેલ )**
ત્રીજા એડિશન સેશન્સ જજ,
બનાસકાંઠા–પાલનપુર
કોડ નં.જી.જે.૦૦૮૦૩